ચક્રવાત
COMMING SOON
ગુજરાતનાં સીમાડા વટાવી ચક્રવાત હવે મહારાષ્ટ્ર માં..
ટૂંક સમયમાં
" ચક્રવાત " મુંબઈ આવૃત્તિનો ભવ્ય શુભારંભ..

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

નોકરી શોધતા લોકો માટે
ખુશખબર
ચક્રવાત દૈનિક સમાચારપત્રમાં દર બુધવારે તથા દર શનિવારે નોકરીની અપડેટ વાંચતા રહો
નોકરીની એડ આપવા માટે સંપર્ક : મો.૯૧૦૬૬૧૭૮૬૭

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

## જગત જમાદારનું જંગલરાજ

## અઢી સૈકાની પ્રથમ શરમજનક ઘટના

# લોકશાહીનું વસ્ત્રાહરણ



# નલિયા, ગિરનાર, કેશોદ, અમરેલી રાજકોટ અને પોરબંદરમાં ઠંડી યથાવત

**પવન ગતિમાં ક્રમશ થઈ રહેલ વધારો હવામાં રાત્રીના સમયે ભેજનું પ્રમાણ વધતા ધુમ્મસ વચ્ચે ઠારનો પ્રારંભ**



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૭

રાજ્યમાં છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહલ ઠંડીનાં તિવ્ર મોજાની અસર ગઈકાલથી ધીમે ધીમે રાજ્યનાં મોટાભાગના શહેરોમાં હળવી થઈ રહ્યાની વિગતો સાંપડેલ છે. ઠંડીમાં નજીવો ઘટાડો નોંધાવા સાથે રાજ્યમાં ફૂકાતા મંદ પવનની ગતિમાં ક્રમશ હળવો વધારો થઈ રહેલ છે, પવનની ગતિ વધવા સાથે હવામાં ભેજનું પ્રમાણ પણ રાત્રીનાં સમયે વધતા રાત્રીનાં તેમજ વહેલી સવારે રાજ્યનાં અનેક શહેરો-તાલુકામાં ઠારનું પ્રમાણ વધી રહ્યું છે. કાતિલ ઠંડી-ઠારનાં કારણે રાજ્યમાં ઠીંગરાય જવાથી મોત પામનાર વ્યક્તિઓની સંખ્યા ૧૧ થી ઉપર પહોંચી છે. રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલિયા ખાતે ૫.૨, ગિરનાર પર્વત ૬.૧ તથા કેશોદ ૮.૨ ડીગ્રી નોંધવા પામેલ હતી. અસહ્ય ઠંડીના ૧૨ દિવસો બાદ રાજ્યના અને શહેરોમાં નીચા તાપમાનનો આંક ધીમે ધીમે ઉંચકાય રહ્યો છે. આજે નલિયા, ગિરનાર પર્વત અને કેશોદ ઉપરાંત અમરેલી ૮.૪, રાજકોટ ૯.૪, પોરબંદર ૧૦.૪, સુરેન્દ્રનગર ૧૦.૫, કંડલા એરપોર્ટ ૧૦.૬, ભૂજ ૧૧, જૂનાગઢ ૧૧.૧, ગાંધીનગર ૧૨, ડીસા ૧૨.૪, વલસાડ ૧૨.૫, કંડલા પોર્ટ ૧૨.૭, ભાવનગર ૧૩.૪, અમદાવાદ ૧૩.૫, વેરાવળ ૧૩.૬, વડોદરા ૧૩.૮, દ્વારકા ૧૪, વિદ્યાનગર ૧૪.૪ અને દિવ ૧૪.૪ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું. રાજ્યમાં પવનની ગતિ તેમજ હવામાં ભેજનું પ્રમાણ વધતા રાત્રીના અનેક શહેરોમાં ધુમ્મસભર્યુ વાતાવરણ છવાયેલ સવાર સુધી જોવા મળી રહ્યું છે. રાજ્યનાં અનેક શહેરો-તાલુકામાં નીચા તાપમાનનો પારો ધીમે ધીમે ઉચકાતા છેલ્લા બારેક દિવસથી કડકડતી ઠંડીનો સામનો અનુભવ કરતાં લોકોને કાતિલ ઠંડીમાંથી નજીવી રાહત મળવાનો પ્રારંભ થયેલ છે. છતાં પવનની ગતિ અને હવામાં ભેજ વધતાં રાત્રીના ઠારનું પ્રમાણ જોવા મળી રહ્યું છે.

# દીવના દરિયામાં ડોલ્ફીનની ડ્રાઈવ : ડોલ્ફીનના ઝુંડે પ્રવાસીઓમાં જમાવ્યું આકર્ષણનું કેન્દ્ર



ચક્રવાત ટીમ, દીવ, તા.૦૭

કેન્દ્ર શાસિત પ્રદેશ અને પ્રવાસન સ્થળ દીવમાં આવેલો ઘોઘલા બીચ, જલંધર બીચ, કિલ્લો. પાણી કોઠા અને મ્યુઝીયમ સહિતના સ્થળો ટુરીસ્ટના આકર્ષણનું કેન્દ્ર બન્યાજ છે. પરંતુ હાલ પ્રવાસીઓને આકર્ષી રહી છે ડોલ્ફીન, દીવના દરિયામાં ડોલ્ફીનનું ઝુંડને જોઈ સહેલાણીઓ રોમાંચિત બની રહયા છે. જો કે ડોલ્ફીન શિયાળામાં જ વધુ પ્રમાણ મા જોવા મળતી હોવાના કારણે શિયાળાના ચાર મહિના પ્રવાસીઓ બોટ મારફતે દીવના દરિયામાં ડોલ્ફીન જોવા જતા હોય છે. પ્રવાસીઓ આશા રાખી રહ્યા છે કે દીવનો શાંત અને રમણીય બીચ પર આવનારા સમયમાં વધારે ડોલફિનના જુન્ડ દીવના મહેમાન બનશે. સામાન્ય ગુજરાત ના દરિયા કિનારા પર ડોલ્ફીન જવલ્લે જ જોવા મળે છે. ત્યારે દીવનો શાંત સમુદ્ર ડોલ્ફીનને પોતાના તરફ આકર્ષી રહ્યો છે. અને ડોલ્ફીન પ્રવાસીઓને આકર્ષી રહી છે.પ્રદીપભાઈ પટેલ (ટુરિસ્ટ)એ જણાવેલ હતુ કે દીવનો ઘોઘલા બીચથી કિલ્લો અને નાગવા બીચના નજીકના દરિયામાં ડોલ્ફીનનું ઝુંડ હાલ લોકોમાં આકર્ષણ નું કેન્દ્ર બન્યા છે. જોકે ડોલ્ફીન ને જોવા માટે વહેલી સવારે ઉઠવું પડે છે. ખાસ તો છેલ્લા ઘણા વર્ષોથી શિયાળામાં આ ડોલ્ફીન દિવના દરિયામાં મહેમાન બને છે અને એટલે કડકડતી ઠંડીના ઠંડા વાતાવરણમાં આ ડોલ્ફીન દિવના બીચના કિનારા નજીક પહોંચી જાય છે. જોકે કિનારા વગર દરિયામાં પણ જોઈ શકાય છે તેના માટે સવારે ૬ થી ૧૦ સુધી વધારે પ્રમાણમાં ડોલ્ફીન જોવા મળે છે. કારણ કે આ સમયે સમુદ્ર શાંત હોવાને લઈ ડોલ્ફીન બીચ નજીકના વિસ્તારમા જોવા મળી રહી છે. ચંદ્રેશભાઈ સોલંકી (ઈન્ચાર્જ મેનેજર ઘોઘલા બીચ)એ જણાવેલ કે સહેલાણીઓ માટે ઘોઘલા બીચથી સ્પેશિયલ ડોલ્ફીન જોવા માટે બોટ પણ ચલાવાય રહી છે. દીવના દરિયામાં ૩૦ થી ૬૦ જેટલી ડોલ્ફીન જોવા મળી રહી છે. જો કે આગામી દિવસો મા વધારે પ્રમાણમા ડોલ્ફીન દીવની મહેમાન બનશે તેવું સ્થાનિકોનું માનવુ છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ ચાર વર્ષ થી દીવના સમુદ્રમાં ડોલ્ફીન જોવા મળી રહી છે.

# ઊના BSNL કચેરીનું વિજ કનેક્શન કપાતા ગ્રાહકોમાં રોષ

**માર્ચ માસથી ૩.૪ લાખ બીલની રકમ બાકી હોય નોટીસ અપાયા બાદ પણ ન ભરતા પી.જી.વી.સી.એલ.ના આકરા પગલા**

ચક્રવાત ટીમ, ઉના તા.૦૭

ઊના શહેરમાં આવેલ ટેલીફોન પ્રસારણની BSNL ની મુખ્ય કચેરીનું વિજળી બીલ ૧૦ માસ થી બાકી ચડેલ હોય બીલની રકમ ભરવા માટે ઊના પી.જી.વી. સી.એલ. કચેરી દ્વારા વારંવાર નોટીસ આપવા છતાં મુખ્ય અધિકારી દ્વારા કોઈ પ્રકારની કાર્યવાહી નહી કરતા સાંજના સમયે પીજીવીસીએલની ટીમ વિજળી કનેક્શન કાપવા પહોચતા ૩.૪ લાખની બાકી રકમ તાત્કાલીક ભરવા જાણ કરતા તે રકમ નહીં ભરતા વિજળી કનેક્શન કાપી નાખતા ટેલીફોનના ડબલા બંધ થયા હતા.

પીજીવીસીએલના શહેરી વિસ્તારની કચેરીના અધિકારી બારડએ જણાવેલ કે લોકડાઉન વખતથી કચેરી અને ક્વોર્ટરના વિજળી બીલ બાકી હોય અને નોટીસ આપવા છતાં ભરેલ નહી જેથી વિજળી કનેક્શન કાપતા હવે આવતી કાલે આ બાકી રકમ ભરાશે પછી કનેક્શન શરૂ કરવામાં આવશે.




જોઈએ છે

ઓફીસનું પરચુરણ કામ કરી શકે
તેવા છોકરા-છોકરીઓ

સાગરભાઈ : મો. ૯૧૦૬૬૧૭૮૬૭








સત્ય માટે સત્ય સાથે સતત..

ચક્રવાત

ન્યુઝ પેપર & ચેનલ

સત્ય માટે સત્ય સાથે સતત

સામાન્ય જનતાનું પોતીકું અખબાર

નેતાઓના મનની નહિ, મારી તમારી આપણી વાત એટલે આપણું "ચક્રવાત"

વાર્ષિક લવાજમ

Rs ૧૨૦૦/-

તા. ૧ જાન્યુઆરીથી

૩૧ ડિસેમ્બર




આપનો અમૂલ્ય સહયોગ ચોથી જાગીરના પડકારને જીવંત રાખશે

ચક્રવાત ભવન, શાળા નં. ૬૯ સામે, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક, મવડી રોડ, રાજકોટ

Contact Number - 9106617867

FRIDAY
૦૮-૦૧-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, માગશર વદ ૧૦
અંક : ૮૧
કુલ પાના : ૨ + ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

નોકરી શોધતા લોકો માટે
ખુશખબર
ચક્રવાત દૈનિક સમાચારપત્રમાં દર બુધવારે તથા દર શનિવારે નોકરીની અપડેટ વાંચતા રહો
નોકરીની એડ આપવા માટે સંપર્ક : મો.૯૧૦૬૬૧૭૮૬૭

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડિટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### ૨૦ જાન્યુઆરીએ કાયદા મુજબ જો બાઈડનને પાવર ટ્રાંસફર કરીશ : ટ્રમ્પ

# સરમુખત્યાર ટ્રમ્પના હવાતીયા : વોશિંગ્ટન બાનમાં

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૭

અમેરિકાના વોશિંગ્ટનમાં ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોએ હંગામો કર્યો છે. સંસદ પરિસરમાં કરવામાં આવેલી બબાલમાં અત્યારસુધીમાં એક મહિલા સહિત ચાર લોકોનાં મોત થયાંના સમાચાર છે.

આ ઈતિહાસમાં પહેલીવાર બન્યું છે કે દુનિયાના સૌથી જુના લોકતંત્ર એટલે કે અમેરિકા સંસદભવનમાં આ પ્રકારનો હોબાળો થયો છે જે હિંસા સુધી પહોંચી ગયો. આ ટ્રમ્પ સમર્થકોના બળવા વચ્ચે અમેરિકન કોંગ્રેસે ડેમોક્રેટ ઉમેદવાર જો બાઈડનની જીત પર બંધારણીય મહોર મારી દીધી છે. કોંગ્રેસે ઈલેક્ટોરલ કોલેજ કાઉન્ટિંગમાં બાઈડનને વિજેતા જાહેર કર્યા છે. બાઈડન ઉપરાંત કમલા હેરિસને પણ ઉપ રાષ્ટ્રપ્રમુખ પદ માટે વિજેતા જાહેર કરવામાં આવી છે. આ પહેલા સેનેટ અને કોંગ્રેસે જ્યોર્જિયા, પેન્સિલ્વેનિયા, નેવાડા અને એરિઝોનાથી જોડાયેલા રિપબ્લિકન નેતાઓના કાઉન્ટિંગ રોકવા સંબંધિત પ્રસ્તાવોને વારા ફરથી ફગાવી દીધા હતા. આ પહેલા ટ્રમ્પના સમર્થકોએ કેપિટલ હિલ બિલ્ડિંગમાં ઘૂસીને કાઉન્ટિંગની પ્રક્રિયાને રોકવા માટે હિંસા કરી હતી જેમાં અત્યાર સુધીમાં ૪ લોકોનાં મોત થયા છે. બાઈડનને વિજેતા જાહેર કરી ઉપ રાષ્ટ્રપ્રમુખ પેન્સે કહ્યું કે હવે સૌએ પોતાના કામ પર પરત લાગી જવું જોઈએ.

**હિંસાને પગલે વોશિંગટનમાં ૧૫ દિવસની કટોકટી જાહેર**

હિંસાને જોતાં વોશિંગ્ટનના મેયરે ૧૫ દિવસની ઈમર્જન્સીની જાહેરાત કરી છે. અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણી પછી જે વાતનો ડર હતો એ જ બન્યું. બુધવારે અહીં સંસદનાં બંને ગૃહો જો બાઈડનની જીત પર મહોર લગાવવા કાર્યરત થયાં. કાઉન્ટિંગ દરમિયાન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સેંકડો સમર્થકો સંસદના બિલ્ડિંગ (કેપિટલ હિલ)માં ઘૂસી ગયા હતા. આ દરમિયાન ગોળીબાર પણ થયો અને એમાં એક મહિલા સહિત ચાર લોકોના મોત થયા છે. થોડા કલાક પછી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવનાં સ્પીકર નેન્સી પેલોસીએ કહ્યું-અમે ડર્યા વિના પોતાનું કામ ચાલુ રાખીશું. જોકે એ સ્પષ્ટ નથી કે હવે બાઈડનની જીતની ઔપચારિક ઘોષણા ક્યારે કરવામાં આવશે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું



કે વોશિંગ્ટન ડીસીમાં હોબાળાના સમાચારથી હેરાન છું, સત્તાનું હસ્તાંતરણ શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત રીતે થવું જોઈએ. લોકતાંત્રિક પ્રક્રિયાને ગેરકાયદે હિંસક દેખાવોથી પ્રભાવિત ન કરી શકાય. ૩ નવેમ્બરે રાષ્ટ્રપ્રમુખ ચૂંટણી થઈ. બાઈડનને ૩૦૬ અને ટ્રમ્પને ૨૩૨ વોટ મળ્યા. બધું સ્પષ્ટ થયા પછી પણ ટ્રમ્પે હાર ન કબૂલી. તેમનો આરોપ છે કે વોટિંગ દરમિયાન અને પછી કાઉન્ટિંગમાં મોટે પાયે ગરબડ થઈ છે. અનેક રાજ્યોમાં કેસ નોંધાવ્યા. મોટા ભાગના કિસ્સામાં ટ્રમ્પના સમર્થકોની અપીલ નકારાઈ છે.

બુધવારે ઈલેક્ટોરલ કોલેજના વોટોની ગણતરી અને બાઈડનની જીત પર મહોર લગાવવા માટે સંસદનાં બંને ગૃહો, એટલે કે સેનેટ અને એચઓઆરની બેઠક શરૂ થઈ. આ દરમિયાન જ ટ્રમ્પ અને રિપબ્લિકન પાર્ટીના સેંકડો સમર્થકો સંસદની બહાર એકત્ર થયા. નેશનલ ગાર્ડ્સ અને પોલીસ તેમને સમજાવે એ પહેલાં જ કેટલાક લોકો અંદર ઘૂસી ગયા હતા. મોટે પાયે તોડફોડ કરવામાં આવી હતી. હિંસા થઈ. આ દરમિયાન ગોળીબાર પણ થયો. કોણે કર્યો, કેમ કર્યો? એ સ્પષ્ટ નથી, પણ એક મહિલાનું મોત થઈ ગયું. અમેરિકન સંસદમાં જ્યારે ટ્રમ્પના સમર્થકોએ તોફાન મચાવ્યું અને તોડફોડ શરૂ કરી તો પોલીસે મોરચો સંભાળ્યો. હંગામો કરનારાઓને હટાવવા માટે સંસદમાં પોલીસકર્મી રિવોલ્વર તાકતા નજરે પડ્યા. આ દરમિયાન સાંસદ સ્તબ્ધ હતા. તેમને ગેલેરી દ્વારા સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા. બંને ગૃહોમાં હંગામો કરનારાઓને કાઢી મુકાયા છે. હંગામા દરમિયાન સાંસદોને સુરક્ષિત સ્થળે પહોંચાડી દેવાયા હતા. તેઓ ફરી ગૃહમાં પહોંચ્યા. સંસદની કાર્યવાહી ફરી શરૂ થઈ. પ્રેસિડેન્ટ ઈલેક્ટની જીત પર મહોર લગાવવા માટે કોંગ્રેસ એટલે કે અમેરિકન સંસદનું સંયુક્ત સત્ર બોલાવવામાં આવે છે. તેની અધ્યક્ષતા ઉપરાષ્ટ્રપતિ કરે છે. આ વખતે આ ખુરશી પર માઈક પેન્સ હતા. પેન્સ રિપબ્લિકન પાર્ટીના છે. ટ્રમ્પ પછી તેમનો જ નંબર આવે છે. તેઓ ટ્રમ્પના સમર્થકોની હરકતથી ગુસ્સામાં દેખાયા. તેમણે કહ્યું- આ અમેરિકન ઈતિહાસનો સૌથી કાળો દિવસ છે. હિંસાથી લોકતંત્રને દબાવી કે હરાવી શકાય નહીં.

**ઉપરાષ્ટ્રપ્રમુખે ગઈ કાલના દિવસને અમેરિકાના ઈતિહાસનો કાળો દિવસ ગણાવ્યો**

આ અમેરિકાની જનતાના વિશ્વાસનું કેન્દ્ર હતું, છે અને હંમેશાં રહેશે. એક ફોટો દ્વારા જણાવ્યું છે કે જ્યારે ટ્રમ્પના સમર્થક સંસદમાં હિંસા આચરી રહ્યા હતા ત્યારે કેટલાક પોલીસ અધિકારીઓએ તોફાનીઓ સામે રિવોલ્વર તાકી હતી. એક મહિલાનું મોત થયું. જોકે એ સ્પષ્ટ નથી કે મહિલાનું મોત પોલીસની ગોળીથી થયું કે ફાયરિંગ ક્યાંક બીજેથી થયું હતું. અમેરિકન સંસદની એક ગેલેરીમાં તહેનાત નેશનલ ગાર્ડ્સે સાંસદોને સુરક્ષિત સ્થળે પહોંચાડ્યા. એના થોડા કલાક પછી સંસદની કાર્યવાહી ફરી શરૂ થઈ.

# બિહાર બન્યું દુષ્કર્મ નગરી : મુઝફ્ફરનગરમાં ધો.૧૦ની વિદ્યાર્થિની પર સામૂહિક દુષ્કર્મ

(જી.એન.એસ.)મુઝફ્ફરપુર,તા.૭

બિહારના મુઝફ્ફરપુરમાં ધોરણ-૧૦માં ભણતી વિદ્યાર્થિની સાથે સામૂહિક દુષ્કર્મની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સગીર વિદ્યાર્થિની સાથે પાંચ યુવકોએ વારા ફરતી દુષ્કર્મ આચર્યું. પીડિતાના જણાવ્યા મુજબ, આરોપીઓ તેને જીવથી મારી નાખવાની તૈયારીમાં હતા, પરંતુ તે જેમ-તેમ કરીને ભાગી છૂટી. આ મામલામાં જિલ્લાના મહિલા પોલીસ સ્ટેશને પ્રાથમિક ફરિયાદ નોંધી દીધી છે. સાથોસાથ બે આરોપીઓની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. પીડિતાની માતાએ જણાવ્યું કે, આ ઘટના ગત સોમવાર સાંજની છે. પરિજનો મુજબ વિદ્યાર્થિની સાંજે લગભગ ચાર વાગ્યે સાઈકલ લઈને ટ્યૂશન જઈ રહી હતી.

રસ્તામાં એક બાઈક પર સવાર બે યુવકોએ તેની સાઈકલને ટક્કર મારી ઓવરટેક કર્યું. આ દરમિયાન વિદ્યાર્થિની પડી ગઈ. ત્યારબાદ ત્યાં એક બોલેરો કાર ઊભી હતી, જેમાં ત્રણ યુવકો બેઠા હતા. ત્રણેય યુવકોએ તેને બોલરોમાં ખેંચીને ઉઠાવી ગયા અને કપડાથી તેનું મોં બંધ કરી દીધું. ત્યારબાદ તમામ આરોપીઓ તેને ઉઠાવીને નજીકના એક બંધ પેટ્રોલ પંપ પર લઈ ગયા. અહીં એક બંધ પડેલા રૂમમાં વિદ્યાર્થિનીને કેદ કરી દીધી એન પાંચેય પીડિતા ઉપર દુષ્કર્મ આચર્યું. પરિજનો મુજબ આરોપીઓ પાસે હથિયાર પણ હતા અને સગીરાને જીવથી મારી નાખવાની પણ યોજના બનાવી રહ્યા હતા.

### ખેડૂત આંદોલનનો દિવસ ૪૩ : આજે ફરી સરકાર સાથે ખેડૂતોની મંત્રણા

# સરકાર વિરૂદ્ધ અન્નદાતાનું શક્તિ પ્રદર્શન

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૭

કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલનનો આજે ૪૩મો દિવસ છે. ખેડૂત આજે દિલ્હીની ચારેય બાજુ ટ્રેક્ટર માર્ચ શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે સિંધુ બોર્ડર પર મોટી સંખ્યામાં પોલીસદળને તહેનાત કરવામાં આવ્યા છે. માર્ચ સિંધુ બોર્ડરથી ટિકરી, ટિકરીથી શાહજહાંપુર, ગાજીપુરથી પલવલ અને પલવલથી ગાજીપુર સુધી કાઢવામાં આવશે. ગાઝિયાબાદના એડીએમ શૈલેન્દ્ર કુમાર સિંહે કહ્યું કે, ખેડૂતોની માર્ચને ધ્યાનમાં રાખતા પૂરતી પોલીસ તહેનાત કરાઈ છે, વીડિયો રેકોર્ડિંગ પણ કરાઈ રહી છે. ભારતીય ખેડૂત યૂનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે, ટ્રેક્ટર રેલી ૨૬ જાન્યુઆરીની તૈયારી છે. અમારો રૂટ અહીંથી ડાસના છે, ત્યારપછી અલીગઢ રોડ પર અમે થોભશું ત્યાં લંગર થશે પછી અમે ત્યાંથી પાછા આવીશું અને નોઈડા વાળા ટ્રેક્ટર પલવલ સુધી જશું. અમે સરકારને સમજાવવા માટે જ આવું કરી રહ્યાં છીએ. દિલ્હીની અલગ અલગ બોર્ડર પરથી ખેડૂતોનો જથ્થો



કુંડલી-માનસેર-પલવલ (કેએમપી) એક્સપ્રેસ-વે માટે રવાના થઈ રહ્યો છે. ખેડૂત સંગઠન આજે ૧૧ વાગ્યાથી કેએમપી એક્સપ્રેસ વેને જામ કરશે. જેના માટે સુરક્ષાની કડક વ્યવસ્થા કરવામાં આવી છે. કેએમપી એક્સપ્રેસ વે પર પોલીસ અને અર્ધસૈનિક દળોને મોટી સંખ્યામાં તહેનાત કરવામાં આવ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે સરકાર માગ નહીં સ્વીકારે તો ૨૬ જાન્યુઆરીએ પણ ટ્રેક્ટર પરેડ યોજાશે. આજની માર્ચ એનું જ ટ્રેલર હશે. હરિયાણાનાં ખેડૂત સંગઠનોએ દરેક ગામમાંથી ૧૦ મહિલાને ૨૬ જાન્યુઆરી માટે દિલ્હી બોલાવ્યા છે. આ જ અપીલ યુપીના ખેડૂતોની છે. ગણતંત્ર દિવસ પર ટ્રેક્ટર માર્ચનું નેતૃત્વ મહિલાઓ જ કરશે. હરિયાણાની લગભગ ૨૫૦ મહિલા ટ્રેક્ટર ચલાવવાની ટ્રેનિંગ લઈ રહી છે.




# ચીની બિઝનેસમેન જેક મા ના ગુમ થવાનું ઘુંટાતુ રહસ્ય આવ્યું બહાર

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૭

ચીનના ત્રીજા ક્રમના સૌથી મોટા ધનિક અને વિશ્વમાં લાખો લોકોના આદર્શ ગણાતા અલી બાબા જૂથના સ્થાપક જેક મા પાછલા બે મહિનાથી લાપતા છે. સમગ્ર વિશ્વ સવાલ પૂછી રહ્યું છે કે જેક મા ક્યાં છે પરંતુ ચીન સરકાર ચૂપ હોવાના કારણે દુનિયાભરમાં અટકળોનું બજાર ગરમ છે.અમેરિકાના એક અખબારમાં પ્રગટ થયેલા રિપોર્ટ અનુસાર ચીનની સામ્યવાદી સરકારે જેક મા પાસેથી તેના કન્ઝ્યુમર ડેટાની માગણી કરી હતી પરંતુ તેણે ચીની સરકાર સામે ઝૂકવાનો ઈનકાર કર્યો હતો કારણ કે જેક મા પોતાના કન્ઝ્યુમર ડેટાને સંપત્તિની માફક અમૂલ્ય માને છે. અહેવાલો અનુસાર તેના બદલામાં ચીની સરકારે જ જેક માને ગાયબ કરી દીધા છે.ચીનનું સ્ટેટ મીડિયા જણાવે છે કે પાછલા મહિને એન્ટ જૂથના આઈપીઓ અગાઉ વાટાઘાટો માટે જેક માને બોલાવવામાં આવ્યા હતા અને નિયમનકાર સાથેની વાટાઘાટો ચાલી રહી છે. ચીન સરકાર લાંબા સમયથી કન્ઝ્યુમર ડેટા સરકારને સોંપી દેવા માટે જેક માને દબાણ કરી રહી હતી પરંતુ તેઓ તેનો વિરોધ કરતા હતા.

**કન્ઝ્યુમર ડેટા સરકારને આપવાની ના પાડ્યા બાદ બે માસથી લાપતા**

# ટેસ્લા સ્થાપક એલન મશ્ક બન્યા વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિ

### છેલ્લા ત્રણ વર્ષથી પ્રથમ સ્થાને ટકી રહેલા જેફ બેઝોસને બીજા સ્થાને ધકેલ્યા



ચક્રવાત ટીમ નવી દિલ્હી,,તા.૭

અમેરિકાનાં ઉદ્યોગપતિ એલન મશ્કને બ્લુમ્બર્ગ દ્વારા વિશ્વના ૫૦૦ ધનાઢ્ય વ્યક્તિઓની જાહેર કરેલ યાદીમાં પ્રથમ સ્થાને દર્શાવેલ છે. બીજા સ્થાને જેફ બેઝોસ આવેલ છે. અમેરિકન ઉદ્યોગપતિ મશ્ક ટેસ્લા સહિતની અનેક સહાયક કંપની ધરાવી રહ્યા છે. આજે અમેરિકન શેર બજારમાં ટેસ્લાના શેરની કિંમતોમાં ૪.૮ ટકાનો ધરખમ વધારો થતાં એલન મશ્કની કુલ સંપત્તિ ૧૮૮.૫ બીલીયન ડોલર સુધી પહોંચતા તેમણે જેફ બેઝોસની કુલ સંપત્તિ કરતાં ૧.૫ બીલીયન ડોલર વધુ થતાં મશ્ક વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિનું બિરૂદ મેળવેલ છે. છેલ્લા ૩ વર્ષથી પ્રથમ સ્થાન ભોગવતા અમેઝોન સહિતના અનેક ઉદ્યોગ એકમો ધરાવતા જેઠ બેઝોસને એક ક્રમ પાછળ ધકેલી મશ્કે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

# દેશમાં ડબલ ડેકર માલવાહક ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા નરેન્દ્ર મોદી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર (ડબ્લ્યુડીએફસી)ના રેવાડી-મદાર વિભાગને દેશને સમર્પિત કર્યો હતો. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ એક માલગાડી ટ્રેનને લીલી ઝંડી આપી હતી, જેની લંબાઈમાં ૧.૫ કિમી છે અને ડબલ કન્ટેનર વહન સિસ્ટમ ધરાવે છે. મોદીએ કહ્યું- આજે દેશની માળખાગત સુવિધાને વિશ્વસ્તર બનાવવા માટે નવી ગતિ પ્રાપ્ત થઈ છે. વડાપ્રધાને કહ્યું કે, ૧૦-૧૨



દિવસમાં જ ૧૮ હજાર કરોડ રૂપિયા ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, ડ્રાઈવરલેસ મેટ્રો, ઓડિશામાં આઈઆઈટી કેમ્પસનું ઉદઘાટન કરાયું હતું. દેશની ૪૫૦ કિલોમીટર લાંબી મંગ્લોર-કોચ્ચિ ગેસ પાઈપલાઈનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આજે વેસ્ટર્ન કોરિડોર દેશને સમર્પિત કરવામાં આવ્યો છે. આ હું કહું છું કે મને જોડાવાનું સૌભાગ્ય મળ્યું. આ દેશભરના અન્ય ઘણા મંત્રીઓ દ્વારા કરવાનો સિલસિલો ચાલી રહ્યો છે. શ્રેણી ચાલુ છે. નવા વર્ષની શરૂઆત એટલી સારી છે, તેથી આવનારા સમયમાં કાર્ય તેજસ્વી બનશે તેની ખાતરી છે. મહત્વપૂર્ણ એટલા માટે પણ છે કારણ કે દેશે કોરોનાના સમયમાં આ કર્યું છે. દેશની બે વેક્સિને દેશવાસીઓમાં આત્મવિશ્વાસ ઉભો કર્યો છે. કોરોનાની શરૂઆતથી જ આ ગતિ જોઈને- સાંભળીબે કોણ હિન્દુસ્તાની હશે, કોણ માતા ભારતીનો લાલ હશે જેનું માથું ગૌરવથી ઉંચુ નહીં થયું હોય.

### જંગલનો વિસ્તાર ઘટ્યો, પ્રાણી-પશુઓની સંખ્યા વધી જેના કારણે ખોરાકની અછત સર્જાતા
### સિંહ-દિપડાએ માનવ વસાહત તરફ ડેરા તંબૂ તાણ્યા

# હિંસક પ્રાણીઓનાં વર્તનમાં અચાનક પરિવર્તન

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૭

રાજ્યમાં છેલ્લા ત્રણેક માસથી ગિરનાં જંગલી વિસ્તારમાં વર્ષોથી અનામત રખાયછેલ જગ્યા તરફથી હિંસક પ્રાણીઓ સિંહ અને દિપડાઓ અવાર નવાર માનવ વસાહતમાં શિકારની શોધમાં આવી ચડતા હતાં પરંતુ છેલ્લા કેટલાક સમયથી જંગલ વિસ્તાર ઉપરાંત અન્ય જગ્યાએ સિંહ તથા દિપડા જેવા હિંસક પ્રાણીઓ દ્વારા પશુના મારણ કરવા ઉપરાંત કેટલાક સ્થળઓ હિંસક પ્રાણીઓ આવી ચડે તેવી કલ્પના પણ ન હોય તેવા વિસ્તારોમાં દિપડા તથા સિંહ આવી ચડ્યા બાદ ખેતરે જતાં કે માર્ગે પસાર થતાં લોકો-બાળકો પર હિંસક અને જીવલેણ હૂમલા કર્યાનાં બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. માંસાહારી પ્રાણીઓ માનવ વસાહતમાં આવી ચડતા લોકોમાં ભયનો માહોલ સર્જાવા પામેલ છે. હિંસક પશુ-પ્રાણીઓનાં વર્તનમાં આવેલ પરિવર્તનથી અનેક નવી સમસ્યાઓ ઉભી થઈ રહી છે.

વર્ષોથી માનવ વસ્તિથી દૂર વસતા હિંસક પ્રાણીઓના રક્ષણ અને જતન માટે સરકાર દ્વારા વિશેષ કાયદા હેઠળ ગિરનાં જંગલ વિસ્તારને અનામત જાહેર કરેલ. પરંતુ છેલ્લા એક દશકામાં પ્રવાસનને પ્રોત્સાહન આપવાના બહાને જંગલ-પર્યાવરણ તેમજ જંગલી પ્રાણીઓના જતન માટે રાખવામાં આવેલી જમીન પર માનવ વસવાટ તેમજ ફાર્મ હાઉસ જેવી પ્રવૃત્તિઓ વધતાં જંગલી પ્રાણીઓના જીવનમાં અનેક અવરોધો ઉભા થતાં આવા પ્રાણીઓ મજબૂરીના કારણે પોતાના વસવાટની જગ્યા છોડી અન્ય સ્થળે પલાયન કરતા નજરે ચડે છે.

જંગલ વિસ્તારની મર્યાદિત જગ્યામાં વર્ષોથી વસતા હિંસક પશુ-પ્રાણીઓની સંખ્યામાં પણ ઉતરોત્તર સતત વધારો થતો રહ્યો છે અને તેવામાં માલધારીનું પલાયન અને ફાર્મ હાઉસના સર્જન થતાં જંગલની મૂળ જગ્યામાં ધરખમ ઘટાડો થઈ રહ્યો છે. જેના કારણે એક સમયે હિંસક-જંગલી પ્રાણીઓને નિહાળવા તેના વિસ્તારમાં માનવોને જવું પડતું હતું, તેના સ્થાને આજે જંગલી પ્રાણીઓ આપણને ઘરઆંગણે દર્શન આપતા થઈ રહ્યા છે.

અગાઉ જંગલ વિસ્તારોમાં નજરે ચડતા સિંહ અને દિપડા જેવા પ્રાણીઓ ગિર સોમનાથ જિલ્લાની હદ છોડી અમરેલી, ભાવનગર, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર તથા જામનગર જિલ્લા તરફ વિચરત કરવા તેમજ ખોરાકની શોધમાં સતત આંટાફેરા કરતા હોવાના અને તેના દ્વારા માનવ તથા પશુ પરના હૂમલાનાં બનાવો સતત વધી રહ્યા છે. જેની પાછળ જંગલખાતાની ઘોર બેદરકારી છતી થઈ રહી છે.

**વર્ષોથી રહેતા માલધારીના નેસડાઓ ખસેડાયા બાદ માત્ર રાજકીય માથાઓના ફાર્મ હાઉસ ગીરના જંગલમાં વધ્યા જેથી હિંસક પ્રાણીઓ તેના વસવાટની જગ્યા છોડવા મજબુર થયા**

જમીન પર વસવાટ કરવાનો તમામ જીવનો કુદરત ફરથી જીવવાનો અધિકાર મળેલ છે. હિંસક અને અહિંસક પ્રાણી વચ્ચે તૈયાર કરવામાં આવેલ ભેદરેખા જાળવવાની બધાની ફરજ છે. વચ્ચે વસવાટનું અંતર જળવાય રહેવું જરૂરી છે. સામાન્ય રીતે શહેરોમાં હિંસક-જંગલના પ્રાણીઓને પ્રાણી સંગ્રહાલયમાં મર્યાદિત જગ્યામાં બંધક બનાવી રાખવામાં આવે છે.

સૌરાષ્ટ્રનાં જિલ્લાઓમાં છેલ્લા ત્રણેક માસથી હિંસક પ્રાણીઓ જંગલની બહાર નીકળી આવતાં માનવ સમુદાય પર પણ ભય ઉભો થઈ રહ્યો છે. કેટલાક કિસ્સાઓમાં હિંસક પ્રાણીઓના હૂમલામાં માનવો મોતને ભેટતા રહ્યા છે. હિંસક પ્રાણીઓ સૌરાષ્ટ્ર ઉપરાંત મધ્યગુજરાતમાં પણ માનવ વસ્તિમાં ચડી આવતા રહ્યા છે. જેને અટકાવવા સરકાર તથા જંગલખાતાએ પુરતી તકેદારી દાખવવી જરૂરી છે. દરેક માનવ જીંદગીનું રક્ષણ કરવાની સરકારની પ્રાથમિક જવાબદારી છે.

હિંસક પ્રાણીઓના વસવાટ વિસ્તારમાંથી નીકળી માનવ વસ્તિમાં આવતા હોવાના બનાવોમાં આશરે સાતેક માસ પહેલા રાજ્યના પાટનગર ગાંધીનગરમાં આવેલ સચિવાલય વિસ્તારમાં રાત્રીના એક દિપડો નજરે ચડેલ ત્યાર બાદ ગણતરીની કલાકોમાં સચિવાલયનાં મુખ્ય દરવાજાઓની મરામત કામગીરી હાથ ધરવામાં આવેલ જેથી કોઈ પશુ-પ્રાણી સચિવાયલ વિસ્તારમાં પ્રવેશી શકે નહીં. સદનશીબે દિપડો સચિવાલય બંધ હતું ત્યારે ત્રાટકેલ જેથી કોઈ મોટું નુકશાન થયેલ ન હતું.





### ગીરગઢડાના જુના ઉગલા રોડ પર ચણાના વાવેતરમાં છુપાયેલ દીપડાનો હુમલો

## ગીર ગઢડા તાબામાં દીપડાએ બાળકને ફાડી ખાધો

વન્ય ખૂંખાર માનવ ભક્ષી દીપડાએ બાળકને ફાળી ખાધો...

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૭

તાજેતરમાં પાંચ દિવસ પહેલા કોડીનાર તાલુકાના વિઠ્ઠલપુર ગામે માવનભક્ષી દીપડાએ યુવાન પર હુમલો કરી મોતને ધાટ ઉતારીયાની ધટના હજુતો ભૂલાઇ નથી. ત્યારે વધુ એક વન્ય ખૂંખાર માનવભક્ષી દીપડાએ બાળકને ધોળા દિવસે ઉઠાવી લઇ જઇ મોતને ધાટ ઉતારતા દીપડાના વધતા આંતક સામે ખેડૂતોમાં ભય ફેલાઇ ગયો છે.

ગીરગઢડાના નવા જુના ઉગલા ગામની વચ્ચે સીમમાં જમીન ધરાવતા બાલુભાઇ રાણાભાઇ નાવડીયાની વાડીમાં સાંજના ૪ વાગ્યાના સુમારે વાડીનું ભાગીયુ રાખી કામ કરતા બકુલભાઇ બચુભાઇ મકવાણા અને તેના પત્નિ અને છ બાળકો સાથે ચણા અને તુવેળ દાળનું વાવેતર કરેલ હોય તેમાં ખેતી કામ કરતા હતા. અને વાડીના કુવા પાસે રહેણાંકીય મકાન પાછળ ત્રણ નાની દીકરી અને ત્રણ દિકરા રમત રમતા હતા. એ વખતે બાજુની વાડીમાંથી ચણાના વાવેતર અંદરથી ખૂંખાર માનવભક્ષી દીપડો આવી ચડી બાળકો રમતા હતા. તે



માંથી હસમુખ બકુલભાઇ મકવાણા ઉ.વ.૪ને ગળા માંથી પકડી ઉઠાવી જઇ ધટના સ્થળે ફાડી ખાતા બાળકોએ રાડો રાડ મચાવતા નજીકમાં કામ કરતા બકુલભાઇ મકવાણા અને તેની પત્નિ લક્ષમીબેન દોડી આવતા આ ખૂંખાર માનવભક્ષી દીપડો ચણાના વાવેતરમાં લપાઇ છુપાઇ ગયો હતો. આ ધટના બનતા બકુલભાઇએ તાત્કાલીક નવા ઉગલા ગામના ઉપ સરપંચ જીણાભાઇ ભરવાડને જાણ કરતા તેઓ સહીતના સેવા ભાવી લોકો અને વાડી માલીક ધટના સ્થળે દોડી ગયા હતા. અને જશાધાર રેન્જના આર એફ ઓને જાણ કરતા વન્ય વિભાગની ટીમ ધટના સ્થળે દોડી ગયેલ છે. અને મૃતક બાળક હસમુખ મકવાણા ઉ.વ.૪ને સરકારી હોસ્પીટલે પી એમ માટે ખસેડેલ છે. આ બનાવ બનતા આ વિસ્તારમાં ભારે હાહાકાર મચી ગયો છે. અને ખેતીવાડી સાથે સંકળાયેલા શ્રમિકો અને ખેડૂતો પણ વન્ય પ્રાણીના ભયથી થરથર કાપી રહ્યા છે.

મૂળ જાફરાબાદ તાલુમાના કડીયાળી ગામના વતની બકુલભાઇ બચુભાઇ મકવાણાએ ગયા જેઠ મહીનામાં નવા ઉગલા ગામના બાલુભાઇ રાણાભાઇ નાવરડીયાનું ખેતર ભાગ્યુ રાખી વાવા રાખેલ હતુ. તેમને છ સંતાન હોય અને સૈથી નાનો હસમુખને ધોળા દિવસે દીપડાએ ફાડી ખાધાની ધટના પિતાની નજર સમક્ષ બનતા પરીવારમાં આધાત છવાયો છે.

## વેરાવળ સરકારી હોસ્પિટલના કર્મયોગી કર્મચારી ઈન્દુમતીબેનને નિવૃતિ વિદાયમાન અપાયું

ચક્રવાત ટીમ વેરાવળ,તા.૭

વેરાવળ સરકારી હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતા ઈન્દુમતીબેન પંડ્યાએ સ્વૈચ્છીક નિવૃત થતા સરકારી હોસ્પિટલના સ્ટાફે સન્માન કર્યુ. આરોગ્ય વિભાગમાં ૨૩ વર્ષ લાંબી કારકિર્દી પછી સરકારી હોસ્પિટલ, વેરાવળના સ્ટાફનર્સ ઈન્દુમતીબેન પંડ્યા નિવૃત થતા ગત ૩૧ ડિસેમ્બર નાં રોજ તેમને નિવૃતિ વિદાયમાન આપવામાં આવ્યું હતું. સરકારી હોસ્પિટલનાં અધિક્ષકશ્રી ડો. પરમારે નિવૃત થતા ઈન્દુમતીબેનનું



નિવૃતી જીવન સ્વસ્થ અને સુખમય નિવડે અને પરિવાર સાથે પસાર કરે તેવી શુભેચ્છાઓ પાઠવી અને મોમેન્ટો અર્પણ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકારી સેવામાં વિદાય નિશ્ચીત છે. ઈન્દુમતીબેન પોરબંદર, તાલાળા, વેરાવળ સરકારી હોસ્પિટલ ખાતે ઓપરેશન થિયેટરમાં ફરજ બજાવતા હતા. દર્દીઓ સાથે સ્વજન જેવો વ્યવહાર કરતા હતા.

## મિરારોડમા દિનદહાડે જવેલર્સની દુકાને લૂટ : ચાર જણે રિવોલ્વરની ધાક બતાવી

ચક્રવાત ટીમ મુંબઈ,તા.૭

મિરારોડમા બપોરના સમયે દિન દહાડે જવેલર્સની દુકાને ગ્રાહક બનીને આવેલા ચાર જણે રિવોલ્વરની ધાકે સોનાના દાગીનાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.પોલિસ કમિશ્નરેટ બન્યા બાદ પ્રથમ બનાવ બનતા પોલિસ માટે આ બનાવ એક ચેલેન્જ બની ગઈ છે.

મિરારોડના શાંતિનગર ૧૧મા આવેલ એસ.કે.કુમાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સની સોના ચાંદીના દાગીનાની જવેલર્સની દુકાન આવેલીએ ચે.આજે બપોરે બે વાગ્યાની આસપાસ જવેલર્સની દુકાનના સ્ટાફના કેટલોક




સ્ટાફ જમવા ગયો હતો,તો અમુક જણ ગ્રાહકોને દાગીના બતાવતા હતા,ત્યારે અચાનક ચાર જણ ગ્રાહકા બનીની દુકાનમા પ્રવેશ્યા હતા. તેઓએ દાગીના જોયા બાદ પેમેન્ટ ચૂકવવા બેગ ખોલી તેમાથી રિવોલ્વર કાઢી હતી.રિવોલ્વર્રની ધાક બતાવી સોનાના દાગીનાની લૂંટ ચલાવી ભાગી ગયા હતા.પોલિસે સીસીટીવી ત્તપાસતા બી બાઈક પર ચાર જણ જવેલર્સની દુકાનમા આવ્યા હતા.લૂંટ બાદ એક બાઈક પાર બે જણ ભાગી ગયા હતા,જ્યારે બીજુ બાઈક ચાલુ ન થતા એક જણ સ્ટેશન તરફ ચાલતો જતો હતો,જ્યારે બીજો બાઈક ચાલુ કરવાનો પ્રયાસ કરતો હતો,ઘટના સામયે દુકાનની બહાર હાજર યુવકને શંકા જતા તે બાઈક વાળા પાસે જતા રિવોલ્વાર બતાવી તે પણ દોડીને ભાગી ગયો હતો.પોલિસને ઘટનાની જાણ થતા તરત જ ડિસીપી અમિત કાળે ઘટના સ્થળે સ્ટાફ સાથી પહોચ્યા હતા.કેટલ્લો માલ ગયો તેની ગણતરીની તપાસ દુકાનદાર જવેલર્સ દ્વારા ચાલુ છે.

## ઊના આઈ.સી.ડી.એસ.ના ઈ.ચાર્જનો સીડીપીનો વધુ એક ચોંકાવનારો ઓડીયો થયો વાઈરલ

ચક્રવાત ટીમ ઉના,તા.૭

ઊના સંકલીત બાળ વિકાસ યોજનાના ઈન્ચાર્જ સીડીપીઓ દ્વારા આંગણવાડી કેન્દ્રમાં વર્કર અને હેલ્પરની ખાલી જગ્યા માટે ઓનલાન ભરતી પ્રક્રિયા હાથ ધરવાની હતી. આ ભરતી સરકારના નિતી નિયમને નેવે મૂકી ભ્રષ્ટાચાર કરી કોભાંડ કરેલ હોવાના અગાઉ ત્રણ જેટલા ઓડીયો વાયરલ થયાં ભારે ચકચાર મચેલ હતી. અને વધુ એક ચોકાવનારા ઓડીયો બહાર આવેલ તેમાં ઉનાના આ અધિકારીને સરકારે સૈરાષ્ટ્ર જોનના ઈન્ચાર્જનો હવાલો આપેલ છે. અને તેને તમામ ડિપાર્ટમેન્ટની ભરતી પ્રક્રિયાના ફોર્મની ચકાસણી કરીને પરીક્ષા લીધા વગર સીધી ભરતી દરેક ડીપાર્ટમેન્ટની ખાલી જગ્યામાં ભરવાનો વાયરલ ઓડીયોમાં ઉલ્લેખ કરાય છે.

અગાઉની ઓડીયોમાં આ સંકલીત બાળ વિકાસ યોજના હેઠળ આવતી આંગણવાડી કેન્દ્રમાં ઉમેદવારના રહેવાસી પ્રમાણપત્રમાં વિસંગતા બાબતે ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ સાથે ચર્ચા ઉઠી હતી. પરંતુ આ ભરતીમાં એક ઉમેદવારએ પોતે વાર્ડ નંબર ૫ માં રહેતા હોવા છતાં વોર્ડ નં.૯નો રહેવાસીનો દાખલો મામલતદારનો આપેલ હતો ત્યારે નગરપાલીકાનો રેકર્ડ પર નિકળેલ આ મહીલા ઉમેદવાર વોર્ડ નં.પમાં રહેતા હોવાનો પાલીકાના બે ચુંટાયેલા સભ્યનો ખાત્રીથી કઢાવેલ હતો. અને ઓનલાઈન ભરતીમાં આ વર્કરએ ખાલી જગ્યા વોર્ડ નં.૮માં ઉમેદવારી નોંધાવતા અને ખોટું સોગંદનામુ કરી આપતા તેને આંગણવાડી કેન્દ્રના આ ઈન્ચાર્જ સીડીપીઓ એ ભરતી પણ કરી દીધી હતી. પરંતુ પાછળથી વિવાદ થતાં સીલેક્ટ થયેલ ઉમેદવારે પોતાને નોકરી કરવી નથી. તેવું કચેરીમાં લેખિત આપી તેના આ ખોટા કાર્યને દબાવી દેવાયેલ હતુ. અહી સવાલએ ઉઠે છેકે આ ભરતી ભ્રષ્ટાચાર કોભાંડમાં સરકાર સાથે પણ છેતરપીંડી માટે રાજકીય ભલામણો આવતી હોવાનો આ વાયરલ ઓડીયોમાં ઉલ્લેખ કરાય છે. શું આ ભરતી કોભાંડમાં ફરજ પરના અધિકારી કે ઉચ્ચ અધિકારીથી પણ સંડોવળી છેકે શું ? તે તપાસનો વિષય બની રહ્યો છે.

ઊનાના મુખ્ય સેવિકા દર્શનાબેન પુરોહીતને ઇ.ચાર્જ સીડીપીઓમાં ચાર્જ ૧૫ ફેબ્રુ.૨૦૨૦ થી ૧૫ ઓગસ્ટ ૨૦૨૦ સુધી રહ્યો છે. તાલુકાની ૨૩ આંગણવાડી ભરતીની કાર્યવાહી કરી ત્યારે તેમની ઓડીયો વાતચીતમાં તદન અલગ વાત કરતા સાંભળવા મળે છે.

## બોટાદની પટેલ ઓર્થોપેડીક હોસ્પિટલને બદનામ કરવાના કારશા સામે ડો. હિતેશ કુકડીયાએ પ્રેસ કોન્ફરન્સ યોજી

ચક્રવાત ટીમ રાજેશ શાહ,તા.૭

બોટાદ, શહેરમાં આવેલ પટેલ ઓર્થોપેડિક હોસ્પિટલના ડો. હિતેશ કુકડીયા પાસે એક સમાચારપત્રના તંત્રી દ્વારા જાહેરાત ના નામે ખંડણી માગવાનો આક્ષેપ નો બનાવ બનવા પામ્યો છે ત્યારે સમાચારપત્રના તંત્રીનું અંગત હિત અને માંગ પૂર્ણ ન થતા તેને હોસ્પિટલને બદનામ કરતા અને ખોટી હકીકતો જણાવતા સમાચાર પ્રસિદ્ધ કરતા આક્ષેપો અંગે આજે ડોક્ટર હિતેશ કુકડીયા દ્વારા પ્રેસકોન્ફ્રન્સ યોજવામાં આવી હતી. આ પ્રેસકોન્ફ્રન્સમાં ડોક્ટરે જિલ્લા વહીવટી



તંત્ર અને પત્રકાર એકતા સંગઠનને આવા કાયદા વિરુદ્ધ ની કામગીરી કરતા પત્રકાર સામે પગલાં લેવાની માંગ કરી હતી. અને ડોકટરે જણાવ્યું હતું કે અમુક આવા ખાંડણીખોરો સામે લાલઆંખ કરી નજીકના સમયમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાના છે તેમ ડોક્ટર હિતેષ કુકડીયા દ્વારા જણાવેલ છે. આ બાબતે જિલ્લા વહીવટી તંત્ર તેમજ જિલ્લા પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવશે કે કેમ ? તે જોવું રહ્યું હતું.

### છ ખલાસીને અંધકાર રાત્રીમાં બચાવી લેવાયા

## ઊનાના ફિશિંગ સ્ટીમ્બરે બોટને ટક્કર મારતા દરીયામાં સ્વાહા

**અવાર નવાર આવી ઘટનાઓ બનતી હોવા છતાં તંત્રના આંખ આડા કાન**

ચક્રવાત ટીમ ઉના,તા.૭

ઊનાના સૈયદ રાજપરા બંદરથી ફિસીંગ કરવા દરીયામાં બોટ છ ખલાસી સાથે ગયેલ હોય અને ફિસીંગ વિસ્તારમાં માછીમારી કરતી હતી. એ વખતે મોડી રાત્રીના અંધારામાં સ્ટીમ્બર બાજે ટક્કર મારતા બોટ તુટી જતાં માછીમારો સાથે બોટ ઉંડા દરીયામાં ડુબવા લાગતા માછીમારો બચાવો બચાવોની રાડો પાડતા બાજુમાં ફિસીંગ કરતી અન્ય બોટના ખલાસીઓને પોતાની બોટમાં લઈ આબાદ રીતે બચાવી લીધા હતા. અને તેને કાંઠે લાવવા તજવીજ હાથ ધરેલ છે. સૈયદ રાજપરા ગામના મનુભાઈ કાનાભાઈ ડાભીની માલીકીની બોટ નંબર IND GJ 14 MM 1540 મોફીઝ નામની બોટ ગઈ કાલે સૈયદ રાજપરાથી ૧૫ નોટીમાઈલ દૂર છ ખલાસી સાથે ફિસીંગ કરવા ગયેલ અને પોતાના ફિસીંગ વિસ્તારમાં માછીમારી કરતા હતા. રાત્રીના ૧.૩૦ની આસપાસના સમયે માછીમારોના ફિસીંગ વિસ્તાર સ્ટીમ્બર બાજ ધુસી આવી આ બોટને ટક્કર મારતા બોટ દરીયા સીમામાં તુટી પડતા પાણીમાં ગરક થવા લાગતા આ બોટમાં રહેલા ભૂપતભાદા ભીલ, કરશન ચીકુ બાંભણીયા, મનુ કાના ડાભી, ચિરાગ મનુ ડાભી, ભાવેશ મનુ ડાભી, અમૃતભાઈ નામના ખલાસીઓ દરીયાના ઉંડા પાણીમાં કુદી પડી પોતાની જીદંગી બચાવવા રાડો રાડ કરી ઝઝુમતા હતા. આ વખત સૈયદ રાજપરા ગામની અન્ય બોટ ત્યાં આવી આ છ ખલાસીઓને રાત્રીના અંધારામાં શોધી પોતાની બોટમાં લીધા હતા. અને આ ધટનાની જાણ બોટ માલીકને કરાયેલ હતી. અને આ ધટનામાં બચી ગયેલા ખલાસીઓ મોડી સાંજના દરીયા કાંઠા પર આવી પહોચશે અને બોટમાં પણ લાખો રૂપિયાનું નુકશાન થતાં તેને કાઢવા વારંવાર સ્ટીમ્બરો ફિસીંગ વિસ્તારમાં ધુસી આવે છે.

પોરબંદર, વેરાવળ, કોડીનાર, રાજુલા, પંથકમાં આવેલી સીમેન્ટ કંપનીમાં આવતી મોટી બાજ સ્ટીમ્બરોની અવર જવર રાત્રી દરમ્યાન દરીયામાં રહે છે. અને આવી સ્ટીમ્બરોએ ફિસીંગ વિસ્તારના ૧૫ નોટીમાઈલ દૂર આવેલા નેશનલ સીમા હદમાંથી પસાર થવાના નિયમ હોવા છતાં અવાર નવાર માછીમારોના ફિસીંગ કરતી બોટને ટક્કર મારી ચાલી જતી હોવાના કારણે માછીમારોને પોતાની જીંદગી ગુમાવી પડે છે. અને લાખો રૂપિયાની બોટ તૂટી જતાં બોટમાં નુકશાન થાય છે. અને કિંમતી ફિસીંગનો માલ સામાન જાળ પણ દરીયામાં તણાઈ જવાના કારણે બોટ માલીકો પાયમાલ થઈ જાય છે.

# સંસ્થાકિય સમાચારો

## સુરેન્દ્રનગરમાં જરૂરીયાતમંદ માટે ગરમ ધાબળા અને વાસણ વિતરણ




ચક્રવાત ટીમ વઢવાણ, તા.૦૭

સતપાલજી મહારાજની પ્રેરણાથી, આજે માનવ ઉત્થાન સેવા સમિતિ, ગુજરાત સુરેન્દ્રનગર શાખા દ્વારા જરૂરિયાતમંદ લોકોમાં જરૂરી ચીજો જેમાં ગરમ ધાબળા અને વાસણ વગેરેનું વિતરણ શાખાના પ્રભારી મહાત્મા પ્રવીણાબાઈજી અને સ્વેતા બાઈજી તથા ઝાલાવાડના સામાજીક કાર્યકર સુબોધ જોષી તેમજ માનવ ધર્મ આશ્રમના ભક્તગણોની ઉપસ્થિતમાં કરવામાં આવેલ હતું.

## ભાયાવદરમાં મકરસંક્રાતના દીવસે પશુને એક સાથે લીલી મકાઈ ન ખવડાવવા અપીલ



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા/ઈમરાનભાઈ, તા.૦૭

મકરસંક્રાંતના દિવસે દાન પૂણ્ય કરવાની પરંપરા વરસો થયા ચાલતી આવે છે. ગૌ માતાને નીરણ લોકો હોસે હોંસે નાખે છે. ગાય માતાનો ખોરાક આ પ્રમાણે હોય છે જેમાં ૪૦% લીલી નીરણ, ૪૦% સૂકી નીરણ અને ૨૦% ખાણ. મકરસંક્રાંતના દીવસે ગાય માતાને વધારે લીલી નીરણ ખવરાવાથી આફરો ચડે છે. ગાય માતા અતિરેક લીલી મકાઈ ખાય જાય છે ત્યારે એમણે ખ્યાલ નથી કે આફરો ચડસે અને આ આફરો ઉતરતો નથી નાક અને મોંઢામાંથી લીલા ફીણ નીકળે છે અને ગાય માતા મોત ને માર્ગે ધકેલાય છે ત્યારે આના માટે આપડે જવાબદાર છીએ. ચકલી બચાવો અભિયાન ગ્રુપના પ્રમુખ નરેન્દ્રભાઈ ફળદુ દ્વારા નમ્ર અપીલ કરવામા આવે છે કે મકરસંક્રાંતિના આગળના ૫ દિવસ અને પાછળના ૫ દિવસ સમયાંતરે નીરણ નાખી તો આપડી ગાય માતાને બચાવી શકીએ. આવીજ સમસ્યા કાળી ચૌદશના દિવસે ચોખા રાંધીને ગાય માતાને અને માછલાને ખવડાવી મોતના માર્ગે ધકેલે છે. ત્યારે ચાલો બધા મળી સંકલ્પ કરી કે સમયાંતરે દાન કરી મૂંગા જીવને મોતના માર્ગે ના ધકેલીએ. મકરસંક્રાંતિના દિવસે જ લીલું ખવડાવું જોઈએ તેવું જરૂરી નથી આપને સૌ કોઈ આડે દીવસે પણ દાન ધર્માદો કરી શકીએ છીએ.

## ધ્રાંગધ્રાના પક્ષીપ્રેમીનો અનોખો પક્ષીપ્રેમ : ૨૧૦૦૦ પક્ષીઘર બનાવ્યા



ચક્રવાત ટીમ ધ્રાંગધ્રા, તા.૦૭

શંભુભાઈ નો જન્મ ધાંગધ્રા માં થયેલ અને તેને ૧૨ ધોરણ સુધીનો અભ્યાસ શીશુકુંજ વિદ્યાલયમાં કરેલ તેમને નાનપણથી જ પક્ષીઓ માટે અનોખો પ્રેમ હતો રોજ દાદીમાંના કહેવાથી તે સવારે પક્ષીઓને ચણ નાખવા જતા અને ત્યારથી જ તેમની પક્ષીઓ પ્રત્યે જિજ્ઞાસાની શરૂઆત થઈ તેઓ ચકલી વિશે કહે છે એક દિવસ તે ચકલીને પોતાના ઘરની નીચે મારો બાંધતા જોતા હતા ઘણા દિવસ સુધી આ ચકલી મારો બાંધતા જુવેર પણ પુઠાના ઘરમાં વધારે વજન થઈ જવાથી મારો તૂટી ગયેલ અને તેની બધી મહેનત વ્યર્થ ગયેલ હતી આ જોઈને શંભુભાઈ લાકડાના મજબૂત ચકલી ઘર બનાવાનું ચાલુ કરેલ અને તેમણે લોકોને વિનામૂલ્યે ચકલી ઘર આપવા લાગ્યા તેમ જોતા જોતા તે હજારો લાકડાના ચકલી ઘરનું વિનામૂલ્યે વિતરણ કરી ચૂકેલા અને ચકલીને મજબૂત ઘર આપવાનો સંકલ્પને પણ તેઓએ ચાલુ રાખે. તેઓ પક્ષીના ચણ માટે અને પાણી માટે ખારી તેલના ડબ્બામાંથી સુંદર ચબૂતરો બનાવે છે તેમાં ચારેબાજુ ચણ અને વચ્ચે પાણી રહી શકે અને તેમનો એ હેતુ હતો કે પક્ષીઓને ઉનાળામાં પાણીની બહુ જરૂર પડે છે સાથે સાથે તેના માટે પણ વ્યવસ્થા થઈ જાય અને આ કાર્ય તેઓ વિનામૂલ્યે આપવાનું ચાલુ કરે અને આ કાર્યમાં ગામનો વિશ્વકર્મા સમાજ અને અનેક લોકોને ખૂબ સહકાર મળેલ લોકો ખાલી ડબ્બા થાય એટલે શંભુભાઈની દુકાને મૂકી જાય છે અને તેમાંથી તે સુંદર મીની ચબૂતરો બનાવે છે. તેઓ પક્ષીઓ માટે અનેક પ્રોગ્રામ કરીને તેઓને ઉપયોગી એવી અનેક વસ્તુઓ વિશ્વકર્મા દાદાના આશીર્વાદથી અને કલા અને કૌશલ્ય દ્વારા બનાવે છે તેઓ શિયાળાના સમયમાં શ્વાનો માટે પ્રસુતિનો સમય હોય ત્યારે તેમના બચ્ચા માટે ઘર પણ બનાવે છે અને તેમાં બચ્ચા આરામથી રહી શકે અને ઠંડીથી પણ તેઓને રક્ષણ મળે તેઓ અનેક સંસ્થાઓને વિનામૂલ્ય પક્ષીઘર અને ચબુતરા આપે છે અને વિતરણ કરે છે ખાસ કરીને હળવદ રોટલી કલંબ ને બારેમાસ ચકલી ઘર અને મોબાઈલ ચબુતરા વિનામૂલ્યે આપે છે અને તેઓનું કહેવું કે તે જીવનના અંતિમ શ્વાસ સુધી આ પ્રવૃત્તિ ચાલુ રાખીને ચકલીઓ માટે રહેઠાણ બનાવશે અને પક્ષીઓ પ્રત્યે પોતાની ફરજ અદા કરશે બસ જરૂર છે વિશ્વકર્મા સમાજના સહકારથી અને અન્ય સમાજના સહકાર મળે છે.

## અમરેલી જિલ્લાના ૩૮ સેન્ટર ખાતે કોવીડ-૧૯ વેક્સીનેશન ડ્રાય રન યોજાશે

ચક્રવાત ટીમ અમરેલી, તા.૦૭

કોવીડ-૧૯ વેકસીન ડ્રાયરન અંતર્ગત અમરેલી જિલ્લાના કુલ ૩૮ સેન્ટર ખાતે ડ્રાય રન આજે તા. ૮ના રોજ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યકક્ષાએથી મળેલ સૂચના મુજબ દરેક સેન્ટર ખાતે ત્રણ રૂમની વ્યવસ્થા કરવામાં આવેલ છે. લાભાર્થીઓ તરીકે આરોગ્યના કર્મચારીઓ તેમજ પ્રાઈવેટ સેન્ટરવાઈઝ ૨૫ લાભાર્થીઓ લેવામાં આવેલ છે. કોવિન પોર્ટલ પર તમામ એન્ટ્રી પૂર્ણ કરવામાં આવેલ છે. વેકસીન ડ્રાયરન જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અર્બન આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલો તેમજ પ્રાઈવેટ હોસ્પિટલો તથા આઉટરીચ એરીયાની શાળાઓમાં યોજાનાર છે.

# મહીસાગર ખાતે કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ

### જિલ્લાના છ તાલુકાના ૧૨૭ ગામોના ૫૮૧૩ કિસાનોને આ યોજનાનો લાભ પ્રાપ્ત થશે

ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૭

રાજયના ખેડૂતોની વર્ષો જૂની માંગણી ખેતીમાં સિંચાઈની સુવિધા મળે તે માટે દિવસે વીજળી આપવાની હતી તે માંગણી સરકારે પૂર્ણ કરી રાજય સરકાર વીજ સેવા ક્ષેત્રમાં નવું સિમાચિહન સ્થાપવા જઈ રહી છે. પાણી-વીજળી માટે રાજય સરકાર સંનિષ્ઠ પ્રયાસો કરી છે. આ માટે ધરતીપુત્રોને રાત્રિ દરમિયાન વિશ્રામ મળે અને દિવસે જ વીજળી મળે તો ખેતીકામ દિવસ દરમિયાન કરી શકે તે માટે રાજય સરકાર દ્વારા પ્રથમ તબકકામાં પાટણ, ગીર સોમનાથ અને દાહોદ જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યા હતા. કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત રાજયમાં બીજા તબકકાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ બીજા તબકકામાં રાજયના ૩૦ જિલ્લાના ૨૯૦૦ ગામોના અંદાજે ૨.૨૪ લાખ ખેડૂતોને દિવસે વીજળી અપાશે. બીજા તબકકાના કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત આગામી તા. ૯/૧/૨૦૨૧ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મહીસાગર જિલ્લાના છ તાલુકાના ૧૨૭ ગામોના કિસાનો માટેની આ યોજનાનો વિજયભાઈ રૂપાણી પ્રારંભ કરાવશે. આ અંગેની વિગતો આપતાં મહીસાગર એમ.જી.વી.સી.એલ.ના કાર્યપાલક ઈજનેર રાકેશભાઈ જી. શાહે જણાવ્યું કે, રાજય સરકારની આ મહત્વાકાંક્ષી કિસાન સૂર્યોદય યોજનામાં એમ.જી.વી.સી.એલ. સહભાગી બની રહ્યું છે. અને તેના દ્વારા મહીસાગર જિલ્લાના છ તાલુકાના ૧૨૭ ગામોના ૫૮૧૩ કિસાનોને તેનો સીધા લાભ મળતાં ખેડૂતોને હવે દિવસે વીજળી મળતાં રાતના ઉજાગરા, વન્ય જીવજંતુના ભય, કડકડતી ઠંડી અને ચોમાસામાં પડતી મુશ્કેલીઓમાંથી કાયમ માટે મુકિત મળશે. આ ઉપરાંત સૂર્ય ઊર્જા થકી દિવસે થતી વીજળીનો દિવસે જ વપરાશ કરવાથી દિવસે ખેતી કરવાથી રાત્રે આરામ પણ કરી શકશે. છેલ્લા ૩૦ વર્ષમાં વીજ વિતરણમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા વીજ સુવિધા બહેતર બનાવવામાં આવી છે. ત્રણ દાયકા પહેલાં જીઈબીના નામે ઓળખાતા ગુજરાત વિદ્યુત બોર્ડનું કંપનીકરણ થયા બાદ મહીસાગર જિલ્લામાં વીજ સેવાની સફર આજે ૨૧ સબ સ્ટેશન સુધી પહોંચી છે. મહીસાગર જિલ્લામાં ત્રીસ વર્ષ પહેલાં ૦૪ સબ ડીવીઝનની સામે અત્યારે કુલ ૧૦ સબ ડીવીઝન કાર્યરત કરવામાં આવ્યા છે. અને હાલમાં ૭૧૧ ગામો સુધી વીજળી પહોંચાડવામાં આવી છે. મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા કિસાન સૂર્યોદય યોજના હેઠળ જિલ્લાના તમામ છ તાલુકાઓના ૧૨૭ ગામોને આવરી લેવામાં આવ્યા છે જેમાં લુણાવાડા તાલુકાના-૩૮, કડાણાના-૪૪, બાલાસિનોરના-૧૪, ખાનપુરના-૧૧, સંતરામપુર અને વિરપુર તાલુકાના ૧૦-૧૦ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલ, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, કૃષિ રાજય મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી જયદ્રથસિંહજી પરમાર, મહિલા આયોગના ચેરમેન લીલાબેન અંકોલીયા, સાંસદ સર્વ રતનસિંહ રાઠોડ અને જશવંતસિંહ ભાભોર, ધારાસભ્યો સર્વ જીજ્ઞેશભાઈ સેવક, કુબેરભાઈ ડીંડોર, અજિતસિંહ ચૌહાણ, જિલ્લા અગ્રણી દશરથભાઈ બારીઆ, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.ના મેનેજીંગ ડીરેકટર શાહમીના હુસૈન, મધ્ય ગુજરાત વીજ કંપની લિ.ના મેનેજીંગ ડીરેકટર તુષાર ભટ્ટ સહિત પદાધિકારીઓ-અધિકારીઓ-કિસાન સૂર્યોદય યોજનાના લાભાર્થી ખેડૂતો ઉપસ્થિત રહેશે.

## વેરાવળ જીઆઈડીસીમાં પરપ્રાંતીય પર જીવલેણ હુમલાના ત્રણ આરોપી ઝડપાયા



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૦૭

વેરાવળના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં થોડા દિવસ પૂર્વે રાત્રીના સમયે ફીશ કંપનીના કવાર્ટરમાં રહેતા પરપ્રાંતીય યુવાનને લુંટના ઈરાદે છરી મારી દીધાની ઘટનામાં પોલીસે એક સગીર સહિત ત્રણ શખ્સોને ઝડપી લઈ ઘોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ થોડા દિવસો પહેલા તા.૩૦ ડીસે.એ રાત્રીના સમયે વેરાવળ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલ અમૃત કોલ્ડ સ્ટોરેજ કંપનીના કવાર્ટરમાં પરપ્રાંતીય શશી ભુષણકુમાર પાસવાની (ઉ.વ.૨૩) સુતો હતો ત્યારે ત્રણ અજાણ્યા શખ્સોએ રૂમનો દરવાજો ખખડાવી અમીત કોણ છે ? તેમ કહી શશીને છરી વડે ડાબા હાથ તથા જમણા પગના ભાગે મારતા ઈજાઓ કરી નાસી છુટેલ હતા. ઘટનાને લઈ કંપની તથા સ્થળની આજુબાજુ સીસીટીવી ફુટેજો તપાસ કરતા અમુક શંકમદો નજરે આવેલ હતા. જેના પર વોચ રાખેલ દરમ્યાન સ્ટાફના દિપક અખીયા અને મનોજગીરી દિલીપગીરીને ઘટનાને અંજામ આપનાર શખ્સોની બાતમી મળી હતી. જેના આધારે વસીમ ઉર્ફ ભુરો શામદાર, અફઝલભાઈ ઉર્ફ શીપો પટણી તથા એક સગીરની ધરપકડ કરવામાં આવેલ છે. આ ત્રણેય શખ્સોએ લુંટના ઈરાદે પરપ્રાંતીય શખ્સને છરી મારી હોવાનું પ્રાથમીક પૂછપરછમાં જાણવા મળેલ.

## વેરાવળના છાત્રોડા ગામના યુવકની પોલીસે અટકાયત કરી, ઓનલાઈન ખરીદીમાં વેપારીઓ સાથે કરતો હતો છેતરપિંડી



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૦૭

વેરાવળના છાત્રોડા ગામના યુવક ભાવેશ છાત્રોડિયા ભાવેશના યુવકને પોલીસ અટકાયત કરી છે જેમા યુવક ભાવેશ ઓનલાઈન ટી.વી થી લઈને બાઈક સુધી ઓનલાઈન ખરીદી કરતો હતો અને તેના પેમેન્ટમા ઓનલાઈન છેતરપિડી કરતો હોવાનુ સામે આવ્યુ છે. અનેક રાજયના વેપારીઓ સાથે રૂપિયામા છેતરપિંડી કરતો છાત્રોડા ગામના ગઠીયાને પોલીસે ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી. યુવક ઓનલાઈન ખરીદીમા મોબાઈલ, કપડા, કપડાઓની ઓનલાઈન ખરીદી કરતો હતો ઓનલાઈન રૂપિયા ચુકવવમા વેપારીઓને બુસ મારી દેતો હતો. પોલીસે વેપારી દ્વારા આધારે તપાસ હાથ ધરતા જેમા વેરાવશ તાલુકાના છાત્રોડા ગામના યુવકની અટકાયત કરી હતી જેમા યુવક પાસેથી ઓનલાઈન ખરીદી કરેલો મુદામાલ પણ જપ્ત કર્યો હતો. ભાવેશ દ્વારા ૨૩ ડીસેમ્બરના એમઆઈનું સ્માર્ટ વોટર પ્યોરીફાયર ૧૩ હજાર, બીયર્ડ ટ્રીમર રૂ.૧,૩૯૮ સહિત ત્રણ વસ્તુઓની ખરીદી કરી હતી. જેનું કુલ રૂ.૧૫,૪૬૯ નું બીલ થયેલ જેમા પેમેન્ટ ભાવશ કોટક મહીન્દ્રાના બેંક એકાઉન્ટ નંબર કર્મચારી પાસેથી લઈ ફોન પે માંથી ટ્રાન્સફર કરી ચુકવી આપેલ હોવાનું કહી વસ્તુઓ લઈ નિકળી ગયેલ હતો. તે બીલની રકમ જમા થયા અંગે ખરાઈ કરતા તે જમા ન થઈ હોવાનું સામે આવ્યુ હતુ. ભાવેશ છાત્રોડીયા મોંઘા મોબાઈલ, ટીવી, દાગીના સહિતની મોંઘીદાટ ચીજવસ્તુઓની ખરીદી કરી ગુગલ પે એપ્લીકેશન થકી ઓનલાઈન ટ્રાન્ઝેક્શનની કારીગરી વાપરી વેપારીઓને પેમેન્ટ કરી દીધાના સ્ક્રીન શોટ બતાવી વસ્તુઓ લઈ ગાયબ થતો હતો, બોગસ ઓનલાઈન પેમેન્ટ થકી વેરાવળ, કોડીનાર, ઉના, અમદાવાદ, રાજકોટ સહિત અનેક શહેરના અનેક વેપારીઓ પાસેથી ૮૦ થી વધુ ચીજ-વસ્તુઓની ખરીદી કરી છેતરપિંડી કરી ચુનો ચોપડયો હોવાનું આધારભુત સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

## શાળા બંધ છે પણ શિક્ષણ કાર્ય બંધ નથી તે વાક્ય સાર્થક કરતી કોડીનાર તાલુકાની ઘાટવડ સરકારી પ્રાથમિક શાળા



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૭

શ્રી ઘાટવડ કુમાર શાળામાં કોરોના મહામારીના કારણે લોક ડાઉન થતા વિધાર્થીઓના અભ્યાસ પર અસર ના થાય તે હેતુથી શાળાના તમામ શિક્ષકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી છે. લોક ડાઉન દરમ્યાન શાળાના સ્ટાફ અને આચાર્ય બાળકોનું ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે ડોર ટુ ડોર જઈ ને સામાજિક અંતર જાળવીને વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવે છે. ગણિત વિજ્ઞાન જેવા કઠીન વિષયોમાં બાળકોને પ્રવૃતિશીલ રાખે છે. શાળાના શિક્ષક નીતિનભાઈ મોરી દ્વારા બાળકોને ઘરે ઘરે વિજ્ઞાન સાધનો અને કેમિકલ પહોંચાડીને વિજ્ઞાનના સાધનો ઉપયોગ કરતા અને પ્રવૃત્તિ પ્રયોગો કરતા શીખવાડે છે. આ ઉપરાંત વર્કબુક પણ શિક્ષકો દ્વારા બનાવીને બાળકોને ઘરે ઘરે પહોંચાડી છે. શાળાના શિક્ષકો દરેક અઠવાડીયે વાલી મુલાકાત લે છે. અને હોમ લર્નિંગ અંતર્ગત મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરે છે. આ શાળા દ્વારા અગાવ રાજય લેવલ સુધી ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદશનમાં સતત ૫ વર્ષ સુધી ભાગ લીધેલ છે. તેમજ વર્ષ ૨૦૧૫ ૨૦૧૬માં નેશનલ લેવલ સુધી પણ આ શાળાએ ભાગ લીધેલ છે. જે ગામ અને શાળા માટે ગૌરવની વાત છે. આ તમામ બાબતોમાં શાળાના આચાર્ય વાઢેળ મહેશભાઈનો પૂરતો સહકાર મળતો રહે છે. આ શાળા કોડીનાર તાલુકાની સૌથી જૂની શાળા જે ૧૮૭૩ માં સ્થપાયેલ હતી. આ શાળાના શિક્ષક નીતિનભાઈ મોરીને નાની નોકરીના સમયગાળામાં સાંદિપની એવોર્ડ અને તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકેનું બહુમાન પણ મળેલ છે. આ શાળા દ્વારા ચાલુ વર્ષે મારો શાળાના આચાર્યના પુત્ર બાલાચડી અને નવોદય વિદ્યાલય બંને પરીક્ષા પાસ કરેલ છે. તે ખરેખર ઉતમ ઉદાહરણ ગણાવી શકાય. દ્વસ્સ્જી જેવી પરીક્ષામાં પણ વિદ્યાર્થી ઉતીર્ણ થયેલ છે. આ શાળામાં જ ભણતો હતો. સરકારી શાળામાં જ વિદ્યાર્થીને ભણાવવાની શરૂઆત આપણાથી જ કરવી પડે તેમ આચાર્ય દ્વારા જણાવવામાં આવેલ. આ શાળા સ્ટાફના જેસિંગભાઈ વાઢેળ દ્વારા પણ પોતાના બાળકોને ભણાવે છે.

## સરકાર ખેડૂતોને તાત્કાલિક પાક વીમો ચૂકવે : વિમલ ચુડાસમા



ચક્રવાત ટીમ ગીરસોમનાથ, તા.૦૭

ગીર સોમનાથ જિલ્લાનાં ખેડૂતોને છ માસ થયા છતા પાક વિમાની રકમ મળી નથી. પરિણામે ખેડૂતોની હાલત કફોડી બની છે. સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા દ્વારા ગુજરાત રાજયના કૃષિ મંત્રીને ધારદાર રજૂઆત કરતાં જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૯ માં ખરીફપાકો જેવા કે મગફળી, કપાસ, વગેરે જેવા પાકોને વીમા યોજના દ્વારા પાકવિમો ચૂકવાયેલ નથી. જેમાં ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતોની સંખ્યા ૩૪૧૦ અને વેરાવળ તાલુકાનાં ૧૦૧૦ છે, તેઓની હાલત ખરાબ થઈ છે.

પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે નાણાકીય મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે, જેના કારણે ખેડૂતો ને આત્મહત્યા કરવા જેવુ પગલું ભરવું પડે છે, અને હાલમાં જ કોવિદ-૧૯ની મહામારીને કારણે ખેડૂતોનું જીવન પણ ખુબજ મુશ્કેલીમય બની ગયું છે. સરકારની નીતિ અને કાળા કાયદા ને લઈ ને આજે લગભગ ૬ માસ કરતાં વધારે સમય વીતી ગયા છે. તાત્કાલિક ના ધોરણે સરકારે પાક વિમાની રકમ વીમા કંપની દ્વારા ગીરસોમનાથ જિલ્લા તથા વેરાવળ તાલુકાનાં અને ગુજરાત ભરના તમામ ખેડૂતોને તાત્કાલીક ચૂકવી આપવામાં આવે તેવી માંગ કરી હતી.

## વેરાવળમાં ભાજપ દ્વારા વોર્ડ નં.૭માં મીટિંગ યોજાઈ



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૦૭

તા. ૦૬/૦૧/૨૦૨૧ બુધવારના રોજ આવનાર વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખી વોર્ડ નંબર ૭ ના લોકો માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા મીટીંગનુ આયોજન જીલ્લા અધ્યક્ષ માનસીહભાઈ પરમારના અધ્યક્ષસ્થાને ૮૦ ફૂટ રોડ પર સ્વામી શાંતિ પ્રકાશ હોલમાં રાખેલ. ગીર સોમનાથ જિલ્લાના ચુંટણી ઈનચાર્જ મહેન્દ્રભાઈ પીઠીયા, જીલ્લા મહામંત્રી ડો. જયેશભાઈ વઘાસીયા, વેરાવળ પાટણ શહેરના ચુટંણી ઈન્ચાર્જ ડો.સંજયભાઈ પરમાર, વેરાવળ પાટણ શહેર ભાજપ પ્રમુખ દેવાભાઈ ધારેચા, વેરાવળ પાટણ શહેર ભાજપ મહામંત્રી ભરતભાઈ ચોલેરા, કપીલભાઈ મહેતા, વોર્ડ નં.૭નાં પૂર્વ નગરસેવક સવિતાબેન કમલભાઈ શર્મા, પેજ પ્રમુખ વોર્ડ નં. ૭ના તેમજ હરસિધ્ધિ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ બાબુભાઈ હરસોલા, વોર્ડ નં.૭નાં ઈન્ચાર્જ મુકેશભાઈ ચોલેરા અને વોડ નં.૭ના રહીશો બહોળી સંખ્યામાં હાજર રહ્યા.

## કારખાનામાં કોઈ પાર્સલમાં બોમ્બ જેવી શંકાસ્પદ વસ્તુ આપી જતા તંત્રમાં દોડધામ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૭

વાંકાનેર તાલુકાના સરતાનપર રોડ ઉપર આવેલ એક સિરામિક કારખાનામાં કોઈ અજાણ્યો શખ્સ એક પાર્સલ આપી ગયો હતો જેને કારખાનેદારે ખોલી ચેક કરતાં તેમાં બોમ્બ જેવી શંકાસ્પદ વસ્તુ મળી આવતા મોરબી જીલ્લા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. તાત્કાલિક રાજકોટથી બોમ્બ સ્કવોડને પણ બોલાવવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. બનાવની આધારભૂત સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સરતાનપર રોડ પર આવેલ સેટમેક્સ સિરામિક નામના કારખાનામાં કોઈ અજાણ્યા શખ્સોએ બાઈક પર આવીને કોમ્પ્યુટર વિભાગનું પાર્સલ છે તેમ કહી એક પાર્સલ આપી જતા રહ્યા હતા જે બાદ આ ફેક્ટરીના ઓનર વિનોદભાઈ ભાડજાએ આ પાર્સલ થોડું ખોલતા તેમાંથી બોમ્બ જેવી શંકાસ્પદ વસ્તુ મળતા એકમમાં કામ કરતા તમામ કર્મચારીઓ અને મેનેજમેન્ટ હાંફળા ફાંફળા થઈ ગયા હતા અને તાત્કાલિક તેની જાણ મોરબી જિલ્લા પોલીસ તંત્રને કરી હતી. બાબતની જાણ થતાં જ તાત્કાલિક મોરબી એલસીબી, એસઓજી અને વાંકાનેર તાલુકા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, તુરંત જ રાજકોટ ખાતેની બોમ્બ સ્કવોડને પણ જાણ કરવામાં આવતા તે પણ ઘટના સ્થળે પહોંચવા રવાના થઈ ગઈ છે. હાલ પોલીસ દ્વારા આ પાર્સલને અલગ રાખીને તપાસનો ધમધમાટ ચલાવવામાં આવી રહ્યો છે. આ પાર્સલ કોને મોકલ્યો અને શા માટે મોકલ્યો તે વિગતો મેળવવા પોલીસે સઘન તપાસ આદરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## ચૂંટણી સંદર્ભે ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસની મીટિંગ



ચક્રવાત ટીમ ગીરસોમનાથ, તા.૦૭

આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીને અનુલક્ષીને તા. ૦૭નાં રોજ ગીર સોમનાથ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા લીલાશાહ વાડી, ડાભોર રોડ, વેરાવળ ખાતે ગીર સોમનાથ જીલ્લા ની વિસ્તૃત કારોબારી બેઠક નું આયોજન કરેલ તેમજ ખેડુત આંદોલનમાં શહીદ થયેલ ખેડુતોને શ્રધ્ધાંજલી આપી. આ તકે કોંગ્રેસ પક્ષના સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી વિક્રમભાઈ માડમ તેમજ ઉનાનાં ધારાસભ્ય પુંજાભાઈ વંશ, તાલાળાનાં ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, કોડીનારનાં ધારાસભ્ય મોહનભાઈ વાળા તેમજ ગીર સોમનાથ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ મનસુખભાઈ ગોહેલ, ગીર સોમનાથ જીલ્લા સમિતિ પ્રમુખ તેમજ તાલુકા કોંગ્રેસ સમિતીના પ્રમુખ તથા પક્ષનાં હોદેદારો, આગેવાનો, આઈ.ટી સેલ ડિપાર્ટમેન્ટના હોદેદારો તેમજ કાર્યકર્તાઓ તેમજ દરેક સમાજના આગેવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. સાથે આગામી ચુંટણી જીતવાની રણનીતિ મુદે તથા ખેડુત વિરોધી ત્રણ કાયદા પર વિસ્ત્રુત માહિતી આપી ઉપસ્થિત ખેડુતો ને માહિતગાર કર્યા હતા.

તંત્રીસ્થાનેથી......

# કોરોના વેક્સિન : શું ધનિક દેશો રસીની સંગ્રહખોરી કરી રહ્યા છે?

યાકુબ બાદી
તંત્રી

વૈશ્વિક મહામારી કોરોનાની રસી બનાવવા માટે અનેક કંપનીઓ સ્પર્ધામાં છે. ધનિક દેશો કોવિડ વૅક્સિનની સંગ્રહખોરી કરી રહ્યા છે અને તેના કારણે ગરીબ દેશોને આ વૅક્સિન મેળવવામાં તકલીફ થશે, એ નક્કી છે. કેટલીક આંદોલનકારી સંસ્થાઓના એક ગઠબંધને આ ચેતવણી ઉચ્ચારી છે. પીપલ્સ વૅક્સિન અલાયન્સનું કહેવું છે ઓછી આવકવાળા લગભગ ૭૦ દેશોમાં દર દસ લોકોમાંથી માત્ર એકને જ આ વૅક્સિન મળી શકશે. આ પરિસ્થિતિ ત્યારે છે જ્યારે ઑક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાએ એ વાતનો વાયદો કર્યો છે કે તેમની વૅક્સિનનો માત્ર ૬૪ ટકા ડોઝ જ વિકાસશીલ દેશોને અપાશે. એ અંગે કોશિશ થઈ રહી છે કે આ વૅક્સિનને સમગ્ર દુનિયામાં ભેદભાવ વગર વિતરિત કરાય. આ બાદ તેમની પાસેથી એ વાતનો સંકલ્પ લેવામાં આવ્યો છે કે કોવેક્સિ નામની આ વૅક્સિન લેવા માટે કરાર કરનારા ૯૨ દેશોમાં વેક્સિનના ૭૦ કરોડ ડોઝ વિતરિત કરવામાં આવશે. પરંતુ એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ, ઑક્સફૅમ અને ગ્લોબલ જસ્ટિસ નાઉ જેવાં સંગઠનોનું કહેવું છે કે આ યોજનાને લાગુ કરાશે તો પણ તે પર્યાપ્ત ઉપાય નહીં નીવડે. આ સંગઠનોનું કહેવું છે કે દવા કંપનીઓએ પોતાની ટૅક્નૉલૉજીની આપલે કરવી જોઈએ જેથી મોટા પ્રમાણમાં વૅક્સિન તૈયાર કરી શકાય. આ સંગઠનોનાં વિશ્લેષણોમાં કહેવાયે છે કે ધનિક દેશોએ પોતાની સંપૂર્ણ વસતીને વૅક્સિનના ડોઝ આપવા માટે પર્યાપ્ત ડોઝ એકઠા કરી લીધા છે. તેમનું કહેવું છે કે જો તમામ વૅક્સિનને મંજૂરી મળી જાય છે તો આ ધનિક દેશો પાસે પોતાની વસતીની સરખામણીએ ત્રણ ગણા ડોઝ હશે. ઉદાહરણ તરીકે, તેમાં દાવો કરવામાં આવ્યો છે કે કૅનેડાએ પોતાના દરેક નાગરિકને આપવા માટે પાંચ ગણા કરતાં વધુ ડોઝ ઑર્ડર કરી દીધા છે. ભલે ધનિક દેશોની વસતી વિશ્વની કુલ વસતીના માત્ર ૧૪ ટકા હોય, પરંતુ આ તમામ ભરોસાપાત્ર વૅક્સિનનો ૫૩ ટકા ભાગ ખરીદી ચૂક્યા છે. ઑક્સફૅમનાં હેલ્થ પૉલિસી મૅનેજર અન્ના મૅરિયટ જણાવે છે કે, “ કોઈને ય જીવન બચાવનારી વૅક્સિનને હાંસલ કરવાથી તેના દેશ કે તેની પાસે રહેલી રકમના કારણે રોકવો ન જોઈએ. પરંતુ જ્યાં સુધી પરિસ્થિતિમાં મોટો ફેરફાર ન થાય, ત્યાં સુધી વિશ્વ ભરના અબજો લોકોને આવનારાં ઘણાં વર્ષો સુદી કોવિડ-૧૯ની કોઈ સુરક્ષિત અને પ્રભાવી વૅક્સિન મળવું શક્ય નહીં હોય. વિશ્વભરમાં કોરોના વેક્સિનને લઈને પરિસ્થિતિ જોતા ભારતમાં સ્વદેશી વેક્સિનાટે ઉતાવળ કરવામાં આવી રહી હોય તેવું દેખાઈ રહ્યું છે. જેમાં હાલ ભારતમાં કોવિશિલ્ડ અને કોવૅક્સિન નામની બે રસીના ઈમર્જન્સી ઉપયોગની પરવાનગી આપવામાં આવી છે જે બાદ એક નવા વિવાદને જન્મ આપ્યો. કોવિશિલ્ડ ઑક્સફર્ડ અને એસ્ટ્રાઝેનેકા દ્વારા વિકસાવાઈ છે. જ્યારે કોવૅક્સિન ભારત બાયૉટેકે બનાવી છે, જેને ‘સ્વદેશી વૅક્સિન’ પણ કહેવાય છે. બ્રિટનમાં ઑક્સફર્ડની રસીને મંજૂરી મળ્યા બાદ સંભાવના હતી કે તેને ભારતમાં મંજૂરી મળી જશે પણ કોવૅક્સિનને અનુમતિ મળશે તેવો ઘણાને અંદાજો નહોતો. કોવૅક્સિનને મળેલી મંજૂરી અને તેની ત્રીજા તબક્કાની ટ્રાયલને કારણે તેની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઊભા થયા છે અને વિવાદ ચાલી રહ્યો છે. જોકે સરકારનું કહેવું છે કે કોવૅક્સિન કોરોના વાઈરસના નવા વેરિયન્ટ પર પણ અસરદાર છે.

# ‘Krossing ગર્લ’

## પ્રકરણ ૩૫



મમ્મી અને પપ્પા ઘરે આવી ગયા હતાં. દાદાજીનો ઈશારો સમજી ગીતા ઝડપથી સ્વસ્થ થઈ. માલિશ અને ગીતાની આગળની વાત અધુરી રહી. પરિવારમાં સહુએ સાથે મળીને આઈસ્ક્રીમની મિજબાની માણી. અલક-મલકની વાતો કરી. આજે દાદાજી બહુ ખુશ જણાતાં હતાં. તેમને યાદોનો પટારો ખોલ્યો. મે ગામના અજાયબી કહી શકાય એવા ઘણાં વ્યક્તિઓ વિશે નવું જાણ્યું. રાતના બાર થવા આવ્યા હતા પણ કોઈ સુવાનું નામ નહોતું લેતું. આખરે દાદાજીએ હુકમ દઈ સભા વિખેરી. મે આજે ગીતા સાથે સુવાની જીદ પકડી. મારે હજુ તેની સાથે ખૂબ વાતો કરવી હતી.

"કાના,પછી અડધી રાતે તું કે ગીતા મને એકબીજાની ફરિયાદ કરવા આયવાને તો બેયને ધોકાવી નાખીશ. આખો દી ભેગું રે’વું ને બાંધવું." મારી મમ્મી મીઠી ફરિયાદ કરતાં બોલી.

"કાકી, તમે એને મોઢે ચડાવ્યો છે. મારો કાનો ...મારો કાનો...ભોગવો હવે." ગીતા ફરીથીહતી તેવી બની ગઈ. બધા હસી પડ્યા. અને સુવા માટે વિખેરાયા.

હું અને ગીતા તેના રૂમમાં આવ્યા. તેનો રૂમ જોઈને મારું મોં અચરજથી ખુલ્લું જ રહી ગયું."....બ્યુટીફૂલ ...ઈટ્સ અમેઝિંગ."

ગીતાએ પોતાના રૂમને લાઈફના વિવિધ રંગોની જેમ બહુ જ ખૂબસૂરતીથી શણગાર્યો હતો. નાનકડા રંગબેરંગી કાગળમાં લખેલા અલગ કવોટ્સ, કવિતા, વિવિધ વસ્તુ ભેગી કરી દોરેલા ચિત્રો, અમુક ન્યૂઝપેપરના કટિંગ, પેઈન્ટિંગ, દોરીમાં લટકતાં કેટલાક નામી ચહેરા, નાનકડું સિરિઝનું લાઈટિંગ, તેના માટે ખાસ બોર્ડમાં રચાતી વાર્તાઓ. ઝુમ્મર ના અવાજ થી લઈને બેડના ઓશીકા અને રજાઈના ભરતકામમાં એક કલાત્મક જીવ નીતરતો હતો. રૂમનો દરેક ખૂણો ગીતાના નોલેજ, ટેલેન્ટ આર્ટની જાણે ચાડી ખાતો હતો.

"ગીતલી, તે આ બધું ક્યારે બનાવ્યું. આઈ મીન હું હતો ત્યારે તો આમાંથી કશું નહોતું." મારે શું બોલવું મને કશું સમજાતું નહોતું.

"તું હતો ત્યારે મારે આ કશાની જરૂર નહોતી. હું મારું મન અને હૃદય બંને તારી પાસે ખોલી શકતી હતી. તારા ગયા પછી કોઈ એવું ના રહ્યું. જેમને સમજી કે સ્વીકારી શકે. મેં ખુદને સંકોચી અને આ રૂમમાં કેદ કરી લીધી." તે કોઈ અકળ ભાવ સાથે બોલી.

મને તેના પર વ્હાલ ઉભરાઈ રહ્યું હતું. હું તેને જોરથી ભેટી પડ્યો. "ગીતુ, મને લાગે છે તું કોઈ પ્રોબ્લેમમાં છે."

"કાના, જેને દરેક ક્ષણ જીવવી હોય એ હંમેશા પ્રોબ્લેમમાં જ હોય. હું તારી જેમ છોકરો નથી કે મરજી પડે એમ મોજથી રખડી શકું. છોકરી જુવાન થાય એટલે દરેક મિનિટ્સનો હિસાબ દેવો પડે. એને દરેક વખતે હા કરતાં ના સાંભળવાની અને સ્વીકારવાની તૈયારી રાખવી પડે. ઈન્ડિયન છોકરીઓ ધારે તો દુનિયાની સહુથી સ્માર્ટ ચોર બની શકે. તેને દરેક ક્ષણે ખુશી, પ્રેમ અને આઝાદી ચોરવી પડે છે. પકડાય જાય તો એની સજા આજીવન કારાવાસ કરતાં પણ બદતર હોય છે." ગીતા મારી આંખોમાં જોઈને બોલી રહી હતી.

"ડિયર સિસ્ટર, તારે તો એવા કોઈ બંધન નથી. તને તો ઘરેથી મારા જેટલી જ આઝાદી મળે છે. તો પણ તું આવું કેમ બોલે છે ?" મેં તેનાથી છુટા પડી બેડ પર બેસતાં કહ્યું.

તે હસીને બોલી. "બિકોઝ હું સ્માર્ટ અને સકસેસફુલ ચોર છું. હું ચોરી કરીને પણ બધાના દિલ જીતી લવ છું. એટલે હજુ કોઈને ફરિયાદ કરવાની તક નથી મળી. એક છોકરી તરીકે લાઈફમાં મારી જે ઈચ્છા હતી એ બધું મેળવી લીધું છે. હવે ચોરી કરવા માટે કંઈ બચ્યું નથી. એટલે જ મારી સક્સેફુલ મોમેન્ટ્સ અને અચિવમેન્ટ પાછળના રિઝન સાથેની જર્ની મેં મારા આ યુનિકયુ વર્લ્ડમાં ક્રિએટ કરી છે. હું એ બધું તને પછી નિરાંતે સમજાવીશ."

"એટલે આ રૂમનું દરેક ક્રિએશન તારી રિયલ લાઈફ સાથે જોડાયેલું છે ? ભાભુ અને અદાએ આ બધું ક્યારેય જોયું છે કે નહીં ?" મને ગીતા ખરેખર પાગલ લાગી રહી હતી.

"ગામડાંના સંકુચિત અને મર્યાદાનોના પણ કેટલાંક પ્લસ પોઈન્ટ છે. દીકરી જુવાન થાય પછી એના પપ્પા લગભગ એના રૂમમાં લગભગ દાખલ જ ના થાય. મમ્મીને છોકરી ઘરમાં નજર સામે રહીને ગમે એ પ્રવૃત્તિ કરે એ મંજૂર હોય. મને નવરા બેસવાની આદત નથી. ગામમાં બહાર જઈને કંઈક એક્ટીવીટી ના થઈ શકે. એટલે જ દુનિયા સામે મારી જાતને સંકોચીને રૂમમાં આઝાદ કરી જીવી લવ છું."

"તું નહીં સુધરે....મને તો બિચારા દિનકરની દયા આવે છે. એ તને કેમ સાચવી શકશે ?" હું બોલ્યો.

"એની પાસે મારું કંઈ ચાલે એમ નથી. એ બહુ કાબો છે. એને તું વિચારી ના શકે એવી ખોપરીઓ સાથે રોજ પનારો પડે છે. ચાલ એની જોડે વીડિયો કોલમાં વાત કરીએ." તેના ચહેરો ગુલાબી થઈ રહયો હતો.

મેં અને ગીતાએ વિડિયોકૉલમાં તેની સાથે વાત કરાવી. મને ખૂબ મજા પડી. મને એ સાગર જેવા જ લાગ્યા પણ વેલ મૅનેજડ અને વેલ એજ્યુકેટેડ. તેમની ભાષા વાત કરવાની શૈલી અને જ્ઞાન જોતાં લાગ્યું. ગીતાએ ખરેખર સારો છોકરો પસંદ કર્યો હતો. મને ગીતા પર ગર્વ થયો.

"ગીતા પ્રેમનું પણ કેવું અજીબ છે નહીં. તું અહીં ગુજરાતમાં અને એ ક્યાં બંગાળ...પાછું રહેવાથી લઈને બધું સાવ અલગ. તું ખરેખર એને ચાહે છે ? આઈ મીન તમારી બંને વચ્ચે એવું શું છે જે તમે બંને આટલાં ઝડપી હોવા છતાં તમને જોડાયેલાં રાખે છે." મને આ બધું માની ના શકાય એવું લાગતું હતું.

“યસ, હું તેને પ્રેમ કરું છું. તેને પણ પોતાની જાતથી વધારે મને ચાહી છે. જેવી છું તેવી જ સાચવી અને સંભાળી છે. બીજી કોઈ માગણી નહીં. કોઈ માથાકૂટ નહીં. આટલો પ્રેમ હોવા છતાં કોઈ સારો છોકરો મળે તો પરણી જવાની સલાહ આપી છે. એક છોકરીને કોઈ છોકરા કે લાઈફ પાસે આથી વધુ કશું ના જોઈએ.’’ તેને મારા ખોળામાં સૂતાં કહ્યું.

હું તેને મારા ખોળામાં સુવડાવી માથામાં હાથ ફેરવવા લાગ્યો. તે આગળ બોલી. "કાના, તને હજુ પ્રેમ થયો નથી એટલે આ બધું નહીં સમજાય. એ થાય એટલે બધું ગમે એટલું અલગ હોય કશો ફર્ક ના પડે. એ મોમેન્ટ્સના સહારે આખી જિંદગી વીતી જાય. દુનિયાભલે એને વેવલાઈ કે મૂર્ખાઈ કહે."

“ગીતા, તું એની સાથે લગ્ન કરી લે. આવો છોકરો તને ક્યાંય નહીં મળે. એને હા પાડી દે. દુનિયાને જે કહેવું એ ભલે કહે. મમ્મી-પપ્પાની બહુ ચિંતા ના કરવી. તને આટલી ફ્રીડમ આપે છે તો દિનકરને પણ અપનાવી લેશે. અત્યારે કદાચ વિરોધ કરે પણ સમય જશે એટલે એ એમને સમજાશે. દાદાજી તને સપોર્ટ કરે એટલે બધા સ્વીકારી પણ લેશે.’’ મેં કહ્યું.

“કાના, આબધું લાગે એટલું સહેલું નથી. અહીંયાં હજી બીજી જ્ઞાતિમાં લગ્ન કરવામાં પણ તકલીફ છે. માન્યું આપણાં ઘરમાં બહુ પ્રોબ્લેમ નથી. આપણાં ફઈને મારા માટે કોઈ કરોડપતિ કુટુંબ જોઈએ છે.એનેમારા માટે છોકરોપણ શોધી રાખ્યો છે. માન્યું હું એ માટે બધી રીતે લાયક પણ છું. પણ એ પૈસામાં મને પ્રેમ નહીં મળી રહે.. મને એવી કોઈ પૈસાવાળાને પરણવાની ઈચ્છા નથી. મારે તો બસ દિનકર જોઈએ. એ હું જેવી છે એવી રીતે મને ચાહે છે. મારે પૈસો નહીં પ્રેમ જોઈએ.’’ તે બોલી.

“હું વાત કરું ઘરમાં ?’’ મેં કહ્યું.

તે જોરથી હસી પડી. “ઓહો,તને લાગે છે તું એવડો મોટો થઈ ગયો છે. તારી ત્રેવડ છે તારા પપ્પા કે મારા પપ્પા જોડે આંખોમાં આંખ નાખીને વાત કરવાની. એસવાલો પૂછશે એના જવાબો આપવાની.પેલા તો તને ઢીબી નાખશે. તને બધી ખબર હતી તો તે અમને કહ્યું કેમ નહીં ? મૂક હવે ક્યાં જલ્દી છે લગ્નની જે થશે તે જોયું જશે. તારો મૂડ મેં નાહકનો સેડ કરી નાખ્યો. કેટલા દિવસે આવ્યો તું...’’ તે મારા ગાલ ખેંચતા બોલી.

"મારો મૂડ કંઈ સેડ નથી થયો. મને તો ઘણું ગમ્યું. મારે આવી સમજદાર બહેન છે. એનો ગર્વ પણ છે. તું ચાલી જઈશ પછી મારું શું થશે ?" હું બોલ્યો.

તે મને વળગી પડી, “લવ યુ માય બ્રધર. તું નાનો છો પણ તારામાં ડેરિંગ જબરદસ્ત છે. એન્ડ હવે મીરા છે. મને લાગે છે એ તને સંભાળીલેશે. ચાલ હવે મને સાગર અને તારા ફ્રેન્ડ વિશે કહે. બધું ડિટેઈલમાં. ખાસ તો મીરામાં મને રસ પડ્યો છે.

"તું વિચારે છે એવું અમારી બંને વચ્ચે હજુ કશું નથી. એપણ તારા જેવી છે. ખુદકરતાં મારી ચિંતા વધારે હોય છે."

મે મારી વાર્તા શરૂ કરી.અમે બંને ક્યાંય સુધી વાતો કરતા રહ્યા. મારી વાતો સાંભળી તેની આંખો ચમકી રહી હતી. મેં તેને ઈશિતા અને રાહુલ વિશે પણ કહ્યું. મારી ઘર સામે ગર્લ્સ હૉસ્ટેલની વાત સાંભળી તે બોલી :

“કાના, મને તારી સ્કૂલ, તારું ઘર, મીરા – બધું કોઈ પરિકથાની કલ્પના જેવું લાગે છે. કાકાની કિટલી, ફ્રીડમ બૉક્સ અને ગ્રાન્ડ હ્રસ આટલું બધું એક સાથે ૪ મહિનામાં. મને કંઈ સમજાતું નથી. તું બહુ એટલે બહુ ફાસ્ટ જઈ રહ્યો છે. મને કંઈ ઠીક નથી લાગતું. આઈ મીન આ નૉર્મલ લાઈફ નથી. તું સાચવજે. મને ખરેખર તારી ખૂબ ચિંતા થાય છે. તારા પર પ્રાઉડ પણ છે કે મારો ભાઈ ‘ફ્યુચર લૅબ’માં ભણે છે.’’

સવારે ૪ વાગ્યે અમે બંન્ને સુતા. હું સૂતાં સૂતાં ક્યાંય સુધી વિચારતો રહ્યો. ખરેખર મીરા સાચી હતી. બધું ધાર્યા કરતાં બહુ ઝડપથી આગળ વધી રહ્યું હતું. ખબર નહીં ભવિષ્યમાં શું થવાનું હતું. મને ઘરે આવ્યા પછી એક અલગ જ શાંતિ અનુભવાતી હતી. મીરા પણ તેના લવ બાબતે સાવ નૉર્મલ થઈ ગઈ એ જાણીને સાવ નિરાંત થઈ ગઈ હતી. **(ક્રમશઃ)**

Mo. & wtsp - 88666 09807
ravivir2020@gmail.com

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૮-૦૧-૨૦૨૧, શુક્રવાર, માગશર વદ-૧૦, સૂર્યોદય-૭-૨૯, સૂર્યાસ્ત-૬-૧૬, જૈન નવકારશી-૮-૧૭, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ ચિત્રા

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૨થી ૧૩-૧૫ અભિજીત, ૭-૨૯થી શુભ-૮-૫૦ સુધી ૧૧-૩૨થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૫ સુધી, ૧૬-૫૬થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૫ સુધી

**- શુભ હોરા-**

૭-૨૯થી ૮-૨૩ સુધી, ૧૦-૧૧થી ૧૨-૫૩ સુધી, ૧૩-૪૭થી ૧૪-૪૧ સુધી, ૧૬-૨૯ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ(અ,લ,ઈ): સમય સારો છે. તમારા વ્યક્તિત્વની સામે વિરોધી પરાજિત થશે અને તમે તમારા કામને યોગ્ય રીતે પૂર્ણ કરી શકશો.

» વૃષભ(બ,વ,ઉ): સ્થાન પરિવર્તનને લગતી યોજના બની રહી છે તો આજે તે કાર્યને શરૂ કરવાનો યોગ્ય સમય છે.

» મિથુન(ક,છ.ઘ): આ સમયે તમારી આસપાસની પરિસ્થિતિઓમાં થોડા ફેરફાર અનુભવ કરશો.

» કર્ક(ડ,હ): પરિસ્થિતિઓ તમારા પક્ષમાં છે. પરંતુ ભાવનાઓની જગ્યાએ વિવેક અને ચતુરાઈથી કામ લેવું તમારા માટે ઉન્નતિદાયક સાબિત થશે.

» સિંહ(મ,ટ): આ સમય આત્મમંથન તથા આત્મ વિશ્લેષણનો છે. અન્યના પ્રભાવમાં આવશો નહીં.

» કન્યા(પ,ઠ,ણ): આજે પ્રોપર્ટીને લગતું કોઈપણ કામ કરવા માટે સમય ખૂબ જ અનુકૂળ. પરિવાર સાથે કોઇ ધાર્મિક સ્થળે જવાનો પ્રોગ્રામ બનશે.

» તુલા(ર.ત.): આ સમયે ભાગ્ય તમને દરેક પરિસ્થિતિ સામે લડવાની શક્તિ પ્રદાન કરી રહ્યું છે. સમયનો ભરપૂર ઉપયોગ કરો.

» વૃશ્ચિક(ન.ય.): તમને અનુભવ થશે કે કોઇ ઈશ્વરીય શક્તિ તમારા માટે કામ કરી રહી છે.

» ધન(ભ,ધ,ફ,ઢ): છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી કોઇ સમસ્યાનું નિવારણ થશે.

» મકર(ખ.જ.): સમય ઉત્તમ છે. તમારી ક્ષમતાઓને કરિયર, અધ્યાત્મ અને ધર્મની પ્રગતિમાં યોગ્ય રીતે ઉપયોગ કરવામાં સક્ષમ રહેશો.

» કુંભ(ગ,સ,શ,ષ): થોડા સમયથી ચાલી રહેલી ભાગદોડથી રાહત મેળવવા માટે પ્રકૃતિની નજીક થોડો સમય પસાર કરો.

» મીન(દ,ચ,ઝ,થ): આ સમયે ગ્રહ સ્થિતિ તમને સાવધાન કરી રહી છે કે નાણાકીય યોજનાઓ અંગેના કાર્યો ઉપર તમારું ધ્યાન કેન્દ્રિતકરો.

# અત્યાચાર, અન્યાય, કે ગંભીર ઘટનાના બન્યા પછી શું અકરવું ને શું ન કરવું






પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ શશી થરુરે તેમના કાર્યકાળ દરમિયાન ટેડ ટોક આપી હતી, જેમાં ભારતના સોફ્ટપાવર પર મસ્ત વાતો કરી હતી.

શશીભાઈએ કહ્યું હતું કે, તેમને અમેરિકાન વૃદ્ધ મહિલા મળી હતી, જેને હિન્દી અથવા ભારતીય ભાષા તથા અહીંના કલ્ચર વિશે કશું ખબર ન હતી છતાં તે નિયમિત બોલિવૂડ ફિલ્મો જોતી હતી. આ મહિલાએ જણાવ્યું હતું કે તેને ફિલ્મમાં કશી સમજ પડતી નથી, પણ તે બોલિવૂડ ડાન્સની દીવાની હતી...

બોલિવૂડે એક વિદેશી ડાન્સ ઉઠાવ્યો અને શ્રેષ્ઠ ભારતીયકરણ કર્યું, એ ડાન્સ છે કેબ્રે....યુરોપ અમેરિકામાં કેબરેને પારિવારિક ડાન્સ ગણવામાં આવતો નથી કારણ કે ત્યાં બોલીવુડ નથી...સારું છે કે આ દશમી સદી નથી, બાકી આપણા રાજાઓ કેબરેના સ્થાપત્યો પણ બનાવી દેત....

આપણને તો જે પસંદ પડે તેનું ભારતીયકરણ કરી નાખીએ. પિત્ઝાથી કહેવાતી ચાઈનીઝ આઈટમો....વાયા કેબરે...

એની વે, છેક પચાસ સાઠના દાયકાથી બોલિવૂડમાં કેબ્રે ડાન્સ પ્રચલિત થવા લાગ્યો, એક સમય તો એવો આવ્યો હતો કે કેબરે વિનાની ફિલ્મની કલ્પના જ ન હોય.



દેવલ શાસ્ત્રી
સંકલન

કેબરે ડાન્સે કેટલી મોટી આર્ટિસ્ટ રેન્જ આપી? ફિલ્મમાં કેબરેની શરૂઆત કુકુ નામની ડાન્સરે કરી, તેણે જ સજેસ્ટ કરેલી હેલન કેબરેને એટલી ઉંચાઈ પર લઈ ગઈ કે વરઘોડામાં પણ કેબરે ડાન્સ વગર મજા ન આવે...વિચારો યે મેરા દિલ પ્યાર કા દીવાના..બેન્ડવાળા વગાડતા હોય અને નાચવાની મજા... કોરોનાએ વરઘોડાની પત્તર... જવા દો, એ વાત...

હેલન પછી તો આખી કેબ્રે પેઢી થઈ... આશા સચદેવ, આપણી ગુજરાતી બિન્દુ અને અરૂણા ઈરાની, કલ્પના ઐયર, જયશ્રી ટી, પદ્મા ખન્નાથી શરૂ થયેલી પરંપરામાં ઝીનત અમાન અને પરવીન બાબીએ હીરોઈન થકી ડાન્સને નવો રંગ આપ્યો. આ પછી તો રેખા, રાખી, હેમા કે દિપીકા, પ્રિયંકા, કરીના સહિત બધી જ જનરેશનની હીરોઈનો કેબરે પર હાથ અને પગ અજમાવી ચૂકી છે.... ૨૦૧૬માં રિચા ચઢ્ઢાની કેબરે નામની રોમેન્ટિક ફિલ્મ પણ આવી ચૂકી છે...મિન્સ કેબરે બોલીવૂડની રગોમાં છે. ઘણાને એ સવાલ ઉદભવે કે કેબરે ડાન્સ ફોર્મેટ ખાલી મહિલાઓ માટે જ? પુરુષોનો શું વાંક? કેબરે નજાકત, શેપ, લચક, રિધમ, સૌંદર્ય... જેવા શબ્દો સાથે છે...બાકી આ બધું ફાવતું હોય તો...

કેબરે ડાન્સ મૂળે ફ્રાન્સનો અને હા, કેબરે શબ્દ મૂળે ડચ. કેબરે એટલે નાનો ઓરડો...લે ચેટ નોઈર ઉર્ફે કાળી બિલાડી નામની એક જગ્યાએ ફ્રાન્સના કેટલાક બુદ્ધિશાળી લોકો એક રુમમાં ભેગા થતા. ધીમે ધીમે ખાણીપીણી અને સંગીત જલસા થવા લાગ્યા. આ પ્રણાલી ફ્રાન્સમાં ફેલાવા લાગી, આ જોઈને વધુ ને વધુ લોકોને આકર્ષવાના પ્રયાસોમાં ઓરડામાં થતો ડાન્સ મિન્સ કેબરે ડાન્સ અસ્તિત્વમાં આવ્યો. કવિતાઓ વંચાતી, નાટકો અને સંગીત રચાવા લાગ્યા. કલાકારોને તેમની કલાપ્રદર્શન માટે સ્પેસ મળી. વર્ષ ૧૯૦૦ સુધી એકલા ફ્રાન્સમાં દોઢસો જેટલી ક્લબ બની ચુકી હતી. કેબરે ક્લબની મોજની પ્રથા જર્મની ગઈ, ત્યાંથી આખા યુરોપ અને અમેરિકા સુધી પહોંચી. કેબરે સાથે કેટલીય ક્રાંતિકારી વાતો થઈ, આપણે ફિલ્મોમાં કેબરે ડાન્સમાં ખાલી ભાઈલોગને જ ભેગા કર્યા. કેબરે પતે એટલે હીરો કે વિલનોએ ગોળીઓ ફોડી...

કેબરે ક્લબએ આર્ટનું વિશાળ ફોર્મેટ છે, જેમાં ડાન્સ, મ્યુઝિક, નાટક, પઠન સાથે પબ્સ, બાર, નાઈટક્લબ, ખાણીપીણી, કપલ ડાન્સ, ગ્રૂપ ડાન્સ બધાનો સમાવેશ કરી શકાય. હિન્દી ફિલ્મોની જેમ કેબરેમાં મેસેજ પણ આપી શકાય...

રાજેશ ખન્ના, આશા પારેખ અને બિંદુ ફેમ કટિ પતંગનું સોંગ ’મેરા ના હે સબનમ, પ્યાર સે લોગ મુઝે કહેતે હે શબ્બો’ ....ડાન્સ સાથે મેસેજ આપીને કહાની આગળ વધતી હતી...એક કેબરેના સહારે.

# મિત્રો ને ચિત્રો, આંસુભરી આંખે ધૂંધળા દેખાય

કોરોના કાળવાળા ભયાનક ૨૦૨૦ના વરસ પછી બે દિવસ અગાઉ નવું વરસ આવ્યું, પણ ન્યૂ યર પહેલીવાર આવ્યું હોય એમ લોકો સતત યાદ અપાવે છે કે ‘જુઓ જુઓ નવું વરસ આવ્યું, આ વરસે જરૂર કાંઈક સારું થશે!’ અરે, પણ કોનું સારું થશે, એ કોઈ નથી કહેતા! વળી પોલિયોની બે બૂંદ જેમ કંપલ્સરી નવા સંકલ્પો લેવા જ જોઈએ, એમ જાણે ડૉક્ટરે કહ્યું હોય એ રીતે સૌ સંકલ્પો લેવા માટે મજબૂર કરે છે. લોકડાઉનવાળા ગયા વરસના ગોઝારા દિવસો યાદ કરવામાં મને એટલો બધો ટાઈમ લાગી ગયો કે નવા વરસના સંકલ્પ સૂઝ્યાં જ નહીં. વધારે વિચારત તો એમાંને એમાં વરસ ખતમ પણ થઈ જાત! જોકે, મને પણ બહુ ઉતાવળ નહોતી. જો કે, રસ્તાઓ પર ખાડાઓ એના એ જ હતા, ભાવવધારો એટલો જ હતો જે ગયા વરસે હતો! તો આ વરસે શું નવું થઈ જશે? છતાંયે આવનારી જિંદગીને મજેદાર બનાવવાની અમુક ટેક્નિકો વિચારી છે જેમ કે- ધારો કે તમે ટી.વી. પર સમાચાર જોતા હો તો સાઉન્ડ બંધ કરી દો ને એમ વિચારો કે ટી.વી. પર ન્યૂઝની એન્કર તમારા વિશે સારી સારી વાતો કહી રહી છે. સુંદર ઘટનાઓની કલ્પનાઓ કરો ને એમાં તમારું નામ ‘દરેક ત્રીજી લાઈનમાં ઉમેરો! જેમ કે એક હિરોઈને તાજમહાલ ખાતે શૂટિંગ કરતાં કરતાં એમ કહ્યું, "હું ગયા જનમે મુમતાઝ બેગમ હતી અને મારી યાદમાં મારા પ્રેમી શહાજહાંએ આ તાજમહેલ બનાવેલો. અને એ પ્રેમી આજે ફલાણા નામે (તમારું નામ) ભારતમાં વસે છે. આ ન્યૂઝ સાંભળીને મારા ગયા ભવનો પ્રેમી (તમારું નામ) જ્યાં હોય ત્યાંથી તરત મારો કોન્ટેક્ટ કરે. હું એને આ અઠવાડિયે જ પરણવા માગું છું, કારણ કે આવતે અઠવાડિયે હું જરા બિઝી છું.

આમ પોતાની જાતને હિરોઈન સાથે કલ્પીને તમે ખૂબ સારું ફીલ કરશો. (હિરોઈનને કેવું ફીલ કરશે એ અલગ વાત છે!) અને હા, આ પ્રયોગ પત્નીની સામે ન કરવો નહીં તો એ તમને પાછલા ભવની હિરોઈનને ચાહવા બદલ આ ભવમાં પણ છોડી દેશે! વળી જો તમે ગૃહિણી હો તો ટી.વી. ન્યૂઝમાં એમ કલ્પી શકો કે કાંદાના ભાવ વધવાથી સરકારે દરેક ગૃહિણીને પાંચ કિલો કાંદા લેવા માટે બૅંક લોન આપવાની યોજના રાખી છે. તમારે બૅંકમાં તમારું મંગળસૂત્ર દેખાડવાનું અને પ્યાજ ખરીદવા બિના વ્યાજ લોન મળશે! આમ ટી.વી.ના બોરિંગ સમાચારોમાં પોઝિટિવ વિચારો ઉમેરીને વાસી જીવનમાં નવો વઘાર મારી શકશો. પોઝિટિવ થિંકિંગ એ સિવાય એક ઉપાય એ છે કે રોજિંદા સંકલ્પો કરો. બહુ આળસુઓ હોય એ જ વરસમાં એક વાર સંકલ્પ રાખે પણ હું તો આત્મનિર્ભર છું માટે રોજ નવા તાજા સંકલ્પો બનાવું છું. ‘જેમ કે- હું આવતી કાલે સવારે જાગી જ જઈશ ને ઊઠીને બ્રશ પણ કરીશ જ!’ હવે નેચરલી તમે સવારે ઊઠશો જ અને બ્રશ તો કરશો જ એટલે આપોઆપ અંદરથી સારું લાગશે કે વાહ, મેં એક સંકલ્પ પાળી જોયો! ટૂંકમાં બહુ અઘરા સંકલ્પો નહીં લેવાના. જેમ કે હું સાસ-બહૂની સિરિયલ બોરિંગ હોવા છતાં નહીં જ જોઉં વગેરે પણ સંકલ્પ પ્રેક્ટિકલ રાખોઃ હું નવ વાગે સવારે જાગી જઈશ. (આમાં વહેલી સવારે બોલવું જરૂરી છે, કારણ કે તમે બપોરે સૂતા હો તો તમારે રાત્રે નવ પહેલાં ઊઠવું જોઈએ નહીં તો ઘરનાં એમ માની બેસશે કે તમે ‘કોમા’માં સરી પડ્યા છો!)

**(મુંબઈ સમાચારમાંથી સાભાર)**

# બિલ્ડરોને મોટી રાહત, કેબિનેટ દ્વારા પ્રીમિયમમાં ૫૦ ટકા છૂટ

ચક્રવાત ટીમ, મુંબઈ, ૭

બાંધકામ કરતા બિલ્ડરોને પ્રીમિયમમાં ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવાની દરખાસ્તને કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય પ્રધાનમંડળની બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવતા. બિલ્ડરોને આ મોટી રાહત મળી છે. અગાઉની કેબિનેટની બેઠકમાં કોંગ્રેસે આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. સરકારમાં ત્રણેય પક્ષો દ્વારા ચર્ચા કર્યા બાદ આજે આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. જો કે આ નિર્ણયથી બિલ્ડરોને રાહત થશે, તે મહાનગર પાલિકા માટે આંચકો લાગશે. આ નિર્ણય અંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી પ્રાજાક્ત તનપુરેએ જણાવ્યું હતું કે કોરોના સમયગાળા દરમિયાન મહાનગરપાલિકામાંથી તેમની આવકમાં ઘટાડો થયો હતો. પરિણામે, તેમને પ્રીમિયમ પર છૂટ આપવાની ઓફરનો પ્રસ્તાવ આવ્યો હતો. જેના કારણે તેમની આવકમાં તીવ્ર ઘટાડો થયો. તેમણે કહ્યું કે કોર્પોરેશનને આવક મળી રહે તે માટે આજે આ નિર્ણય લેવામાં આવ્યો છે. તનપુરેએ જણાવ્યું હતું કે, જે લોકો ફ્લેટ વેચે છે તેમને સ્ટેમ્પ ડ્યુટીનો લાભ મળશે. બિલ્ડરો દ્વારા સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવી જોઈએ. પ્રીમિયમ ચૂકવનારા બિલ્ડરોને લાભ થશે. મકાનોના ભાવ ઘટશે. આનાથી પુનર્વિકાસ પ્રોજેક્ટને ફાયદો થશે તેમ તનપુરે જણાવ્યું હતું.

બાંધકામ પ્રોજેક્ટ્સને ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધીના તમામ પ્રીમિયમ પર ૫૦ ટકા છૂટ આપવામાં આવશે અને જે લોકો આ છૂટનો લાભ લેશે તેઓએ ગ્રાહકો વતી સંપૂર્ણ સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવી પડશે. આ નિર્ણયના પરિણામે, ગ્રાહકોને બાંધકામ પ્રોજેક્ટ્સને આપવામાં આવતી રાહતનો સીધો લાભ પણ મળશે. રાજ્યના આર્થિક અને ઓદ્યોગિક ક્ષેત્રે કોવિડ -૧૯ વાયરસ ચેપ, વિશ્વ આરોગ્ય સંઘટને હાજેર કરેલ મહામારી અને લોકોના આરોગ્યને બચાવવા રાજ્યના સમયસર તાળાબંધીના ભયના કારણે મંદીનો માહોલ ઊભો થયેલ છે. રાજ્યના બાંધકામ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા દીપક પારેખની સમિતિની રચના કરવામાં આવી હતી. કમિટીએ બાંધકામ ક્ષેત્રે રોકાણને વધુ આકર્ષક બનાવવા અને તે પ્રમાણે પોસાય તેવા મકાનોની ઉપલબ્ધતામાં વધારો કરવા સૂચનો સાથે સરકારને પોતાનો અહેવાલ આપ્યો હતો. સમિતિ દ્વારા ભલામણ મુજબ, રાજ્ય સરકારે બાંધકામ પ્રોજેક્ટ્સ પર સરકાર દ્વારા લેવામાં આવતા વિવિધ પ્રીમિયમ પર ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં ૫૦ ટકાની છૂટ આપવા અને તમામ સ્તરે આયોજનના અધિકારીઓ / સ્થાનિક પ્રશાસન તંત્ર દ્વારા વસૂલવામાં આવેલા પ્રીમિયમમાં છૂટ આપવા પણ નિર્દેશ રાજ્ય સરકારને આપ્યો હતો.. કોઈ વિશિષ્ટ જૂથ અથવા પ્રોજેક્ટને આ છૂટનો અયોગ્ય લાભ ન થાય તે માટે, ૧ એપ્રિલ, ૨૦૨૦ અથવા હાલના વાર્ષિક બજારભાવ દર કોષ્ટક, જે વધારે હશે તેના પર પ્રીમિયમ દરો માટે રાહત ગણવામાં આવશે.

હાઉસિંગ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારની સ્ટેમ્પ ડ્યુટીમાં છૂટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ છૂટની મુદત ૩૧..૦૩.૨૦૨૧ સુધી છે. તમામ પ્રોજેક્ટ્સ કે જે પ્રીમિયમ છૂટ મેળવવા ઈચ્છતા હોય તેઓએ ૩૧.૧૨..૨૦૨૧ સુધી ગ્રાહકવતી સંપૂર્ણ સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાની રહેશે. તેથી, રાજ્ય સરકાર પ્રીમિયમમાં જે છૂટ આપવા માંગે છે તેનો સીધો લાભ ગ્રાહકોને પણ મળશે. પરિણામે, આવાસ અને સ્થાવર મિલકત ક્ષેત્રોમાં આવેલ કરંટ આગામી એક વર્ષ સુધી ચાલુ રહેશે. જે સામાન્ય મકાન / ફ્લેટની પોતાની માલિકીનો ફ્લેટ લેવા ઈચ્છા હોય તેવા સામાન્ય લોકો માટે પણ તેનો મોટો ફાયદો થશે.

# વિદ્યાવિહાર રેલ્વે ઓફિસ ખાતે ચીફ બુકિંગ સુપરવાઈઝરની આત્મહત્યા



ચક્વાત ટીમ,મુંબઈ, ૭

કોરોનાથી મુંબઇ અને મુંબઈવાસીઓની સ્થિતિ ધીરે ધીરે સામાન્ય થઈ રહી છે ત્યારે એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. વિદ્યાવિહાર રેલ્વે સ્ટેશનના કર્મચારીએ ઓફિસમા આત્મહત્યા કરી છે. સૂત્રો દ્વારા જાણવા મલ્યુ છે કે મુંબઈના વિદ્યાવિહાર રેલ્વે સ્ટેશનના પશ્ચિમ વિસ્તારમાં આવેલી રેલ્વે ઓફિસમાં બની હતી. ચીફ બુકિંગ સુપરવાઈઝર તરીકે કામ કરતા ૫૫ વર્ષીય કૈલાસ કદમે ભારે પગલું ભર્યું. હતુ. તે સવારે ઘરેથી નીકળી સીધો ઓફિસ આવ્યો હતો..તેણે કામ શરૂ કરતા પહેલા જ જીવન સમાપ્ત કરવાનો નિર્ણય લીધો હતો. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. ઘટનાની જાણકારી મળતાં ઘાટકોપર પોલીસ અને રેલ્વે પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. ચીફ બુકિંગ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા કૈલાસ કદમે ગુરુવારે સવારે રેલ્વે ઓફિસમાં ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આ ઘટનાને કારણે ઓફિસ કર્મચારીઓમાં હંગામો થયો હતો. કૈલાસ કદમની આત્મહત્યા પાછળનું કારણ બહાર આવ્યું નથી. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે રાજાવાડી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે. ઘાટકોપર પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે.

# સંતુલન ખોવાઈ જવાથી નવવિવાહિતા કુવામાં પડી પત્નીને બચાવતાં પતિ પણ ડૂબતા દંપતીનું મૃત્યુ

ચક્વાત ટીમ, મુંબઈ ૭

ધૂળેમા સંતુલન ખોવાઈ જવાથી નવવિવાહિતા કુવામાં પડી હતી,પત્નીને બચાવતાં પતિ પણ ડૂબતા મૃત્યુ થયુ છે. સાક્રી તાલુકાના બલસાણે ખાતે લક્ષ્મણ પંખીરીનાથ રત્નપારખે અને તેમની પત્ની અંજુબાઈ લક્ષ્મણ રત્નપારખે ખેતરનું કામ કરતા હતા. તે સમયે, પત્ની અંજુ તેના પતિ માટે પીવાનું પાણી લેવા કૂવામાંથી પાણી લેવા ગઈ હતી. કૂવામાથી પાણી કાઢતા અચાનક તેનું સંતુલન ગુમાવતા તે અંદર પાણીમા પડી ગઈ હતી. આ જોઈને પતિ પત્નીને બચાવવા કૂવામાં કૂદી પડ્યો હતો.. પરંતુ કૂવામાં પાણીનું સ્તર વધુ હોવાને કારણે બંને તળિયામા ફસાતા નવદંપતી ડૂબી ગયા. હતા. આ ઘટનાની જાણ ગામમાં અગ્નિની જેમ ફેલાતાં પોલીસ તંત્રને જાણ કરવામાં આવી હતી. આ પછી સરપંચ દરબારસિંહ રાજપૂત, ગ્રામજનો અને પોલીસ તંત્રની મદદથી બંનેના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

## અંધેરી સ્ટેશન પર માસ્ક અભિયાન......



બહારગામથી આવેલા મુસાફરોનું અંધેરી સ્ટેશન બ્રિજ પર ચેકીંગ અને તેમની વિગતો નોંધવામાં આવતી હતી. જો કે નોંધણી કરનાર વ્યક્તિએ માસ્ક ન પહેરતા મહિલા મુસાફરે તેને માસ્ક પહેરવાની સલાહ આપી હતી.

# 'જલેબીને ફાફડા, ઉધ્ધવ ઠાકરે આપણા', ભાતખળકરને લાગ્યા તિલગુલ તીખા : હેમરાજ શાહ

### કોકણમા શિવસેનાને પછડાટ આપી જલેબી ફાફડા ખાઈશુ: આશિષ શેલાર

ચક્વાત ટીમ, મુંબઈ ૭

ગુજરાતીઓને પોતાના ગણાવતા શિવસેના પર ભાજપે ટીકા કરી છે. 'જલેબી ને ફાફડા, ઉધ્ધવ ઠાકરે આપણા', તો ભાજપના અતુલભાઈને કેમ લાગ્યા તિલ ગુલ તીખા તેવો પ્રશ્ન શિવસેનાના ગુજરાતી રાષ્ટ્રીય સંયોજક હેમરાજ શાહે કર્યો હતો. બીજી બાજુ ભાજપના નેતા આશિષ શેલારે જલેબી ફાફડા પણ અમારા અને શિવસેનાને કોકણમા ધોબી પ્છાડ આપી જવાબ આપીશુ તેવો ઉંહકાર કર્યો હતો. આમ ગુજરાતી અને મરાઠી ભાષાનો વાદ શિવસેના અને ભાજપ વચ્ચે પેટ્યો છે.જેના પડધા ૨૦૨૨મા યોજાનારી મુંબઈ મહાપાલિકાની ચૂંટ્ણીમા જોવા મળશે. શિવસેનાના રાષ્ટ્રીય સંયોજક હેમરાજ શાહ અને શિવસેના ગુજરાતી સેલના ઉપક્રમે ૧૦મી જાન્યુઆરીએ 'જલેબી ને ફાફડા, ઉધ્ધવ ઠાકરે આપણા' કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ છે. હેમરાજ શાહનું માનવુ છે કે ભાજપ ગુજરાતીઓને માત્ર મત બેન્ક જ સમજે છે. અને ઉમેદવારી આપવાની વાત આવે છે ત્યારે જુદા સમીકરણો બેસાડે છે. શિવસેના 'મરાઠી માણુસ' અને ધરતીપુત્રોને પ્રાધાન્ય આપે છે. પરંતુ અત્યાર સુધી ભાજપ સાથે યુતિ હોવાથી ગુજરાતીઓને પ્રતિનિધિત્વ નહોતું મળતુ. જો કે શિવસેના ગુજરાતીઓને ૫ પ્રતિનિધીત્વ આપવા માંગે છે.તેથી આ કાર્યક્રમનું આયોજન કરવામા આવેલ છે. મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણીને હજી એક વર્ષથી વધુ સમય બાકી છે, ત્યારે બધા પક્ષોએ ચૂંટણીની તૈયારીઓ અત્યારથી શરૂ કરી દીધી છે. મતદાતાઓને રિઝવવા અને એકબીજાના વોટ બેન્કમા ગાબડુ પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. મુંબઈ શહેર અને પરામા ગુજરાતીઓની વસ્તી બહોળી છે. મુંબઈમા ગુજરાતી સમાજ ભાજપની પરંપરાગત વોટ બેન્ક માનવામા આવે ચે.જેમા ગાબડુ પાડવાનો પ્રયાસ શિવસેનાએ શરૂ કર્યો છે. તેના સંદર્ભે કાર્યક્રમને 'જલેબી, ફાફડા' નૂમ સૂત્ર આગુજરાતી મતદાતાઓના દિલ જીતવા આ કાર્યક્રમનું આયોજન કર્યાનું જણાય છે. આ કાર્યક્રમ બાબતે અતુલ ભાતખળકરએ ગુજરાતીઓ ભાજપની વોટબેન્ક હોવાનું જણાવી શિવસેનાની ટીકા કરી હતી,જે બાબતે ભાતખળકરને લાગ્યા તિલગુલ તીખા કેમ લાગ્યા : કહીને હેમરાજ શાહે કહી ટીકાનો ઉત્તર આપ્યો હતો. જ્યારે ભાજપના નેતા આશિષ સેલારે શિવસેનાને કોકણ પણ અમારુ અને ફાફડા પણ અમારા, કોકણમા શિવસેનાને પછડાટ આપી જલીબી ફાફડા અમે ખાઈશુનો ટોણો માર્યો છે.

## એકતા જૈને કરાવ્યું ફોટોશૂટ........



એકતા જૈને મોનોક્રોમ અને ગોથિક લૂક હોટ ફોટો શૂટ કરાવ્યું. એકતા હાલમાં ટીવી શોઝ અને ફિલ્મમાં કામ કરી રહી છે. સોશિયલ મીડિયામાં પણ તેના હજજારો ફેન છે. હાલમાં લીબાસ બ્રાન્ડ માટે એકતાએ હોટ ફોટો શૂટ કરાવ્યું હતું. પોતાના રેગ્યુલર લૂક થી અલગ અંદાઝમાં એકતાનો લૂક ફેનને પસંદ પડ્યો હતો.

# મ્હાત્રે દંપતી પર ફાયરિંગ કેસમાં ત્રણની ધરપકડ

### કાલ્હેર ગ્રામપંચાયતની ચૂટણીમા ઉમેદવારી નોંધાવતા હુમલો

ચક્વાત ટીમ,મુંબઈ, ૭

ભિવંડી તાલુકાની કાલ્હેર ગ્રામ પંચાયતની ચૂંટણી માટેના ઉમેદવારી નોંધાવવા અંગે ગુસ્સે થતાં દીપક મ્હત્રે અને તેની પત્નીને પર ત્રણ શખ્સોએ ગોળીબાર કરી હત્યાનો પ્રયાસ કયો હતો.સદનસીબે, આ દંપતી હુમલામાં બચી ગયું. પોલીસે હુમલાખોરોની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે. વિકી ઉર્ફે સોનુ પ્રકાશ મ્હત્રે (૨૫) રહે. કલ્વર ભિવંડી, કિશોર ભોઈર (૨૦) રા. ડોમ્બાવલી પશ્ચિમ અને વૈભવ વિજય ભોકરે (૨૫) રા. આરોપીઓની ઓળખ થઈ છે. ભિવંડી તાલુકાની કાલ્હેર ગ્રામમા રહેતા દિપક મ્હાત્રે શનિવારે પત્ની સહિત પારિવારિક કામે થાણા ગયા હતા. થાણાથી ઘરે આવ્યા બાદ શનિવારે રાતના આશરે ૧૧.૪૫ વાગ્યાની આસપાસ તેઓ તેમના ઘર પાસે ગાડી પાર્ક કરી રહ્યા હતા,ત્યારે અચાનક એક બાઈક પર બે જણ આવ્યા હતા,તેમાથી એક જણે ત્રણ રાઉન્ડ ફાયરીંગ કર્યા હતા, દિપક મ્હાત્રે એ સમયસુચકતા વાપરતા ગોલીથી બચી ગયા હતા. ગોલીબાર થતા તેઓ પત્ની સહિત સુરક્ષિત જગ્યાએ જતા બંન્ને જણના જીવ બચી ગયા હતા..ગોલીબાર કરી બંન્ને આરોપીઓ બાઈક પર ફરાર થઈ ગયા હતા. આ અંગે નાર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. કેસ નોંધાયા બાદ પોલીસે આરોપીની શોધખોળ હાથ ધરી હતી. આખરે ભિવંડી ક્રાઈમ બ્રાંચ યુનિટ ૨ ની ટીમે આરોપીની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે. જ્યારે આરોપીઓની ધરપકડ કરીને પૂછપરછ કરવામાં આવી હતી, ત્યારે તેઓએ ગુનો કબૂલ કર્યો હતો. પકડાયેલા આરોપીઓ ઉપર અન્ય ગંભીર ગુનાઓ પણ દાખલ કરાયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. દરમિયાન શૂટિંગની ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. તે જ ફૂટેજ તેમજ ગામવાસીઓ પાસેથી મળેલ માહિતીને આધારે પોલીસે આરોપીની શોધ કરી હતી.

# અર્નબ ગૌસ્વામીની સમસ્યાઓમાં વધારો ટીઆરપી કૌભાંડના મહત્વના પુરાવા હાથમાં



ચક્વાત ટીમ, મુંબઈ,૭

ટીઆરપી કૌભાંડ કેસમાં એઆરજી આઉટલેરના રિપબ્લિક ટીવી અને ચેનલના મુખ્ય સંપાદક અર્નબ ગોસ્વામી સામે ગંભીર અને મહત્વપૂર્ણ પુરાવા હાથમાં આવ્યા છે, 'વરિષ્ઠ એડવોકેટ કપિલ સિબ્બલે બુધવારે મુંબઈ હાઈકોર્ટમાં જણાવ્યું હતું. જોકે, કંપનીનો બચાવ કરી રહેલા વરિષ્ઠ વકીલ અંગત કારણોસર પોતાની બાજુ રજૂ કરી શક્યા ન હતા અને પોલીસે ૧૫ મી જાન્યુઆરી સુધી કોઈ કઠોર કાર્યવાહી ન કરવાનો આદેશ જાળવવા કોર્ટે જણાવતા એઆરજીને રાહત મળી છે. પોલીસે તપાસનો રિપોર્ટ ૧૫ જાન્યુઆરીએ રજૂ કરવાનુ જણાવી. ત્યાં સુધી પોલીસ દ્વારા કડક કાર્યવાહી નહીં કરવાનો આગળનો આદેશ ચાલુ રાખવાનું કોર્ટે જણાવ્યુ છે. સંભાજી શિંદે અને મકરંદ શિંદે ખંડપીઠના ન્યાયાધીશ દ્વારા. વીડિયો કોન્ફરન્સિંગ વડે યોજાયેલી સુનાવણીના અંતે તેના આદેશમાં સ્પષ્ટતા કરી હતી. કંપનીએ પિટિશન અને અન્ય અનેક અરજીઓ દાખલ કરી છે કે જેમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ કૌભાંડની તપાસ ફક્ત અમને લક્ષ બનાવવા માટે કરવામાં આવી છે. પોલીસની જુબાનીથી અર્ણવ ગોસ્વામી અને એઆરજી સ્ટાફને તાત્કાલિક રાહત થઈ છે. આ અગાઉ નવી દિલ્હીના વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વેએ આ કેસમાં કંપનીનું વતી પ્રતિનિધિત્વ કર્યું હતું. જો કે, ગઈકાલની સુનાવણીમાં હાજર રહેવું તેમના માટે મુશ્કેલ હતું. તેથી વરિષ્ઠ વકીલ અશોક મુન્દાર્ગીની નિમણૂક કરી. હતી કમનસીબે, અંગત કાર્ણોને લીધે તેઓ હાજર રહી શક્યા ન હતા તેથી, આગામી તારીખ આપવી જોઈએ, વિનંતી એડ. નિરંજન મુંદાર્ગી દ્વારા રજૂ કરવામા આવી હતી. પોલીસને હવે અરજદારો સામે ગંભીર અને મહત્વપૂર્ણ પુરાવા મળ્યા છે. બાર્ક પાસેથી એકઠા થયેલા પુરાવા પણ મળી આવ્યા છે. આ કેસના સંદર્ભમાં બાર્કના પૂર્વ સીઇઓની ધરપકડ કરવામાં આવી છે અને કોર્ટે તેમની જામીન અરજી નામંજૂર કરી છે. તેથી, અમે અરજદારોના મામલામાં રાહત આપવાની ભૂમિકા નિભાવવાનું ચાલુ રાખતા નથી. ''સિબ્બલે જણાવ્યું હતું. જો કે, પ્રતિવાદીઓના વકીલોની મુશ્કેલીને કારણે હવે પછીની સુનાવણી સુધી તમે રાહ જોવા તૈયાર છો ? એવો સવાલ બેંચે પૂછ્યો હતો. સિબ્બલે વિનંતી કરી કે ઓર્ડરમાં જણાવાયું છે કે આપણે ફક્ત અનિવાર્ય કારણોસર તૈયાર છીએ. ત્યારબાદ બેંચે આની નોંધ લીધી અને આગામી સુનાવણી ૧૫ જાન્યુઆરીએ રાખવામા આવી છે.

## મહારાષ્ટ્રના ડીજીપીનો ચાર્જ સંભાળતા હેમંત નાગરાળે



૧૯૮૭ બેચ મહારાષ્ટ્ર કેડરના આઈપીએસ અધિકારી હેમંત નાગ રાળેને મહારાષ્ટ્રમાં ડીજીપીનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. સુબોધ જયસ્વાલ દિલ્હી જતા તેમને વધારાનો ડીજીપીનો ચાર્જ મળ્યો છે. પ્રેસિડન્ટ મેડલ. વિશિષ્ઠ સેવા પદક વગેરેથી તેઓ સન્માનિત છે.

# બીએમસીએ સોનુ સૂદ સામે ફરિયાદ નોંધાવી : બિલ્ડિંગમાં અનધિકૃત હોટલ શરૂ કર્યાની રહેવાસીઓની ફરિયાદ



ચક્વાત ટીમ, મુંબઈ, ૭

અભિનેત્રી કંગના રનૌત બાદ હવે અભિનેતા સોનુ સૂદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન(બીએમસી)ના નિશાન પર આવ્યો છે. કારણ કે બીએમસીએ સોનુ સૂદ સામે ફરિયાદ નોંધાવી છે. બીએમસીએ સોનુ સૂદને જુહુની છ માળની બિલ્ડિંગમાં અનિધિકૃત હોટલ શરૂ કરવા માટે જરૂરી મંજૂરી વિના જવાબદાર ઠેરવ્યો છે. બીએમસીએ જુહુ પોલીસને કહ્યું છે કે સોનુ સૂદ વિરુદ્ધ એમઆરટીપી એક્ટ હેઠળ ફરિયાદ નોંધવા જાણ કરી છે. બીએમસીએ ૪ જાન્યુઆરીએ જુહુ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ કરતા જાણ કરી છે કે કે, જુહુના એબી નાયર રોડ પર શક્તિ સાગર બિલ્ડીંગમા સોનૂ સુદ દ્વારા કોઈ પણ પરવાનગી લીધા વિના રહેણાંક મકાનમાં એક હોટલ ખોલી હોવાની જાણકારી મળી છે. કેટલોક ભાગ વધારી તેમા બદલાવ કરવામા અવ્યો છે. મહાનગરપાલિકાએ ફરિયાદમાં જણાવ્યું છે કે સોનૂએ આ કેસમાં મોકલવામાં આવેલી નોટિસને ગંભીરતા લીધી ન હતી. મહાનગરપાલિકાએ પોલીસને એમઆરટીપી (મહારાષ્ટ્ર રિજન અને ટાઉન પ્લાનિંગ) એક્ટ હેઠળ કાર્યવાહી કરવા વિનંતી કરી છે.સોનુ સૂદે ઓક્ટોબરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની નોટિસ સામે સિટી સિવિલ કોર્ટમાં અરજી કરી હતી. જોકે, કોર્ટે તેને રાહત આપી ન હતી. તેમને હાઈકોર્ટમાં જવા માટે ત્રણ અઠવાડિયાની મુદત આપવામાં આવી હતી. ત્રણ અઠવાડિયાનો સમય વીતી ગયા બાદ ફરિયાદ નોંધાવી હોવાની માહિતી એક મ્યુનિસિપલ અધિકારીએ આપી હતી. દરમિયાન સોનુ સૂદે પણ આ મામલે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, અમે મકાનના પરિવર્તન માટે મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી માંગી હતી અને તેઓએ તે આપી છે. હવે અમે મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી (એમસીઝેડએમએ)ની મંજૂરી માટે રાહ જોઈ રહ્યા છે. કોવિડની મહામારીને કારણે આ પરવાનગી મેળવી શકાઈ નથી. આમાં કોઈ ગેરકાયદેસર નથી. મહાનગરપાલિકા દ્વારા નોંધાયેલી ફરિયાદના આધારે અમે આ મામલે પ્રાથમિક તપાસ શરૂ કરી છે. તપાસ બાદ કેસ નોંધવામાં આવશે, એમ ઝોન ૯ ના ડીસીપી અભિષેક ત્રિમુખેએ માહિતી આપી છે. કોરોનાને કારણે લોકડાઉન દરમિયાન સોનુ સૂદે ખૂબ જ મહેનત કરી હતી. તે ગરીબો માટે મસીહા હતા. પરંતુ તે સમયે મદદ માટે ચર્ચામાં રહ્યો હતો.

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજીનો ચમકારો

ચક્વાત ટીમ, મુંબઈ, ૦૭

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૩૪૬૮૬ સોદામાં રૂ. ૧૬૪૨૪.૨૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજીનો ચમકારો જોવા મળ્યો હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૧ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૩૪૩ વધ્યો હતો. આ સામે બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ વાયદાના ભાવમાં હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં નોમિનલ સુધારા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓના વાયદાના ભાવમાં નરમાઈના માહોલ સામે રબર અને મેન્થા તેલ વધી આવ્યા હતા. કોમોડિટી ઈન્ડેક્સમાં એમસીએક્સ બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૮૪૨ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૫,૯૮૫ અને નીચામાં ૧૫,૮૪૨ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે ૧૨૮ પોઈન્ટ વધી ૧૫,૯૫૮ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે મેટલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૩,૯૮૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે ૫૪ પોઈન્ટ વધી ૧૩,૯૮૯ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૪૭૧૨૪ સોદાઓમાં રૂ. ૮૮૭૮.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦૭૪૦ ખૂલી, ઊપરમાં રૂ. ૫૧૦૪૬ અને નીચામાં રૂ. ૫૦૭૦૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૧૧ વધીને રૂ. ૫૦૯૨૦ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦૭ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૪૦૭૫૯ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૨ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૫૦૭૩ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૭ વધીને બંધમાં રૂ. ૫૦૯૨૨ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૯૫૮૫ ખૂલી, ઊપરમાં રૂ. ૭૦૨૯૧ અને નીચામાં રૂ. ૬૯૪૦૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૪૩ વધીને રૂ. ૬૯૭૬૦ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ. ૩૪૯ વધીને રૂ. ૬૯૭૦૧ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ. ૩૩૮ વધીને રૂ. ૬૯૬૮૦ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૭૧૮૦ સોદાઓમાં રૂ. ૨૫૧૦.૨૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૭૩૩ ખૂલી, ઊપરમાં રૂ. ૩૭૫૫ અને નીચામાં રૂ. ૩૭૨૨ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯ વધીને રૂ. ૩૭૩૦ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૪૦૩૮ સોદાઓમાં કુલ રૂ. ૫૨૩.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ. ૨૧૧૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૨૬૦ અને નીચામાં રૂ. ૨૧૦૭૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૦ ઘટીને રૂ. ૨૧૦૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૯૯૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫.૭ ઘટીને બંધમાં રૂ. ૯૮૩.૭ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ. ૯૮૮ ખૂલી, ઊપરમાં રૂ. ૯૯૬ અને નીચામાં રૂ. ૯૮૫.૫ રહી, અંતે રૂ. ૯૯૩.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૨૧૯ ખૂલી, ઊપરમાં રૂ. ૧૨૨૨.૫ અને નીચામાં રૂ. ૧૨૧૧ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩.૫૦ ઘટીને રૂ. ૧૨૧૩.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૪૨૦ના સ્તરે ખૂલી, ઊપરમાં રૂ.૧૫,૫૪૫ અને નીચામાં રૂ.૧૫,૩૦૦ના મથાળે અથડાઈ અંતે રૂ.૮૦ વધી રૂ.૧૫,૪૭૮ના સ્તરે બંધ થયો હતો.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

બહેનનાં લગ્ન માટે રૂા.૩૩ લાખ ઉંચા વ્યાજે લીધા બાદ મુદલ સાથે કુલ રૂા.૪૪.૦૯ લાખ ચૂકવ્યા

# આણંદમાં વ્યાજખોરોના ત્રાસ સામે પોલીસમાં રાવ





ચક્રવાત ટીમ આણંદ, તા.૦૭

રાજ્યનાં વ્યાજખોરોના ચક્કરમાં ફસાયા બાદ મુદલ તેમજ વ્યાજ ચૂકવ્યા બાદ પણ કેટલાક વ્યાજખોરો દ્વારા મજબૂરીના કારણે નાણા મેળવનાર વ્યક્તિની ગરજનો લાભ ઉઠાવવાનું સતત ચાલુ રાખી શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવતો રહે છે.

સમાજમાં આવા કિસ્સાઓની સંખ્યા સતત વધી રહી છે. જે સામાન્ય માનવી તેમજ સમાજ માટે પણ ચિંતા જન્માવી રહેલ છે. દેશમાંથી સામંતશાહી પદ્ધતિને દેશવટો આપવાના ઉદેશથી પાંચેક દશકા પહેલા સરકાર દ્વારા બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવેલ. પરંતુ તેના ફાયદા મર્યાદિત લોકો સુધી પહોંચતા રહ્યા છે જેના કારણે સામાન્ય ગ્રામીણ કક્ષાનાં કે શહેરમાં વસતા લોકો ચટ મંગની પટ્ટ બ્યાહનું સૂત્ર અપનાવી ધીરધારનું કામ કરતી પેઢી-શખ્સો પાસેથી વધુ વ્યાજ આપી નાણાં મેળવતા રહ્યા છે. જેમાં અનેક કિસ્સાઓમાં વ્યાજખોરો દ્વારા વ્યાજ સહિત મુદલ વસુલ્યા બાદ પણ નાણાં મેળવનાર વ્યક્તિ તેના પરિવારને શારીરિક-માનસિક ત્રાસ આપી ધાક ધમકી આપવામાં આવતી રહે છે. આણંદ જિલ્લાના ઉમરેઠ તાબાનાં રતનપુરાનાં ખેડૂત યુવાને બહેનના લગ્ન માટે વ્યાજે લીધેલી રકમ ચૂકવ્યા બાદ પણ વ્યાજખોરો દ્વારા ધાક ધમકી આપવામાં આવતી હોવાની ફરિયાદ ઉમરેક પોલીસ મથકમાં નોંધાયેલ છે.

ઉમરેઠ તાબાનાં રતનપુરા ખાતે રહેતા સિદ્ધાર્થ રાવળે સુંદલપુરા ખાતે ધીર ધારનું કામ કરતા ઘનશ્યામ શીવાભાઈ પટેલ પાસેથી પોતાની બહેનના લગ્નના ખર્ચ માટે રૂા.૩૩ લાખ વ્યાજે તા.૧૨/૧૧/૨૦૧૯નાં રોજ લીધા હતા. દરમિયાન વ્યાજખોર ઘનશ્યામભાઈ દ્વારા ધિરાણ મેળવનાર સિદ્ધાર્થ રાવળ પાસેથી જરૂરી દસ્તાવેજો-કાગળો તેમજ ચેક લીધા હતા. વ્યાજે નાણા મેળવનાર સિદ્ધાર્થ રાવળ દ્વારા મેળવાયેલ રૂા.૩૩ લાખ મુદલ સામે વ્યાજ સાથે કુલ રૂા.૪૪.૦૯ ચૂકવી આપ્યા બાદ જેમાં રૂા.૬,૧૬,૭૨૩ તેમજ રૂા.૩૭,૯૫ લાખ સિદ્ધાર્થ રાવળનાં દાદાના ખાતામાંથી ચેક તેમજ આર.ટી.જી.એસ. મારફત મેળવી લીધા બાદ પણ ઘનશ્યામભાઈ દ્વારા અવાર નવાર સિદ્ધાર્થભાઈ પાસેથી વધુ વ્યાજ માંગી ધાક ધમકીઓ આપવામાં આવતી હતી. ધીરધાર કરનાર ઘનશ્યામભાઈએ સિદ્ધાર્થને તેમની ઓફિસે બોલાવી કેટલાક કોરા ચેકમાં, સ્ટેમ્પ પેપર તેમજ અન્ય કાગળોમાં સહી કરાવી લીધેલ જેના આધારે સિદ્ધાર્થભાઈ પાસે વધુ રકમની વ્યાજના બહાને ઉઘરાણી કરવામાં આવતી હોવાથી સિદ્ધાર્થભાઈએ આખરે ઉમરેઠ પોલીસ મથક ખાતે ફરીયાદ નોંધાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.આર. ગઢવીએ આ પ્રકરણે વિસ્તૃત તપાસ હાથ ધરેલી છે.

રાજ્યમાં વ્યાજનાં વિષચક્રમાં ફસાયેલ અનેક વ્યક્તિઓ ભારે પિડા અનુભવી રહ્યા છે. વ્યાજના વિષચક્રમાં ફસાયેલ વ્યક્તિ બહાર નીકળવા સતત પ્રયાસો કરતા રહે છે છતા બહાર નીકળી શકતા નથી.

# કાશીયાગાળા ગામનો યુવાન આર્મીની ટ્રેનિંગ પુરી કરી વતનમાં પરત ફરતા સન્માન



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૭

વાંકાનેર તાલુકાના કાશીયાગાળા ગામના કોળી સમાજના યુવાનનું ભારતીય સીમા સુરક્ષા દળમાં સિલેક્શન થયા બાદ યુવાન આર્મીની ટ્રેનિંગ પૂરી કરી પોતાના વર્તન કાશીયાગાળા ગામે આવતા ગ્રામજનો દ્વારા આ યુવાનનું દેશની રક્ષા કાજે સેનામાં જોડાવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું જેમાં વાંકાનેર કોંગ્રેસ અગ્રણી ઈરફાન પીરજાદા ખાસ હાજર રહ્યા હતા.

વાંકાનેર તાલુકાના કાશીયાગાળા ગામ ખાતે રહેતા કોળી સમાજના યુવાન ધોળકિયા પ્રવીણભાઈ ભારતીય સીમા સુરક્ષા દળ (બી.એસ.એફ.)માં જવાન તરીકે સિલેક્ટ થયા બાદ આજરોજ ટ્રેનિંગ પૂરી કરી પરત પોતાના વતન ફરતા ગ્રામજનો દ્વારા તેનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં વાંકાનેર કોંગ્રેસ અગ્રણી ઈરફાન પીરજાદા, સી.એ. ઝાહિદ ગઢવારા, વાંકાનેર યુથ કોંગ્રેસ પ્રમુખ આબીદ ગઢવારા સહિતના અગ્રણીઓ દ્વારા ભારતીય સેનાના આ જવાનનું ફુલ-હાર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ગામલોકો અને આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# જામવાડીના મકાનમાંથી વિદેશી દારૂની ૫૩૫ બોટલનો જથ્થો પકડાયો

## બીયરના ૯૬ ટીન પણ કબજે : મુંબઈના સપ્લાયર સહિત ત્રણના નામ ખૂલ્યા



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૭

જામનગરની ક્રાંઈમ બ્રાન્ચના પીઆઈ કે.જી.ચૌધરી અને એસઓજીના પીઆઈ એસ. એસ.નિનામાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે. ગઢવી તથા જુદી જુદી ટીમો ગ્રામ્ય પંથકમાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે પોલીસ ટીમને જામજોધપુરના જામવાડીમાં એક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો હોવાની બાતમી મળી હતી જેના આધારે પોલીસે ભરત અંબાવીભાઈ પટેલના મકાનમાં દરોડો પાડયો હતો. જે દરોડા વેળા અંદરથી ઈંગ્લીશ દારૂની જુદી જુદી બ્રાન્ડની ૫૩૫ નાની મોટી બોટલો તેમજ બીયરના ૯૬ ટીન મળી આવ્યા હતા.આથી પોલીસે સ્થળ પરથી પરેશ ઉર્ફે પરીયો છગનભાઈ હિંગરાજીયા (રે.જામજોધપુર)ને પકડી પાડી રૂ. ૩.૩૯નો દારૂનો જથ્થો કબજે કર્યો હતો.પોલીસ પુછપરછમાં પકડાયેલા શખ્સે આ દારૂ-બીયરનો જથ્થો વેચાણના ઈરાદે ભાગીદારીમાં ભરત ભડાણીયા અને જામજોધપુરના પ્રફુલ્લ ઉર્ફે ડકુ પરસોતમભાઈ સીતાપરા સાથે મળી મુંબઈના સાગર નામના સપ્લાયર પાસેથી મેળવ્યો હોવાનુ ખુલ્યુ હતુ. આથી પોલીસે ચારેય સામે ગુનો નોંધ્યો હતો. પકડાયેલા શખસની પૂછપરછ સાથે મુંબઈના સપ્લાયરને પકડી પાડવા માટે પોલીસે તપાસનો દૌર લંબાવ્યો છે.

કોવિડ હોસ્પિટલમાં પ્લાઝ્માં થેરાપીથી ૩૯૦ કોરોનાના દર્દીઓએ લીધી હતી સારવાર

# જામનગરમાં પ્લાઝમા ડોનેશન : ૨૧૫ દાતાઓનો સહયોગ




ચક્રવાત ટીમ જામનગર, તા.૦૭

જામનગર જી.જી.હોસ્પિટલની જિલ્લા કક્ષાની કોવિડ હોસ્પિટલમાં મેડિસિન વિભાગ દ્વારા પ્લાઝમાં થેરાપીથી ૩૯૦ દર્દીઓને સારવાર અપાઈ હતી. પ્લાઝમાં થેરાપીથી દર્દીઓની તબિયતમાં ઝડપથી સુધારો થતો હોય છે. પ્લાઝ્મા થેરાપીથી કોરોનાગ્રસ્ત દર્દીની સારવારની મુખ્ય જવાબદારી જે વિભાગ ઉપર હોય છે તેવા મેડિસિન વિભાગના વડા ડો. મનિષ મહેતા કહે છે કે રકત દાનની જેમ જ પ્લાઝમાંનું દાન કોરોના જેમને મટી ગયો હોય તેવી વ્યકિત કરી શકે છે. તંદુરસ્ત માનવ શરીરમાં આશરે ૪૫ ટકા રકતમાં કણો અને આશરે ૫૫ ટકા પ્રવાહી(પ્લાઝમા)ના રહેલા છે. પ્લાઝમામાં ૯૨ ટકા પાણી હોય છે, ૮ ટકા મીનરલ્સ-એન્ટીબોડી હોય છે. કોઈપણ વ્યકિત કે જેને કોરોનાનો ચેપ લાગ્યો હોઈ અને સાજા થયા બાદ આઈજીજી પ્રકારના એન્ટીબોડી ઉત્પન્ન થઈ હોઈ એ વ્યકિત પ્લાઝમાંનુ દાન ૨૧ થી ૨૮ દિવસ પછી કરી શકે છે. પ્લાઝમાનું દાન કોણ કરી શકે એ વિશે કોવિડના રિજિઓનલ નોડલ ઓફિસર ડો. એસ.એસ.ચેટર્જી કહે છે કે, ૧૮થી ૬૫ વર્ષની વ્યકિત કે જેમને તાવ-ખાંસીના લક્ષણો સંક્રમણ દરમિયાન હતા અને વજન ૫૦ કિલોથી વધુ હોઈ, હિમોગ્લોબીન ૧૨.૫ ગ્રામ થી વધુ, પ્રોટીનનું પ્રમાણ ૬ ગ્રામ હોવુ જોઈએ. તેમજ લોહીથી ફેલાતા રોગો ભૂતકાળમાં ન હોવા જોઈએ. દર પંદર દિવસે પ્લાઝમાં ડોનેટ કરી શકાય છે. પ્લાઝમાં ડોનર પાસેથી એકવારમાં ૫૦૦ મિલી પ્લાઝમાં લેવામાં આવે છે. જે કોરોનાગ્રસ્ત દર્દીનું ઓકિસજન લેવલ ૯૩ ટકાથી ઓછું રહેતું હોઈ, વેન્ટિલેટર ઉપર હોઈ તેમને પ્લાઝમાં થેરાપીથી સારવાર કરવામાં આવે છે. કોન્વોલેસન્ટ પ્લાઝમામાં રહેલ એન્ટીબોડી હાલ કોરોનાગ્રસ્ત દર્દીના શરીરમાં દાખલ કરતાં દર્દીની રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય છે. જિલ્લાકક્ષાની કોવિડ હોસ્પિટલના નોડલ અધિકારી ડો.ભુપેન્દ્ર ગોસ્વામી કહે છે કે જે દર્દીઓને કોરોના થાય કે તરત જ જો પ્લાઝ્મા થેરાપીથી સારવાર આપીએ તો તેને આ સારવાર ખૂબ લાભકારક રહે છે. તેવુ અમે આ થેરાપીથી સારવાર દરમિયાન અનુભવ્યું હતું. મેડીસીનના સિનિયર ડો.મહેજબિન હિરાની કહે છે કે, ૩૯૦ દર્દીઓને પ્લાઝ્મા થેરાપી આપી હતી. એટલે સરેરાશ સમજો કે એક દિવસની એક દર્દીની જો પ્લાઝ્માની સારવાર ગણીએ તો ૩૯૦ દિવસ સુધી એટલે કે એક વર્ષથી પણ વધુ સમય થાય. છેલ્લા ૧૦ મહિનામાં અમારા મેડિસિનના તબીબોએ ૩૯૦ દર્દીઓ ઉપર આ નવી સારવારનો સફળ ઉપયોગ કરી કોરોના દર્દીઓને સાજા કરી શક્યા છીએ. એડીશનલ ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ અને મેડિસિન વિભાગના ડો.અજય તન્નાએ કોરોનામુકત થયા બાદ પ્લાઝમાંનું દાન કર્યુ હતું. ડો.તન્ના આ વિશે કહે છે કે, દર્દીઓનું જીવન બચાવવુ એ તો અમારો ધર્મ અને કર્મ છે જ, સાથો સાથ પ્લાઝમાં ડોનેટથી મને એક માનવીનું જીવન બચાવવાનો આત્મસંતોષ મળ્યો છે. આ રીતે મને સમાજનું ઋણ ચૂકવવાનો સદઅવસર મળ્યો હતો.

# ગીરસોમનાથમાં અબોલ પશુ પર અત્યાચારની ઘટના



ચક્રવાત ટીમ ગીરસોમનાથ, તા.૦૭

વેરાવળના સિડોકર ગામે આખલાના પેટમાં સળિયો ભોંપ્યો હતો. આખલાના પેટની આરપાર લોખંડનો પાઈપ નીકળ્યો હતો. આ મામલે અસામાજીક તત્વોને તાત્કાલિક ઝડપવા પશુ પ્રેમીઓની માગ કરી હતી. આ આખલાને સારવાર માટે શાંતિપરા ગૌશાળાની હોસ્પિટલ ખસેડાયો છે. અસામાજિક તત્વોની તાત્કાલિક ધરપકડ કરવા માગ કરી હતી.

# જામનગરમાં ધમધમતો ક્રિકેટના સટ્ટો ઝડપાયો



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૭

જામનગરના કાલાવડ નાકા બહારના વિસ્તારમાં આવેલા કસાઈવાડામાં એક મકાનમાં ગઈકાલે સાંજે એલસીબીએ પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી ક્રિકેટનો ડબ્બો પકડી પાડ્યો છે. ત્યાંથી ત્રણ શખ્સ સટ્ટો રમાડતા પકડાયા છે. એક બુકી તેમજ નવ પન્ટરના નામ ખુલ્યા છે. રૂા.૪૪૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. જામનગરની સ્થાનિક ગુન્હાશોધક શાખા દ્વારા ગઈકાલે કરવામાં આવેલા પેટ્રોલીંગમાં સ્ટાફના રઘુવીરસિંહ પરમાર તથા ધાનાભાઈ મોરીને બાતમી મળી હતી કે, કાલાવડ નાકા વિસ્તારમાં આવેલી પાંચ હાટડી નજીકના કસાઈવાડામાં એક શખ્સના મકાનમાં ક્રિકેટનો સટ્ટો રમાડાઈ રહ્યો છે. તે બાતમીથી પીઆઈ કે.જી. ચૌધરીને વાકેફ કરાયા પછી પીએસઆઈ આર.બી. ગોજીયા, પીએસઆઈ બી.એમ. દેવમુરારીના વડપણ હેઠળ એલસીબી સ્ટાફે કસાઈવાડામાં આવેલા વસીમ સલીમ શમા નામના શખ્સના મકાનમાં દરોડો પાડતા ત્યાં હાલમાં ઓસ્ટ્રેલિયામાં રમાઈ રહેલી બીગબેઝ ટી-૨૦ ક્રિકેટ ટુનાર્મેન્ટની ટીવી પરથી પ્રસારીત થતી મેચ નીહાળી તેના પર રનફેર, વિકેટ, સેશનનો જુગાર રમાડતો વસીમ સલીમ તેમજ ઈમ્તીયાઝ ઓસમાણ શમા અને જેનુલ મુસા મેમણ નામના ત્રણ શખ્સ મળી આવ્યા હતાં. આ શખ્સોના કબ્જામાંથી રૂા. ૧૫૬૦૦ રોકડા, છ મોબાઈલ, ટીવી સહિત રૂા. ૪૪૧૦૦ નો મુદમાલ ઝબ્બે લેવામાં આવ્યો છે. આ શખ્સોએ પોતાની પાસેથી કપાત લેતા વિનય ઉર્ફે સરકાર તેમજ સટ્ટો રમતા મોહસીન મનોરીયા, મુન્નો, અલી મેમણ, સાંઈ લાલપુર, જેનુલ સલીમ ઉર્ફે ૮૩ ઘી વાળા, ડીકે, ૮૦ નંબર, ૯૦ નંબર, બીપી બાપુ નામના નવ શખ્સના નામ ખુલ્યા છે. ઉપરોકત નવ પન્ટર સટ્ટો લગાડતા હોવાની કબુલાત મળી છે. તમામ તેર સામે સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એલસીબીના હે.કો. ફિરોઝ દલે જુગારધારાની કલમ ૪, ૫ હેઠળ ગુન્હો નોંધાવ્યો છે. કાર્યવાહીમાં સ્ટાફના માંડણભાઈ વસરા, સંજયસિંહ, હરપાલસિંહ, ભરતભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ, શરદ પરમાર, અશ્વિન ગંધા, દિલીપ તલાવડીયા, હિરેન વરણવા, ભગીરથસિંહ સરવૈયા, હરદીપ ધાધલ, પ્રતાપ ખાચર, વનરાજ મકવાણા, યશપાલસિંહ, નિર્મળસિંહ, અજયસિંહ, યોગરાજસિંહ, બળવંતસિંહ, લખમણ ભાટીયા, ભારતીબેન ડાંગર, એ.બી. જાડેજા, અરવિંદગીરી સાથે રહ્યાં હતાં.

# પોલ્ટ્રી ફાર્મ ખેડૂતો અને વેપારીઓનું કોડીનાર મામલતદાર કચેરીમાં આવેદન



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૭

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર માં આજ રોજ પોલ્ટ્રી ફાર્મ ખેડૂતો અને વેપારીઓ દ્વારા પોતાના રોજગારીના સાધન ઉપર તેમજ જીવન નિર્વાહના એક માત્ર સાધન ઉપર વારંવાર યેન કેન પ્રકારે આક્રમણ કરવામાં આવે છે તે બાબતે આક્રમક રીતે કોડીનારના પોલ્ટ્રી ફાર્મ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો દ્વારા મોટી સંખ્યામાં મામલતદાર કચેરીમાં આવેદન પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

# ઉબેણ નદીના પ્રદુષિત પાણી પ્રશ્ને ૬૦ ગામના લોકો બેનરો સાથે ઉતર્યા રસ્તા પર



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૭

ઉબેણ નદીમાં ઠલવાતા કેમિકલ ના પાણીએ જૂનાગઢ જિલ્લા ના ૧૪ ગામોના જમીનના તળ સંપૂર્ણ પણે પુરે પુરા બગડવાની સ્થિતી સર્જી છે ત્યારે જો આવીને આવીને સ્થિતિ રહી તો આ ગામોની સ્થિતિ ભયકંર થશે રોગચાળો ફેલાશે. આજે એકજ અવાજે ૬૦ ગામોએ ભેગા મળીને આપણી ઉબેણ નદીને બચાવીયે અને ભૂતકાળમાં અનેક આંદોલનો નદીઓને બચાવવા થયા છે, નદીઓના શુદ્ધિકરણ માટે થયેલા નાનાનાના પ્રયત્નોથી કોઈ નિરાકરણ નથી થયું જે હેતુ જૂનાગઢ પાસેના ધંધુસર ગામ તેમજ પોરબંદર સુધીના ૬૦ જેટલા ગામડાઓમાં મહિલાઓ, બાળકો અને સાધુસંતો નદીઓના શુદ્ધિકરણ માટે નદીઓનું વિધિવત પૂજન કર્યું હતું પ્રદુષિત બનેલી નદીઓને બચાવવા હવે ખેડૂત હિત રક્ષક સમિતિ પણ મેદાનમાં આવી છે નદીઓને શુદ્ધિકરણ કરીનેજ જંપીશું તેવા શપથ સાથે નદીઓનું શુદ્ધિકરણ કરાયું હતું આવા પ્રદુષણ કરનારાઓને રોકવાં માટે જૂનાગઢ જિલ્લામાં ચાલી રહેલા પ્રદૂષિત પાણીના આંદોલનને લઈ જૂનાગઢ જિલ્લાના નદી કાંઠાના ખેડૂતોએ ઉબેણ નદીનું પૂજન કર્યું હતું. જૂનાગઢ જિલ્લામાં લાંબા સમયથી ચાલી રહેલા પ્રદૂષિત પાણીના પ્રશ્નને લઈને ખેડૂતો દ્વારા અનેક વખત રજુઆતો કરવામાં આવી હતી પરંતુ જાણે સરકારના બહેરા કાનથી અથડાઈ રજૂઆતો પરત આવતી હોય કેમ આ પ્રશ્નનું નિરાકરણ આજદિન સુધી થવા પામેલ ન હતું.

# જામનગરની હોસ્પિટલમાં ફાયરબ્રિગેડ દ્વારા મોકડ્રિલ



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૭

જામનગર સૌરાષ્ટ્ર ની સૌથી મોટી ગુરુગોવિંદસિંગ હોસ્પિટલમાં હાલ જામનગર ઉપરાંત અન્ય જિલ્લાના દર્દીઓ પણ સારવાર લઈ રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા આજે કોવિડ હોસ્પિટલમાં આગના બનાવની મોકડ્રાઈ યોજવામાં આવી હતી. જામનગર ફાયરબ્રિગેડ અને હોસ્પિટલ તંત્ર દ્વારા સવારે મોકડ્રિલ યોજવામાં આવી હતી જેમાં કોવિડ વોર્ડમાં આગ નો બનાવ બને તો દર્દીઓને કઈ રીતે સલામત સ્થળે ખસેડવા તે અંગે ની કામગીરી કરવામાં આવી હતી,તેમજ હોસ્પિટલમાં ઘટના સ્થળ પર હાજર સ્ટાફ દ્વારા યુદ્ધના ધોરણે શુ કામગીરી કરવી તે અંગે પણ સૂચના આપવામાં આવી હતી. મોકડ્રિલ ની કામગીરીમાં ફાયરબ્રિગેડ ના ચીફ ફાયર ઓફિસર કે.કે. બીશ્નોઈ, ડિન નંદીનીબેન દેસાઈ, સુપ્રિડેન્ડન ડો. દિપક તિવારી, ફાયર શાખા ના કર્મચારીઓ વિગેરે જોડાયા હતા.

# વિસાવદરના ઈશ્વરયાથી હરીપુર ગીરને જોડતા રસ્તામાં ભ્રષ્ટાચારની બૂ આવતા આવેદન



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૭

વિસાવદર તાલુકા ના ઈશ્વરીયા ગીર ગામે થી હરીપુર ગીર ગામને જોડતો રસ્તામાં આવેલ નદી પર એ.વી.પી.ટી યોજના દ્વારા ફૂલનું કામ મંજૂર થયેલ હતું જે કામ કોન્ટ્રાક્ટર દ્વારા શરૂ કરવામાં આવતા ગામના ખેડૂતો આગેવાનો દ્વારા સ્થળ પર મુલાકાત લેતા કામ અતી નબળું કરવામાં આવતું અને કામમાં જે રેતીનો ઉપયોગ કરવામાં આવતો તે નદી માંથી ભેગી કરી ધૂળ તથા કચરાવાળી વાપરવામાં આવતી અને સિમેન્ટ માત્ર ૧૧ થયેલી તેમજ નબળી ગુણવત્તાનાં વાપરવામાં આવતી તેમજ સિમેન્ટના ભુંગળા ને નદીમાં સિમેન્ટ કોંક્રીટ કર્યા વગર ફીટ કરવામાં આવતા અને તેની સાઈડ માં પથ્થર અને ધૂળથી પૂરી દેવામાં આવતા જેને કારણે ગામલોકોએ નબળું કામ બંધ કરાવ્યું હતું. આ પુલ ઈશ્વરિયા ગીર તથા હરીપુર ગીર ગામને જોડતો હોય અને આશરે ૫૦ થી વધુ ખેડૂતોની વાડિઓ માં જવાનો રસ્તો આ પુલ પરથી હોય જેથી કરી આ પુલનું કામ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે અને પ્લાન એસ્ટીમેન્ટ મુજબ કરવામાં આવે તે માટે ખેડૂતો દ્વારા આજે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું અને જો કામ પ્લાન એસ્ટીમેન્ટ મુજબ નહીં કરવામાં આવે તો ખેડૂતો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે જવાની ચીમકી ખેડૂતો દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

### દર્શકોને માસ્ક પહેરવું ફરજીયાત : જો માસ્ક નહીં તો ૨૦૦ ડોલરનો દંડ

# ટેસ્ટનો પ્રારંભ ઓસ્ટ્રેલીયા હસ્તે : આંકડો પહોંચાડ્યો ૧૬૬એ

ઓસ્ટ્રેલિયાએ ભારત સામે ચાર ટેસ્ટ સીરિઝની ત્રીજી મેચમાં સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પ્રથમ દિવસના અંતે ૨ વિકેટે ૧૬૬ રન કર્યા છે. માર્નસ લબુશેન ૬૭ રને અને સ્ટીવ સ્મિથ ૩૧ રને અણનમ છે. લબુશેને પોતાના ટેસ્ટ કરિયરની નવમી ફિફ્ટી મારી છે અને સ્મિથ સાથે ત્રીજી વિકેટ માટે ૬૦★ રનની ભાગીદારી કરી છે. ભારત માટે મોહમ્મદ સિરાજ અને નવદીપ સૈનીએ ૧-૧ વિકેટ લીધી. મેચનું સ્કોર્ડકાર્ડ જોવા માટે અહીં ક્લિક કરો...

ઓસ્ટ્રેલિયન ઓપનર વિલ પુકોવ્સ્કીએ પોતાની ડેબ્યુ ઈનિંગ્સમાં સારું પ્રદર્શન કરતા ફિફ્ટી મારી હતી. તેણે ૧૧૦ બોલમાં ૪ ફોરની મદદથી ૬૨ રન કર્યા હતા. તે નવદીપ સૈનીની બોલિંગમાં એલબીડબ્લ્યુ થયો હતો. તેણે માર્નસ લબુશેન સાથે બીજી વિકેટ માટે ૧૦૦ રનની ભાગીદારી કરી છે.

વિલ પુકોવ્સ્કી ૨૬ રને રમી રહ્યો હતો ત્યારે રવિચંદ્રન અશ્વિનની બોલિંગમાં કીપર ઋષભ પંતે તેનો સરળ કેચ છોડ્યો હતો. તે પછી સિરાજની બોલિંગમાં પણ પંતે પુકોવ્સ્કીનો જ કેચ છોડ્યો હતો, તે સમયે ઓસ્ટ્રેલિયન ઓપનર ૩૨ રને રમી રહ્યો હતો.

૯:૩૦ વાગે મેચ ફરી શરૂ થશે, આજે કુલ ૫૫ ઓવર નાખવામાં આવશે, વરસાદના લીધે ૩.૫ કલાક મેચ અટકી હતી

ઓસ્ટ્રેલિયા ઓપનર ડેવિડ વોર્નર સસ્તામાં આઉટ થયો હતો. તે મોહમ્મદ સિરાજની બોલિંગમાં ફર્સ્ટ સ્લીપમાં પૂજારાના હાથે કેચ આઉટ થયો હતો. તેણે ૮ બોલમાં ૫ રન કર્યા હતા.



ઓસ્ટ્રેલિયાએ સતત બે ટેસ્ટમાં ચાર અલગ-અલગ બેટ્સમેનનો ઉપયોગ કર્યો હોય તેવું આ પહેલાં ૧૯૮૫-૮૬માં બન્યું હતું. ન્યૂઝીલેન્ડ સામેની એ સીરિઝમાં એન્ડ્રુ હિલ્ડિચ અને કેપ્લર વેસલ્સે પર્થ ખાતે અને તે પછી રોબી કેર અને વેઈન ફિલિપ્સે સિડની ખાતે ઈનિંગ્સની શરૂઆત કરી હતી. કાંગારું માટે આ સીરિઝમાં કેમરૂન ગ્રીન (૨૧ વર્ષ ૧૯૭ દિવસ) પછી આજે વિલ પુકોવ્સ્કી (૨૨ વર્ષ ૩૩૯ દિવસ)એ ડેબ્યુ કર્યું છે. આ પહેલાં ઓસ્ટ્રેલિયા માટે એક જ સીરિઝમાં ૨૩ વર્ષથી ઓછી ઉંમરના બે ખેલાડીઓએ ડેબ્યુ કર્યું હોય તેવું ૨૦૧૧-૧૨માં બન્યું હતું. ન્યૂઝીલેન્ડ સામેની એ સીરિઝમાં મિચેલ સ્ટાર્ક ( ત્યારે ૨૧ વર્ષ ૩૦૫ દિવસ) અને જેમ્સ પેટિન્સન (ત્યારે ૨૧ વર્ષ ૨૧૨ દિવસ) એ ડેબ્યુ કર્યું હતું.

ઓસ્ટ્રેલિયાના કેપ્ટન ટિમ પેને ભારત સામે ટોસ જીતીને બેટિંગ લીધી છે. સીરિઝ અત્યારે ૧-૧ની બરાબરી પર છે. ભારતે પોતાની પ્લેઈંગ-૧૧માં ૨ ફેરફાર કર્યા છે. રોહિત શર્મા અને નવદીપ સૈનીને ટીમમાં સ્થાન મળ્યું છે. મયંક અગ્રવાલને ડ્રોપ કરાયો છે. જ્યારે ઈજાગ્રસ્ત ઉમેશને રિપ્લેસ કરીને નવદીપ ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યુ કરી રહ્યો છે.

બીજી તરફ, ઓસ્ટ્રેલિયા માટે ઓપનર વિલ પુકોવ્સ્કી ડેબ્યુ કરી રહ્યો છે. તે ડેવિડ વોર્નરની સાથે ઓપનિંગ કરશે. વોર્નર ઈજાના લીધે પ્રથમ બે ટેસ્ટમાં રમી શક્યો નહોતો. આ બંનેને ટીમમાં જો બર્ન્સ અને ટ્રેવિસ હેડની જગ્યાએ સ્થાન મળ્યું છે.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૭ ડિસેમ્બરે બીજી ટેસ્ટ જોવા મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (સ્ક્રય) પર પહોંચેલા એક પ્રેક્ષકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ઓસ્ટ્રેલિયન અખબાર સિડની મૉર્નિંગ હેરાલ્ડના અહેવાલ મુજબ, આ દર્શક જે સ્ટેન્ડમાં બેઠો હતો ત્યાં આવેલા બધા લોકોને આઈસોલેટ કરાયા છે. આ સાથે જ આજથી શરૂ થનારી ત્રીજી ટેસ્ટમાં આવનારા પ્રેક્ષકોએ માસ્ક ફરજિયાત પહેરવાં પડશે. બીજી ટેસ્ટ મેલબર્નમાં ૨૬ ડિસેમ્બરથી ૩૦ ડિસેમ્બર દરમિયાન રમાઈ હતી. જ્યારે આ ટેસ્ટ રમાઈ ત્યારે દર્શકો માટે માસ્ક જરૂરી નહોતાં. જે દર્શકને કોરોના થયો તે બીજા દિવસે મેચ જોવા આવ્યો હતો.

# સૌરવ ગાંગૂલીને કાર્ડિયાક અરેસ્ટ બાદ મળી હોસ્પિટલમાંથી રજા

ચક્રવાત ટીમ દિલ્હી,તા.૭

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના અધ્યક્ષ સૌરવ ગાંગુલીને હોસ્પિટલમાંથી રજા મળી ગઈ. તેમને ૨ જાન્યુઆરીએ કાર્ડિયાક અરેસ્ટ પછી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગાંગુલી હોસ્પિટલથી સીધા ઘરે પહોંચ્યા છે. આરામ કરવાના સવાલ વિશે તેમણે મીડિયાને કહ્યું છે કે તેમનું શરીર જે રીતે રિએક્ટ કરશે એ પ્રમાણે તેઓ કરશે. હોસ્પિટલમાંથી રજા લીધા પછી ગાંગુલીએ કહ્યું હતું કે હું ડોક્ટર્સનો આભાર માનું છું કે તેમણે મારી ખૂબ સરસ રીતે સારવાર કરી અને હવે હું સંપૂર્ણ રીતે ઠીક છું. હોસ્પિટલ દ્વારા બુધવારે કહેવામાં આવ્યું છે કે ગાંગુલીની સારવાર કરતા ડોકટરોની મેડિકલ ટીમ સમયે સમયે તેમના ઘરે જઈને તેમના સ્વાસ્થ્ય પર નજર રાખશે. આ અગાઉ મંગળવારે હોસ્પિટલ વહીવટીતંત્ર દ્વારા જારી કરવામાં આવેલા મેડિકલ બુલેટિનમાં એવું કહેવામાં આવ્યું હતું કે બ્લડ ટેસ્ટ રિપોર્ટ સંતોષકારક છે. વરિષ્ઠ કાર્ડિયાક-સર્જન ડોક્ટર દેવી શેટ્ટી મંગળવારે ગાંગુલીને મળવા પહોંચ્યાં હતાં. તેઓ ગાંગુલીની સારવાર કરતા ૯ ડોકટરની મેડિકલ ટીમને મળ્યાં હતાં. તેમણે કહ્યું, ’ગાંગુલીને કોઈ મોટી સમસ્યા નથી. કોરોનરી ધમનીમાં અવરોધ આવે એવું મોટા ભાગના ભારતીયો સાથે થાય છે. તેમના હૃદયમાં કોઈ સમસ્યા નથી. ૪૮ વર્ષીય ગાંગુલીનું હૃદય જેવું ૨૮ વર્ષ પહેલાં હતું, આજે પણ એવું જ છે. હોસ્પિટલ દ્વારા સોમવારે જાહેર કરવામાં આવેલા હેલ્થ બુલેટિનમાં એવું કહેવામાં આવ્યું હતું કે ગાંગુલીનો ઈસીજી તેમના હાર્ટ ફંક્શન વિશે જાણવા માટે કરવામાં આવ્યો છે.

# વિજય હઝારે ટ્રોફી : રૈના-ભૂવી ૩૦ સંભવિતોમાંથી બહાર

(જી.એન.એસ.)લખનઉ,તા.૬

ઉત્તર પ્રદેશ ક્રિકેટ સંઘે મંગળવારે રણજી ટ્રોફી અને વિજય હઝારે ટ્રોફી ટૂર્નામેન્ટ માટે ૩૦ સંભવિત ખેલાડીઓની યાદી બહાર પાડી છે. તેમાં અનુભવી બેટ્સમેન સુરેશ રૈના અને બોલર ભુવનેશ્વર કુમારના નામ સામેલ નથી.



રૈના અને ભુવનેશ્વર બન્ને બેંગલુરુમાં રમાનારી સૈયદ મુશ્તાક અલી ટી૨૦ ટૂર્નામેન્ટ માટે યૂપીની ટીમમાં સામેલ છે. જોકે રણજી ટ્રોફી ટુર્નામેન્ટમાં જરૂરત પડવા પર બન્નેની સેવા લેવામાં આવી શકે છે. રણજી અને વિજય હઝારે ટ્રોફીના કાર્યક્રમની જાહેરાત હાલમાં થઈ નથી પરંતુ બીસીસીઆઈએ તમામ બોર્ડને ઘરેલુ સત્ર માટે તૈયાર રહેવાના નિર્દેશ આપ્યા છે. તેને ધ્યાનમાં રાખતા ટીના સંભવિત ૩૦ ખેલાડીઓના નામની જાહેરાત કરવામાં આવી છે.

યૂપીસીએના મુખ્ય સંચાલન અધિકારી દીપક શર્માએ કહ્યું કે, સંભવિત ખેલાડીઓમાં પ્રિયમ ગર્ગ, કર્ણ શર્મા, રિંકૂ સિંહ, અક્ષદીપ નાથ, મોહમ્મદ સૈફ, અલમાન શૌકત, સમીર ચૌધરી, સમીર રિઝવી, માધવ કૌશિક, સત્યમ દીક્ષિત, હરદીપ સિંહ, રાહુલ રાવત, આર્યન જુયાલ, ઉપેન્દ્ર યાદવ, અંકિત રાજપૂત, શિવમ માવી, મોહસિન ખાન, આકીબ ખાન, યોગેન્દ્ર દોયલા, યશ દયાલ, સુનીલ કુમાર, જસમેર ધનકર, સૌરભ કુમાર, શનૂ સૈની, જીશાના અંસારી, ધ્રુવ ચંદ જુરેલ, શુભમ ચૌબે, અભિષેક ગોસ્વામી, પાર્થ મિશ્રા અને મોહમ્મદ જાવેદ સામેલ છે.

# કોહલીએ વિક્ટ્રી સાઈનવાળી તસ્વીર શેર કરતાં અનેક તર્ક-વિતર્ક થયા શરૂ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૬

વિરાટ કોહલીએ જિમમાં વર્કઆઉટ દરમિયાન ટ્વિટર પર લીધેલી તસવીર પોસ્ટ કરી છે. આમાં તે બંને હાથથી વિક્ટ્રી ‘ફ’ તરફ ઈશારો કરતો જોવા મળે છે. લોકો આ તસવીરને તેમના બાળક સાથે જોડીને જોઈ રહ્યા છે. આ જ મહિને વિરાટ અને અનુષ્કાના ઘરે પારણુ બંધાવાનુ છે. આ તસવીર સોશિયલ મીડિયા પર ખુબજ વાયરલ થઈ છે પ્રશંસકો એવી એવી કમેન્ટ કરી રહ્યા છે કે મજેદાર લાગી રહ્યુ છે.

વિરાટના આ પોઝને જોઈને એક પ્રશંસકે કહ્યુ કે ૪ દિવસમાં જુનિયરની એન્ટ્રી થશે તો એક પ્રશંસકે કહ્યુ વિરાટનું બાળક ચાર કિલોનુ હશે. આવી તો કેટલીયે મજેદાર અને ફની કમેન્ટસ આવી રહી છે.



ટીમ ઈન્ડિયાના નિયમિત કેપ્ટન વિરાટ કોહલી ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ મેચ બાદ ભારત પરત ફર્યો છે. કોહલી અને અનુષ્કા શર્મા આ મહિનામાં માતાપિતા બનવાના છે. કેપ્ટને જિમની તસવીર શેર કરી હતી. પ્રશંસકો આતુરતાથી ગુડન્યુઝની રાહ જોઈ રહ્યા છે. વિરાટે વિક્ટ્રી સાઈન વાળી તસવીર શેર કરી અને કેપ્શનમાં પણ વિક્ટ્રીની સાઈન સાથે ઈમોજી શેર કર્યુ છે. જેના પર પ્રશંસકો પોતપોતાનો મગજ દોડાવી રહ્યા છે.

# છાબરીયા પ્રકરણ : બનાવટી કાર રજીસ્ટ્રેશનની તપાસ માટે કોમેડિયન કપિલ શર્મા સીઆઈયુએ બોલાવ્યો

ચક્રવાત ટીમ, મુંબઈ ૭

મુંબઈ પોલિસે સેલિબ્રિટી કાર ડિઝાઈનર અને નિર્માતા દિલીપ છાબરીયાની છેતરપીંડી તેમજ બનાવટી કાર રજીસ્ટ્રેશન પ્રકરણે ધરપકડ કરી છે.તેમજ પોલિસે ૧૪ કિમતી કારો જપ્ત કરી છે.કોમેડિયન કપિલ શર્માએ પણ ઈકોનોમિક ઓફેન્સ વિંગમા ફરિયાદ કરી હોવાથી સીઆઈયુ દ્વારા આજે તપાસ માટે બોલાવવામા આવ્યો હતો.

દિલિપ છાબર્રીયાની કંપની દ્વારા બનાવવામા આવતી મોઘી કારો પર નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ(એનબીએફસી ) પાસેથી મલ્ટીપલ લોન લઈને ભરવામા આવતી ન હતી.એટલુ જ નહિ એક કાર નું રજીસ્ટ્રેશન બે થી ત્રણ રાજ્યમા અલગ અલગ ખરીદાનારાઓને નામે કરવામા આવતુ હતુ.સમ્રગ કૌભાંડ બહાર આવતા મુંબઈ પોલિસે દિલિપ છાબરીયાની ધરપકડ કરી છે..તેમજ ૧૪ મોંધી કારો જપ્ત કરી છે.



ટીવી સિરિયલ કોમેડિયન કપિલ શર્માએ પણ દિલિપ છાબરીયા પાસે વેનીટી કાર બુક કરાવી પૂરા પૈસા ચૂકવ્યા હતા,પરંતુ તેને કારની ડિલીવરી ન મળતા તેણે ઈકોનોમિક ઓફેન્સ વિંગમા ફરિયાદ કરી હતી.જે બાબતે મુંબઈ પોલિસની સીઆઈયુની ઓફિસમા આજે પોતાની ફરિયાદ બાબતે સ્ટેટમેન્ટ લેવા બોલાવતા તે ત્યાં આવ્યાની માહિતી કપિલ શર્માએ આપી હતી.

# ‘રશ્મિ રોકેટ’ના છેલ્લા શિડ્યુલ માટે ગુજરાત આવી શકે છે તાપસી પન્નુ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૬

બોલિવુડની ટેલેન્ટેડ અભિનેત્રીઓમાંથી એક તાપસી પન્નુ હાલ આગામી ફિલ્મ ’રશ્મિ રોકેટ’નું શૂટિંગ કરી રહી છે. તાપસીએ પૂણે અને રાંચીમા ફિલ્મનું શૂટિંગ પૂરું કર્યું છે. હવે ફિલ્મનું શૂટિંગ અંતિમ ચરણમાં પહોંચી ગયું છે. મીડિયા રિપોર્ટનું માનીએ તો, તાપસી પન્નુ ફિલ્મના છેલ્લા શિડ્યુલનું શૂટિંગ ગુજરાતમાં કરશે. રિપોર્ટ પ્રમાણે, તાપસી પન્નુ આગામી અઠવાડિયે ફિલ્મના શૂટિંગ માટે કચ્છ આવશે. કચ્છના રણમાં ફિલ્મનું શૂટિંગ થાય તેવી સંભાવના છે. ૧૪ દિવસનું આ શિડ્યુલ પૂરું થવાની સાથે જ ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ જશે. આકર્ષ ખુરાનાના નિર્દેશનમાં બની રહેલી ’રશ્મિ રોકેટ’માં તાપસી પન્નુ સ્પ્રિન્ટરના રોલમાં જોવા મળી રહી છે. આ ફિલ્મમાં પોતાના રોલને સારી રીતે ભજવવા માટે તાપસીએ જિમમાં ખૂબ પરસેવો વહાવ્યો છે.

લોકડાઉન થયું એ પહેલા મેં ’રશ્મિ રોકેટ’ની તૈયારી માટે અઢી મહિના ફાળવ્યા હતા. પરંતુ લોકડાઉન થતાં હું નાસીપાસ થઈ ગઈ હતી. લોકડાઉનમાં જિમ પણ બંધ કરી દેવાયા હતા. મને થયું કે, સ્પોર્ટ્સ પર્સન જેવું શરીર બનાવીને હવે શું કરું. મેં આ માટે અથાક પ્રયાસ કર્યા હતા. શું કરવું મને સમજાતું જ નહોતું. દેશ અનલોક થતાંની સાથે જ તાપસી ફરીથી કામ પર લાગી ગઈ હતી. બહેન અને બોયફ્રેન્ડ સાથે વેકેશન માટે માલદીવ્સ જઈ આવ્યા બાદ તાપસી ’રશ્મિ રોકેટ’ના શૂટિંગમાં જોડાઈ હતી. જિમ ખુલી જતાં તાપસી ફરીથી શરીર પર કામ કરતી જોવા મળી હતી. સ્પ્રિન્ટરના રોલ માટે તાપસી કલાકો સુધી જિમમાં અને મેદાનમાં વર્કઆઉટ કરતી જોવા મળી છે. એક્ટ્રેસે પોતાની તનતોડ મહેનતની ઝલક પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર પણ બતાવી છે.

એથ્લેટના રોલ માટે શારીરિક રીતે તૈયાર કરવા બદલ તાપસીએ પોતાના ટ્રેનર્સનો આભાર પણ માન્યો હતો. તાપસીએ ટ્રેનર સાથેની તસવીર શેર કરીને લાંબી પોસ્ટ લખી હતી. તાપસીએ લખ્યું, આ ખરેખર એક જંગ હતી જે આપણે રોજ લડતા હતા. દરરોજ, દરેક ક્ષણે- સમય, મારી શારીરિક મર્યાદાઓ, કોવિડ અને મને થયેલી ઈજા સામે લડતાં રહ્યા. આ લોકો આ યુદ્ધના ફ્રંટલાઈન વોરિયર્સ છે. ’રશ્મિ રોકેટ’નું શૂટિંગ પૂરું કર્યા પછી તાપસી પન્નુ ’લૂપ લપેટા’ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. આ જર્મન ફિલ્મ ’રન લોલા રન’ની રિમેક છે.

# શુટિંગ દરમ્યાન સની લિયોનીને ડાયરેક્ટરે સેટ પર ફટકાર્યો ડંડો

(જી.એન.એસ.)મુંબઈ,તા.૬

બૉલીવુડ અભિનેત્રી સની લિયોનીનો એક વીડિયો ઈન્ટરનેટ પર ખુબ વાયરલ થઈ રહ્યો છે, જેમાં ડાયરેક્ટર વિક્રમ ભટ્ટ તેને સેટ પર મારતા દેખાઈ રહ્યાં છે. આ પછી સની લિયોની ધડામ દઈને સેટ પર નીચે પડી જાય છે. આ વીડિયો ખુદ સની લિયોનીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે. ગભરાવવાની કોઈ વાત નથી, આવુ એક સીરીઝની શૂટિંગની રીલ લાઈફમાં થયુ છે. વીડિયોમાં તમે જોશો તો સની લિયોની સામેથી આવે છે, અને વિક્રમ ભટ્ટ તેને ડંડો ફટકારે છે, આ પછી સની લિયોની ધડામ દઈને સેટ પર નીચે પડી જાય છે, અને પછી હસવા લાગે છે. આ વીડિયોને લોકો ખુબ લાઈક્સ કરી રહ્યાં છે, આ બધુ વેબ સીરીઝ અનામિકાના સેટ પર થયુ છે, જેનુ શૂટિંગ હાલ સની લિયોની કરી રહી છે. આ સીરીઝના ડાયરેક્ટર વિક્રમ ભટ્ટ છે. આ પહેલા પણ સનીએ એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તે હાથમાં થાળી અને ખભા પર બેડુ લઈને ઠુમકા લગાવી રહી છે. આ અંદાજ પાણ લોકોને ખુબ પસંદ આવી રહ્યો છે. આ વીડિયો પર સનીએ ખુદ પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે.

# કોરોના પોઝિટિવ આવતા અભિનેત્રી બનિતા સંધુએ હોસ્પિટલમાં દાખલ થવાથી કર્યો ઈન્કાર



(જી.એન.એસ.)મુંબઈ,તા.૬

કોરોના વાયરસનો કહેર યથાવત્ છે. આ વાયરસ ભારતમાં લગભગ ૧ વર્ષ થવા આવ્યું. પરંતુ તેના કેસો હજી પણ સતત સામે આવી રહ્યા છે. હાલમાં જ અભિનેત્રી બનિતા સંધુ કોરોનાની ઝપેટમાં છે. એવા રિપોર્ટ મળી રહ્યા છે કે બનિતા સંધુને કોલકાતાની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી જ્યાં તેણે પ્રવેશ માટે સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો અને એમ્બ્યુલન્સમાંથી બહાર પણ નીકળી ન હતી. એટલું જ નહીં, આ દરમિયાન તેણે એમ્બ્યુલન્સમાંથી ભાગી જવાનો પ્રયાસ પણ કર્યો હતો. તેની નાટક લગભગ ૪ કલાક સુધી ચાલ્યું હતું. આ પછી, હોસ્પિટલ વહીવટીતંત્રે રાજ્ય સચિવાલય અને આરોગ્ય વિભાગને આ અંગે માહિતી આપી હતી. આ સિવાય બ્રિટિશ હાઈ કમિશનને પણ આ અંગે માહિતી આપવામાં આવી હતી. આ કેસની ગંભીરતા જોતાં પોલીસ પ્રશાસને પણ ઘટના સ્થળે પહોંચવું પડ્યું હતું. પોલીસની મદદથી બનિતાને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. માહિતી માટે જણાવી દઈએ કે બનિતા સંધુ કોલકાતામાં ફિલ્મ ‘કવિતા એન્ડ ટેરેસા’ નું શૂટિંગ કરી રહી છે. તેણે સોમવારે તેની કોવિડ -૧૯ રિપોર્ટ કરાવ્યો હતો જે પોઝિટિવ આવ્યો હતો. બનિતા સંધુ ૨૦ ડિસેમ્બરે કોલકાતા આવી હતી. તેણે તે જ ફ્લાઈટમાં મુસાફરી કરી હતી જેમાં મ્યુટેંટ કોરોના વાયરસથી સંક્રમિત યુથે પ્રવાસ કર્યો હતો. જેના કારણે એવી આશંકા છે કે તે નવા સ્ટ્રેનથી તો સંક્રમિત નથી. તે સ્પષ્ટ નથી થયું કે તેઓ કોરોના નવા સ્ટ્રેનથી સંક્રમિત છે કે નહીં? કામ વિશે વાત કરતાં, બનિતાએ ફિલ્મ ‘ઓક્ટોબર’ થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. જેમા વરુણ ધવન સાથે હતા. તેની આગામી પ્રોજેક્ટ વિશે વાત કરવામાં આવે તો તે ફિલ્મ ‘કવિતા એન્ડ ટેરેસા’ નું શૂટિંગ કરી રહી છે. ‘કવિતા એન્ડ ટેરેસા’ નું નિર્દેશન સ્વિસ-ભારતીય ફિલ્મ નિર્માતા કમલ મુસલ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ ફિલ્મ મધર ટેરેસાના જીવનથી પ્રેરિત છે. આ સિવાય બનિતા શૂજિત સરકારની આગામી ફિલ્મ સરદાર ઉધમ સિંહમાં પણ જોવા મળશે.

# ઓછી આવકવાળા લોકોમાં ઉલ્લાસનો માહોલ : રાજકોટમાં લાઈટ હાઉસ આવાસ યોજનાના ફોર્મનું વિતરણ શરૂ



(જી.એન.એસ.)રાજકોટ,તા.૭

રાજકોટમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોડા દિવસ પહેલા ઇ-ખાતમુહૂર્ત કર્યુ હતું. આજે આ પ્રોજેક્ટના આવાસ માટે ફોર્મ વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. આજે ૪૫૦૦ જેટલા ફોર્મ ઉપડ્યા છે. આજે બેંકની બહાર ફોર્મ મેળવવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને લાંબી લાઈન લગાવી હતી. કોરોનાકાળમાં લોકોમાં સોશિયલ ડિસ્ટન્સના નિયમનો ઉલાળ્યો કરતા દ્રશ્યો જોવા મળ્યાં હતા. તેમજ કેટલાક લોકો માસ્ક વગર જોવા મળ્યાં હતા. લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતગર્ત આવાસ માટે આજે ફોર્મ વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. આ ફોર્મ મનપાના ૬ સિવિક સેન્ટર અને આઈસીઆઈસીઆઈ બેંકની શાખાઓ ખાતે ફોર્મ વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. ૨૨ જાન્યુઆરી સુધીમાં ફોર્મ મેળવી પરત કરવાના રહેશે.

લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત ૧૧૪૪ આવાસ બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ બનનારા ૧૧૪૪ આવાસ માટે ફોર્મ મેળવવા બેંક બહાર લોકો ઉમટી પડ્યા છે. રાજકોટ મહાનગરપાલિકા સ્માર્ટ સિટી વિસ્તારમાં ગ્લોબલ હાઉસિંગ ટેક્નોલોજી ચેલેન્જ-લાઈટ હાઉસ પ્રોજેક્ટ આવાસ યોજનાનું મોનોલિથિક પ્રકારનું બાંધકામ ટનલ ફોમવર્ક ટેક્નોલોજીના આધારે કરવામાં આવશે, જેથી આવાસ યોજનાની કામગીરી સારી અને ઝડપી બનશે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂ. ૧.૫ લાખ તેમજ રાજ્ય સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂ.૧.૫ લાખની સહાય આપવામાં આવશે. આ ઉપરાંત નવી ટેકનોલોજીના ઉપયોગ માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂ.૪.૦૦ લાખની વિશેષ ટેક્નોલોજી ઈનોવેશન ગ્રાન્ટ આપવામાં આવશે. સ્માર્ટ સિટી એરિયામાં ગ્લોબલ હાઉસિંગ ટેક્નોલોજી ચેલેન્જ-લાઈટ હાઉસ પ્રોજેક્ટ માટે રૂ. ૧૧૮ કરોડના ખર્ચે EWS-II (૪૦.૦૦ચો.મી.) પ્રકારનાં ૧૧૪૪ આવાસ (G+૧૩)નું નિર્માણ કરવામાં આવશે.

# રાજ્યમાં ટૂંક સમયમાં ૧૨ હજાર લોકરક્ષકની ભરતી થશે : પ્રદિપસિંહ જાડેજા

## આજે કરાઈ ખાતે લોકરક્ષકદળની ૧૮મી દિક્ષાંત પરેડ યોજાઈ : આવતી કાલે વડોદરા, જૂનાગઢ અને ચોકી ખાતે દિક્ષાંત પરેડ યોજાશે



(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૭

ગાંધીનગરની કરાઈ પોલીસ ટ્રેનીંગ ખાતે આજે લોકરક્ષક જવાનોનો દિક્ષાંત સમારોહ યોજાયો હતો. જેમાં બિન હથિયારી લોકરક્ષક જવાનોની દિક્ષાંત પરેડ યોજાઈ હતી. ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા અને રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયા અને અધિક મુખ્ય સચિવ પંકજ કુમારની હાજરીમાં લોકરક્ષક દળની ૧૩ મી બેચની દિક્ષાંત પરેડ યોજાઈ હતી. ત્યારે ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહે કરાઈ ખાતે લોકરક્ષક જવાનોને દીક્ષાત સમારોહમાં સોશિયલ મીડિયાના ઉપયોગને લઈને મોટી શીખ આપી હતી. તેઓએ જવાનોને કહ્યું કે, આજના સમયમાં સોશિયલ મીડિયાની નજર આપણા પર હોય છે. આ સમયે આપણું વર્તન ઉદાહરણ પુરુ પાડે તેવું હોવું જોઈએ. ગુજરાતના પોલીસ તંત્રમાં નવુ યંગ બ્લડ આવે તેવો પ્રયાસ ચાલી રહ્યો છે. આગામી દિવસોમાં ગુજરાતમાં ૧૨૦૦૦ વધુ લોકરક્ષક ભરતી કરવામાં આવશે. મુખ્યમંત્રીએ આ નિર્ણય લીધો છે આગામી દિવસોમાં પ્રક્રિયા હાથ ધરાશે. પાંચ વર્ષમાં ૫૦ હજાર કરતાં વધુ લોકરક્ષકની ભરતી કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ આ નિર્ણય લીધો છે આગામી દિવસોમાં પ્રક્રિયા હાથ ધરાશે. પાંચ વર્ષમાં ૫૦ હજાર કરતાં વધુ લોકરક્ષકની ભરતી કરવામાં આવી છે.રાજ્યમાં જુદી જુદી જગ્યાએ આજે અને આવતીકાલે દિક્ષાંત પરેડનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કરાઈ, ખલાલ, પીટીએસ, વડોદરા, પીટીસી જુનાગઢ, સોરઠ ચોકી જુનાગઢ વગેરે સ્થળોએ આજે દિક્ષાંત સમારોહ યોજાયો છે. કરાઈ ખાતે ૪૩૮ લોકરક્ષકની દિક્ષા પરેડ યોજાઈ હતી. જેમાં કુલ ૭૮૦૦ લોકરક્ષક દળની પરેડ યોજાઈ હતી.

# જામનગર નજીકના ઠેબા ચોકડી પાસેના માર્ગ પર વધુ એક જીવલેણ અકસ્માત : બેના મોત



ચક્રવાત ટીમ જામનગર,તા.૭

જામનગર નજીકના ઠેબા ચોકડી પાસેના માર્ગ પર વધુ એક જીવલેણ અકસ્માત સર્જાયો છે . જેમાં બે લોકોના સ્થળ પર જ મૃત્યુ નીપજ્યા છે . જયારે અન્ય છ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ પહોચતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે . આ બનાવના પગલે લોકોના ટોળા એકત્ર થઇ જતા પંચકોશી પોલીસે સ્થળ પર પહોચી બચાવ કાર્યવાહી હાથ ધરી છે .જામનગર નજીક પખવાડિયા પૂર્વે જામજોધપુર પંથકના ચાર યુવાનોને બોલેરોએ ચગદી નાખ્યાના બનાવની હજુ શાહી સુકાય નથી ત્યાં આ જ સ્થળ નજીક આજે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે . જેની વિગત મુજબ , આજે સવારે જામનગર નજીકના બાયપાસ રોડ પર આવેલ ઠેબા ચોકડી પાસે ઈકો અને છકડો રીક્ષા વચ્ચે ટક્કર થવા પામી હતી . જેમાં મોડપર ગામના પ્રેમજીભાઈ અને અન્ય એક વ્યક્તિનું મૃત્યુ નીપજયુ હતું . આ બનાવમાં વીજરખી ગામના આરજુબેન સલીમભાઈ મલેક ઉવ ૩૦ , નસરીમબેન રફીકભાઈ મલેક ઉવ ૨૦ અને સહનાજબેન જુનેદભાઈ બધડા ઉવ ૨૫ સહીત અન્ય છે વ્યક્તિઓને ઈજાઓ પહોચતા તાત્કાલિક ૧૦૮ માં જીજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે . જેમાના ત્રણની હાલત ગંભીર ગણાવાઈ રહી છે.

# ગુજરાતમાં લવ જેહાદના વધતા કિસ્સા સામે પગલાં લેવા ગૃહમંત્રીની જાહેરાત

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૭

અમદાવાદના વટવા વિસ્તારમાં બુધવારે લવ જેહાદનો કિસ્સો સામે આવ્યો હતો. જેમાં વિધર્મી યુવકે મહિલાને પ્રેમજાળમાં ફસાવી તેના પર દુષ્કર્મ આચર્યુ હતું. દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી પણ બનાવી હતી. મહિલા પાસે પૈસા પડાવી લીધા હોવાનો પણ આક્ષેપ કરાયો છે. આરોપી ગર્ભપાત કરાવવા પણ ધમકી આપતો હોવાથી મહિલાએ યુવક સામે ફરિયાદ નોંધાવી હતી. થોડા સમય પહેલા વાસણા વિસ્તારમાં પણ લવ જેહાદનો કિસ્સો સામે આવ્યો હતો. આવા કિસ્સાઓ અંગે રાજ્યનાં ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કડક શબ્દોમાં નિવેદન આપતા જણાવ્યું છે કે, આવી પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા માટે એક્શન લઈશુ.

લવજેહાદ અંગે ગૃહમંત્રીએ નિવેદન આપ્યું છે કે, લવજેહાદના જે કિસ્સા બની રહ્યાં છે, તેમાં આપણી પાસે જે કાયદા છે તેનાથી પૂરતા એક્શન લઈશું. આવુ કરવા માટે કોઈ પ્રેરાય નહીં અને આ પ્રમાણેનું કાંઈ કર્યું તો તેના પર પૂરતા એકશન લેવામા આવશે. જેના કારણે આ પ્રકારની પ્રક્રિયા અને પ્રવૃત્તિ પર અંકુશ લેવામાં આવે. શહેરના વટવા વિસ્તારમાં રહેતી મહિલાને વટવા વિસ્તારમાં રહેતા સરફરાઝ ખાન સાથે દોઢ વર્ષ પહેલાં ઓળખાણ થઈ હતી અને બાદમાં તેને લગ્ન કરવાની લાલચ પણ આપી હતી.

# અજબ પ્રેમ કી ગજબ કહાની : એક જ મંડપ નીચે એક વરરાજો અને બે દુલ્હન

## બસ્તરમાં એક યુવાને બે યુવતીઓ સાથે પ્રેમ થતા બંને સાથે કર્યા લગ્ન



(જી.એન.એસ.)બસ્તર,તા.૭

છત્તીસગઢમાં બસ્તર જિલ્લાના ટિકરાલોહંગામાં રહેતા એક યુવકે બે યુવતી સાથે એક જ મંડપમાં સાત ફેરા લીધા.યુવકે લગ્નની કંકોત્રીમાં બન્ને યુવતીના નામ છપાવડાવ્યા. આ લગ્ન ત્રણેય પરિવારની મંજૂરીથી કરાયા છે. લગ્નમાં સામેલ થનાર લોકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો. ટિકરાલોંહગામાં રહેતા ચંદુ મોર્યને કંરજીમાં રહેતી હસીના બધેલ અને અરંડવાલની રહેવાસી સુંદરી કશ્યપ સાથે પ્રેમ થઈ ગયો હતો.ચંદૂ બન્ને સાથે રિલેશનશીપમાં હતો આ બધાની વચ્ચે સુંદરી ગર્ભવતી થઈ. સુંદરીને ખબર હતી કે ચંદૂ હસીનાને પણ પ્રેમ કરે છે અને હસીનાને પણ ખબર હતી કે ચંદૂ સુંદરી સાથે રિલેશનશીપમાં છે.

આ બધાની વચ્ચે સુંદરીના ગર્ભવતી હોવાની જાણ ત્રણેયના પરિવારને ખબર પડી. સુંદરીના પરિવારજનોએ લગ્નનું દબાણ કર્યું. જેના પછી ચંદૂએ બન્ને યુવતી સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. ત્યારપછી ત્રણેયના પરિવારના સભ્ય પણ આ વાત માટે માની ગયા અને પછી ટિકરાલોહંગામાં જ લગ્ન કરાવ્યા.




સ્વ.દેવદાનભાઇ રવાભાઇ જીલરીયા
સ્વ.તા.૦૮-૦૧-૨૦૧૯
મંગળવાર

દ્વિતીય પુણ્યતિથિ નિમીતે
શ્રદ્ધાંજલિ

ચંદન સમુ જીવન જીવીને સુખ સૌને આપી ગયા,
ખુદ ઘસાઇને સુગંધ બની પ્રસરી ગયા,
જીવન એવું જીવી ગયા કે કદી વિસરાય નહીં,
પરમકૃપાળુ પરમાત્મા દેવતુલ્ય
આત્માને શાંતી અર્પે એ જ પ્રાર્થના

રણમલભાઇ દેવદાનભાઇ જીલરીયા
(પ્રમુખશ્રી, ડાયમંડ વર્કર યુનિયન) : મો. ૮૭૫૮૮૦૬૦૯૭
ભગવાનભાઇ દેવદાનભાઇ જીલરીયા
(પોલીસ ઈન્સપેક્ટરશ્રી, રાજકોટ) : મો. ૯૭૨૩૫૪૨૦૪૩
।। સમસ્ત જીલરીયા પરિવારના જયશ્રી કૃષ્ણ ।।


Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)